Saturday, 28 June 2025
પાના : ૮ ● કિંમત : રૂા.૩.૦૦

કેન્દ્ર શાસિત પ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવથી પ્રસિધ્ધ થતું નં.૧ દૈનિક

गते शोको न कर्तव्यो भविष्यं नैव चिन्तयेत्।
वर्तमानेन कालेन वर्तयन्ति विचक्षणाः॥




તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ

તંત્રી : મુકેશ ગોસાવી

RNI No. DDGUJ/2003/13906

દમણ કાર્યાલયઃ કલેક્ટર ઓફિસ નજીક, વીઆઈપી સર્કિટ હાઉસની સામે, ઢોલર, મોટી દમણ. Mo. 99796 19477. E-mail: vartmanpravah@gmail.com / editor.vartmanpravah@gmail.com

દમણ (VARTMAN PRAVAH, DAMAN) ● વર્ષઃ ૨૨ ● અંકઃ ૧૬૭ ● સંવત-૨૦૮૧ અષાઢ સુદ ત્રીજ ● Web: www.vartmanpravah.com vartmanpravah @VartmanPravahD

## દમણમાં જલારામ મંદિરેથી ભગવાન જગન્નાથની નિકળેલી ભવ્ય રથયાત્રા

### અષાઢી બીજના દિવસે સમગ્ર દેશ સહિત સંઘપ્રદેશમાં પણ જય જગન્નાથનો ગુંજેલો નાદઃ સંઘપ્રદેશમાં આયોજીત રથયાત્રામાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ જોડાઈને ભગવાન જગન્નાથના આશીર્વાદ લઈ અનુભવેલી ધન્યતા









**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**દમણ, તા.૨૭**

આજે અષાઢી બીજના દિવસે દમણમાં 'શ્રી જગન્નાથ રથ યાત્રા સમિતિ' દ્વારા જિલ્લામાં ભગવાન જગન્નાથજીની ૮મી રથયાત્રા કાઢવામાં આવી હતી. આ પ્રસંગે ભગવાન જગન્નાથની નગરચર્યાના રથને પ્રસ્થાન કરાવવા મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઉમટી પડ્યા હતા. વહેલી સવારે નાની દમણ ત્રણ બત્તી સ્થિત જલારામ મંદિરમાં મંગળા આરતી કર્યા બાદ ધાર્મિક અનુષ્ઠાન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ રથ પર ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને નાની બહેન સુભદ્રાને બેસાડવામાં આવ્યા હતા. ભગવાન જગન્નાથ મોટા ભાઈ બલભદ્ર અને બહેન સુભદ્રાની સાથે રથ ઉપર સવાર થઈને નગરમાં ભ્રમણ કર્યું હતું.

પ્રારંભમાં રથમાં સૌ પહેલા પહિંદ વિધિ અને આરતી કરી રથને પ્રસ્થાન કરાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે મોટી સંખ્યામાં ઉપસ્થિત ભક્તોએ 'હાથી-ઘોડા પાલખી, જય કનૈયા લાલકી'નો નાદ ગજાવ્યો હતો.

ભગવાન જગન્નાથ, બલરામ અને સુભદ્રા સાથે સંકળાયેલો હિન્દૂ તહેવાર એટલે રથયાત્રા, આમ તો દરરોજ ભક્તોએ ભગવાનના દર્શન કરવા મંદિરમાં ભગવાન પાસે જવું પડે છે, પરંતુ અષાઢી બીજના રથયાત્રાના દિવસે ભગવાન સ્વયં સામે ચાલીને પોતાના ભક્ત પાસે જાય છે, અને ભક્ત ભગવાનનો રથ ખેંચીને પોતાને ધન્યભાગી સમજે છે, જે પરંપરા અનુસાર દમણમાં ભગવાન જગન્નાથની ભવ્ય રથ યાત્રા કાઢવામાં આવી હતી.

લોકોને વિશ્વાસ છે કે, ભગવાન જગન્નાથના રથની દોરી ખેંચવાથી તમામ પાપોનો નાશ થાય છે. મનુષ્યમાં સકારાત્મક વિચારોનું સર્જન થાય છે. દમણમાં પણ ભગવાન વિષ્ણુના અવતાર જગન્નાથ પોતાના મોટા ભાઈ બલરામ અને બહેન સુભદ્રાની સાથે રથ ઉપર બિરાજમાન થઈને ભક્તોની અરજી સાંભળી હતી.

સંઘપ્રદેશ દમણમાં ભગવાન જગન્નાથજી તેમના ભાઈ-બહેન સાથે નગરયાત્રાએ નીકળ્યા હતાં. જેના દર્શન કરવા દમણના મુખ્ય રથયાત્રા રૂટ પર ભક્તોની ભીડ જોવા મળી હતી. જેમણે નગરચર્યાએ નિકળેલા ભગવાન જગન્નાથ પરિવારનો રથ ખેંચીને પુણ્યનો લહાવો પ્રાપ્ત કર્યો હતો.

દમણના તીન બત્તી સ્થિત જલારામ મંદિરેથી નીકળેલી આ રથયાત્રા સત્યનારાયણ મંદિર, નાની દમણ પોલીસ સ્ટેશન ચાર રસ્તા, ટેક્ષી સ્ટેન્ડ, બસ સ્ટેન્ડથી એકતા ઉદ્યાન થઈ જલારામ મંદિરે પરત ફરી હતી.

આ પ્રસંગે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ દમણ પ્રાંત ઈન્ચાર્જ શ્રી યોગેશભાઈ પટેલ તથા આર.એસ.એસ. અને વિશ્વ હિંદુ પરિષદના કાર્યકર્તાઓ સહિત પ્રસિદ્ધ ભાગવતાચાર્ય શ્રી ભરતભાઈ વ્યાસ, દમણના પ્રસિદ્ધ આચાર્ય શ્રી સંજય પંડિત, દમણ-દીવના પૂર્વ સાંસદ શ્રી ગોપાલ દાદા, શ્રી લાલુભાઈ પટેલ, દમણ જિ.પં.ના પૂર્વ પ્રમુખ શ્રી નવીનભાઈ પટેલ, દમણ નગરપાલિકાના પ્રમુખ શ્રી અસ્પી દમણિયા, શ્રી લખમભાઈ ટંડેલ, પ્રદેશ ભાજપ ઉપ પ્રમુખ શ્રી મહેશભાઈ આગરિયા તેમજ સર્વ સમાજના આગેવાનો અને ભાવિક ભક્તોએ રથને ખેંચીને ભગવાન જગન્નાથના આશીર્વાદ લીધા હતા અને ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે મહાપ્રસાદનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ભક્તોએ લાભ લીધો હતો. દમણમાં આયોજીત રથયાત્રાની આગેવાની ૧૦૮ કળશની સાથે મહિલાઓએ કરી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં હિન્દુ જનસમુદાયના તમામ ઉંમરના મહિલા-પુરૂષોને ભજન, ધૂન અને નૃત્ય સાથે ભગવાન શ્રી જગન્નાથના જય જયકારની સાથે પવિત્ર રથયાત્રા કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, અષાઢી બીજના દિવસે દમણ-દીવ અને સેલવાસમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું આયોજન કરવામાં આવે છે. દાદરા નગર હવેલી અને દમણમાં દેશના અલગ અલગ રાજ્યમાંથી આવેલા લોકો સ્થાયી થયા છે. જેઓ રથયાત્રાના આ આયોજન દરમ્યાન ઉત્સાહભેર જોડાયા હતા. ભક્તોએ ભગવાનના દર્શન કરી મગ સહિતનો પ્રસાદ ગ્રહણ કરી સમગ્ર દેશના લોકો નિરોગી રહે આરોગ્ય પ્રદ રહે, દેશનો વિકાસ થાય, લોકો ભાઈચારાથી રહે તેવી પ્રાર્થના કરી હતી.

## સેલવાસમાં ભગવાન જગન્નાથની બે જગ્યાએથી કાઢવામાં આવી ભવ્ય રથયાત્રા






**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૨૭**

આજે અષાઢી બીજના દિવસે સંઘપ્રદેશ દાદરા નગર હવેલીના સેલવાસમાં બે જગ્યાએથી ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલરાજ નગર યાત્રાએ નિકળ્યા હતા. આ પ્રસંગે ઉપસ્થિત અતિથિઓના હસ્તે પૂજા, અર્ચના અને આરતી કરી રથયાત્રાની શરૂઆત કરવામાં આવી હતી.

એક રથ યાત્રા જલારામ મંદિર બાવીસા ફળિયા જગન્નાથ સેવા સમિતિ દ્વારા કાઢવામાં આવી હતી. જેનું પ્રસ્થાન સેલવાસ નગરપાલિકા પ્રમુખ શ્રીમતી રજનીબેન શેટ્ટીના હસ્તે આરતી કરીને કરવામાં આવ્યું હતું અને બીજી યાત્રા બાલદેવી જગન્નાથ કલ્ચરલ સમિતિ દ્વારા કાઢવામાં આવી હતી. જેમા પ્રથમ મંગળા આરતી કરી રથયાત્રાનું પ્રસ્થાન કરવામાં આવ્યું હતું.

પહેલી રથયાત્રા બાવીસા ફળિયાથી નીકળી, કિલવણી નાકા, ઝંડા ચોક, આમલી ગાયત્રી મંદિર થઈ શહેરના વિવિધ વિસ્તારોમાંથી પસાર થઈ બાદમાં નરોલી રોડ ગુલમહોર હોલ ખાતે રોકાઈ હતી. ત્યાં સાંજે મહાપ્રસાદનું આયોજન કરાયું હતું. બીજી યાત્રા જે બાલદેવીથી નીકળી હતી એ રામદેવ મંદિર હોલ ખાતે રોકાશે. જ્યાં વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાશે. બાદમાં પરત ભગવાન જગન્નાથ, બહેન સુભદ્રા અને ભાઈ બલરાજની મૂર્તિઓને પરત બાલદેવી મંદિરમાં લઈ જવાશે. આ રથયાત્રામાં ચૂસ્ત પોલીસ બંદોબસ્ત જોવા મળ્યો હતો. વરસાદ બંધ હોવાને કારણે ભાવિક ભક્તોમાં રથયાત્રા દરમિયાન અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

'દીનદયાળ અંત્યોદય યોજના' હેઠળ 'રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન' અંતર્ગત

## સેલવાસની રાસ રિસોર્ટમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ટાઉન હોલ મીટિંગ યોજાઈ

### ટાઉન હોલ મીટિંગમાં સ્વયં સહાયતા સમૂહની બહેનો દ્વારા બનાવવામાં આવેલ ઉત્પાદનોને ચિત્ર સહિત રજૂ કરાયા, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ રાષ્ટ્રીય સ્તરે પ્રોત્સાહિત કરવા માટે આપેલું આશ્વાસન



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સેલવાસ, તા.૨૭**

સંઘપ્રદેશ દાદરા નગર હવેલી અને દમણ-દીવના પ્રશાસક શ્રી પ્રફુલભાઈ પટેલના કુશળ નેતૃત્વ અને દાનહ જિલ્લા પંચાયતના મુખ્ય કાર્યકારી અધિકારી શ્રી અરૂણ ગુપ્તાના માર્ગદર્શનમાં અને જિલ્લા વિકાસ અને આયોજન અધિકારી શ્રી પંકજ એન. પરમારની દેખરેખ હેઠળ 'દીનદયાળ અંત્યોદય યોજના' હેઠળ 'રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન' અંતર્ગત દાનહ દ્વારા જિલ્લાના નરોલી રોડ સ્થિત રાસ રિસોર્ટમાં આજે

- (વધુ પાના નં.૨ પર)






## સુવિચાર - સદ્વિચાર

સંસારમાં વિચિત્ર સંજોગો વધતા જાય છે,
સામે પક્ષે આપણે પણ ધીરજ અને સહનશીલતા વધારતા જવાની

## કવિતા

### ગુરુએ બગડેલ મનખો સુધારિયો!

ગુરુએ બગડેલ મનખો સુધારિયો !
માંહેથી કપટ કાળિંગાને મારિયો, હો જી ગુરુએ...
ગુરુના શબ્દનો લાગ્યો ઘાવ,
તેનો સીધો પડિયો દાવ, ભક્તિ કરી લ્યોને, ભાઈ...
આવો રે અવસર ફરી ફરી નહિ અલે હો જી... ગુરુએ...
સતની બાંધી લ્યો સમશેર, જુદ્ધ કરી લ્યોને ઘેર,
ગગનગઢ ઘેરી લ્યો ભાઈ...
પછી સુરતા ચાલી રે ગુરુના દેશમાં હો જી... ગુરુએ...
તનમાં કરી લ્યો તપાસ, પરગટ બોલે
આપણી પાસ, જોયો સઘળામાં વાસ,
ભાઈ પછી અસલ ઘરની ખબરું પડી હો જી... ગુરુએ...
સદ્ગુરુ સૂરજગરનો સંગ, ગુરુના નામનો લાગ્યો રંગ,
'અત્તર શાહ' ગાવે હૈ,
ઉમંગે ભાઈ ત્યારે જનમ-મરણનો ભય ટળ્યો હો જી... ગુરુએ...

- અત્તર શાહ

## આજની જોક

ભિખારી - મને ખાવા માટે કંઈક આપ દીકરા, હું ખૂબ લાચાર છું
યાર - તું મજબૂત લાગે છે તો પછી તું લાચાર કેમ છે..
ભિખારી - મારી આદતને કારણે...

## કબીર વાણી

**હરિ રસ પીયા જાણીયે, જે કબહૂ ન જાઈ ખુમાર**
**મૈમંતા ઘૂમત રહે, નાહી તન કી સાર**

**- અર્થાત-**

ભગવાન રામના પ્રેમનું અમૃત પીવાનો નશો ક્યારેય ઓછો થતો નથી. ભગવાન રામનું અમૃત પીધું છે તેની આ ઓળખ છે. પ્રેમના અમૃતથી મંત્રમુગ્ધ થયા પછી, ભક્ત દારૂડિયાની જેમ અહીં-ત્યાં ભટકવા લાગે છે. તેને પોતાના શરીરનું પણ ભાન રહેતું નથી. ભક્તિમાં ડૂબેલો વ્યક્તિ સાંસારિક સંબંધોની પરવા કરતો નથી અને તેની નજરમાં શરીરનું સ્વરૂપ તુચ્છ બની જાય છે.

## આજનો દિન વિશેષ

### રતનલાલ જોષી

રતનલાલ જોશી (૧૯૨૨-૨૦૦૬) ભારતીય સ્વતંત્રતા સેનાની, પત્રકાર, લેખક હતા. તેમનો જન્મ ૨૮ જૂન ૧૯૨૨ના રોજ બિકાનેર રાજ્યના રણના શહેર ચુરુમાં થયો હતો. જોષી ૧૮ વર્ષની ઉંમરે ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં જોડાયા હતા અને ભારત છોડો ચળવળ દરમિયાન જેલવાસ ભોગવ્યો હતો. પત્રકારત્વને કારકિર્દી તરીકે પસંદ કરીને, તેઓ મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત હરિજન સાપ્તાહિકમાં જોડાયા અને તત્કાલીન મુખ્ય સંપાદક કિશોરલાલ ભાઈ મશરુલાવા હેઠળ તાલીમ લીધી. પાછળથી, તેમણે અનેક પ્રકાશન ગૃહોમાં કામ કર્યું અને ભાઈ-બહેન, સમાજ સેવક, વીર ભૂમિ, રાજસ્થાન, રાજસ્થાન સમાજ અને કુલ લક્ષ્મી જેવા સામયિકોનું સંપાદન કર્યું. લાલ કિલ્લામાં, ક્રાંતિકારી પ્રેરણાના સ્રોત અને મૃત્યુંજય તેમના ત્રણ પ્રકાશિત પુસ્તકો છે.

ભારતની આઝાદી બાદ જોષી અનેક સંસ્થાઓ સાથે જોડાયેલા રહ્યા. તેઓ જયપુર સ્થિત સંસ્થા શહીદ મેમોરિયલ એન્ડ ફ્રીડમ ફાઈટર્સ રિસર્ચ ઈન્સ્ટીટ્યુટના સ્થાપક પ્રમુખ, ઓલ ઈન્ડિયા ફ્રીડમ ફાઈટર્સ ઓર્ગેનાઈઝેશનના સેક્રેટરી અને રાજસ્થાન ફ્રીડમ ફાઈટર્સ ઓર્ગેનાઈઝેશનના પ્રમુખ મંડળના સભ્ય હતા. તેઓ ૧૯૭૦ના દાયકાની શરૂઆતમાં ઈન્દિરા ગાંધીના નજીકના સલાહકાર હતા. ૧૯ સપ્ટેમ્બર ૨૦૦૬ના રોજ મુંબઈમાં ૮૪ વર્ષની વયે તેમનું અવસાન થયું હતું.

## આજની બાળવાર્તા : નીડર ઝાડની વાર્તા



બે ભાઈઓ એક જંગલ પાસે રહેતા હતા. આ બંનેમાં મોટો જે ભાઈ હતો તે નાના ભાઈ સાથે ખૂબ જ ખરાબ વર્તન કરતો. કારણ કે તે રોજ નાના ભાઈનું બધુ જ ખાતો હતો અને નાના ભાઈના નવા કપડાં પણ પોતે જ પહેરતો હતો. એક દિવસ મોટા ભાઈએ નક્કી કર્યુ કે તે નજીકના જંગલમાં જઈને થોડું લાકડું લાવશે જે પછીથી તે થોડા પૈસા માટે બજારમાં વેચશે.

જંગલમાં જતાં તેણે ઘણા વૃક્ષો કાપી નાંખ્યા, પછી એક પછી એક ઝાડ કાપતી વખતે તે એક જાદુઈ વૃક્ષને ઠોકર મારી.

આવી સ્થિતિમાં વૃક્ષે કહ્યું, હે મહેરબાની, કૃપા કરીને મારી ડાળીઓ ન કાપો. જો તમે મને છોડી દો, તો હું તમને સોનેરી સફરજન આપીશ. તે સમયે તે સંમત થયો, પરંતુ તેના મનમાં લોભ ઉત્પન્ન થયો. તેણે ઝાડને ધમકી આપી કે જો તે તેને વધુ સફરજન નહીં આપે તો તે આખું થડ કાપી નાખશે.

તેથી જાદુઈ વૃક્ષે મોટા ભાઈને સફરજન આપવાને બદલે તેના પર સેંકડો સોય વરસાવી. જેના કારણે મોટો ભાઈ પીડાથી જમીન પર પડીને રડવા લાગ્યો હતો.

હવે ધીમે ધીમે દિવસ પડવા લાગ્યો, જ્યારે નાનો ભાઈ ચિંતા કરવા લાગ્યો. તેથી તે તેના મોટા ભાઈની શોધમાં જંગલમાં ગયો. તેણે મોટા ભાઈને ઝાડ પાસે દર્દથી સૂતેલા જોય, જેમના શરીરને સેંકડો સોયથી વીંધેલા હતા. તેને તેના હૃદયમાં દયા આવી, તેના ભાઈ સુધી પહોંચી, તેણે ધીમે ધીમે પ્રેમથી દરેક સોય દૂર કરી.

મોટા ભાઈ આ બધું જોઈ રહ્યા હતા અને તેને પોતાની જાત પર ગુસ્સો આવી રહ્યો હતો. હવે મોટા ભાઈએ નાના ભાઈની સાથે ખરાબ વર્તન કરવા બદલ માફી માંગી અને સારું થવાનું વચન આપ્યું. ઝાડે મોટા ભાઈના હૃદયમાં પરિવર્તન જોયુ અને તેને તે બધા સોનેરી સફરજન આપ્યા જેની તેને પછીથી જરૂર હતી.

**બોધ** : આપણે આ વાર્તામાંથી શીખીએ છીએ કે વ્યક્તિએ હંમેશા દયાળુ અને નમ્ર રહેવું જોઈએ, કારણ કે આવા લોકોને હંમેશા પુરસ્કાર મળે છે.

### આ વર્ષે રથયાત્રા ૧૦ મિનિટ વહેલી શરૂ થઈ

# પ્રથમવાર ભગવાનને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું

### મંદિરના મહંત દિલીપદાસજીને ઉચ્ચ પદવી મળી છે : જગન્નાથજી મંદિરના મહંત દિલીપદાસજીને જગદગુરુની પદવી અપાઈ

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અમદાવાદ, તા.૨૭**

શહેરમાં અષાઢી બીજ એટલે જગન્નાથની રથયાત્રાનો દિવસ. આ દિવસે ભગવાન ભક્તોને દર્શન આપવા માટે નગરચર્યાએ નીકળે છે. આ એક જ દિવસ હોય છે જ્યારે ભગવાન ભક્તોને આશીર્વાદ આપવા માટે નગરચર્યાએ નીકળે છે. ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાને વધાવવા માટે ભક્તો આતુર હોય છે. ૧૪૮ વર્ષથી પારંપરિક રીતે ચાલતી રથયાત્રામાં આ વખતે ચાર ઘટનાઓ પહેલીવાર બની છે. એટલે કે, કહી શકાય કે આ વખતની રથયાત્રાની ચાર વિશેષતાઓ છે.

**આ વર્ષે યાત્રા ૧૦ મિનિટ વહેલી શરૂ થઈ :** સામાન્ય રીતે રથયાત્રા અષાઢી બીજની સવારે સાત વાગે મુખ્યમંત્રી રથયાત્રાને પ્રસ્થાન કરાવે છે. પરંતુ આ વખતની રથયાત્રા ૧૦ મિનિટ વહેલી શરૂ થઈ હતી. આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોનાની સાવરણીથી માર્ગ સાફ કરીને અમદાવાદની ૧૪૮મી રથયાત્રાનો પ્રારંભ કરાવ્યો છે.

**પહેલીવાર ધાર્મિક યાત્રામાં AIનો ઉપયોગ :** આ રથયાત્રા છે અને તે વિના વિઘ્ને પસાર થાય તે માટે અમદાવાદ પોલીસે અત્યાર સુધીનો સૌથી મોટો બંદોબસ્ત ગોઠવ્યો છે. જેમાં પોલીસ, રેપીડ એક્શન ફોર્સ તેમજ અન્ય પેરામીલેટરી ફોર્સની સાથે કુલ ૨૪ હજાર જેટલા સુરક્ષા કર્મીઓ તૈનાત રહેશે. પોલીસે સૌ પ્રથમવાર AI ટેકનોલોજીથી સજ્જ ખાસ સોફ્ટવેરનો ઉપયોગ કરીને ભીડ પર નજર રાખવાની સાથે ફાયર એલર્ટ પણ આપશે. આ ઉપરાંત, પાંચ હજારથી વધારે બોડીવોર્ન કેમેરા, ડ્રોન, જીપીએસના સાધનોની મદદ પણ લેવામાં આવશે.





**પ્રથમવાર ભગવાનને ગાર્ડ ઓફ ઓનર અપાયું :** આ વર્ષે ઈતિહાસમાં સૌપ્રથમ વખત ભગવાન જગન્નાથજીને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું છે. આજે સવારે પહિંદ વિધિ પહેલાં ગુજરાત પોલીસ દ્વારા ગાર્ડ ઓફ ઓનરનું આયોજન કરાયું હતુ. જણાવી દઈએ કે, અત્યાર સુધીમાં ક્યારેય ભગવાન જગન્નાથની રથયાત્રા પહેલાં ભગવાનને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું નહતું.

**મહંત દિલીપદાસજીને નવી પદવી અપાઈ :** આજે રથયાત્રાના પાવન પર્વમાં જગન્નાથ મંદિરના મહંત દિલીપદાસજીને ઉચ્ચ પદવી મળી છે. જગન્નાથજી મંદિરના મહંત દિલીપદાસજીને જગદગુરુની પદવી અપાઈ છે. દિલીપદાસજી મહામંડલેશ્વરમાંથી જગદગુરુ બન્યા છે. જગદગુરુ રામાનંદાચાર્ય દિલીપદેવાચાર્યના નામથી ઓળખાશે. ૧૦૦૮ મહામંડલેશ્વર મહંત દિલીપદાસજી મહારાજા હતા જે હવે નવા નામથી ઓળખાશે. આ અવસરે દેશભરના સાધુ-સંતોની હાજરીમાં આ પદવી આપવામાં આવી હતી. આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સોનાની સાવરણીથી માર્ગ સાફ કરીને અમદાવાદની ૧૪૮મી રથયાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. 'જય રણછોડ, માખણચોર'ના જયઘોષ સાથે પરંપરાગત રીતે ભગવાન જગન્નાથજી, તેમના ભાઈ બલરામજી અને બહેન સુભદ્રાજી નગરચર્યાએ નીકળ્યા છે. નોંધનીય છે કે, ગૃહમંત્રી અમિત શાહે રથયાત્રા પહેલા મંગળા આરતી કરી હતી. આ સાથે આ વર્ષે ઈતિહાસમાં સૌપ્રથમ વખત ભગવાન જગન્નાથજીને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું છે. ભક્તોમાં ચોમેર હર્ષ-ઉલ્લાસનું વાતાવરણ જોવા મળી રહ્યું છે. અમદાવાદના પોલીસતંત્રએ જડબેસલાક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવ્યું છે.


### ગુજરાતના ૧૦થી વધુ જિલ્લામાં યલો-ઑરેન્જ એલર્ટ

# હવામાન વિભાગે આગામી ૩ જુલાઈ સુધી ભારે વરસાદની આગાહી કરી

### આગામી ૧ જુલાઈ સુધી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના અમુક વિસ્તારોમાં અને ૨-૩ જુલાઈ દરમિયાન રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી છે

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**અમદાવાદ,તા.૨૭**

ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદ વરસી રહ્યો છે, ત્યારે હવામાન વિભાગે આગામી ૩ જુલાઈ સુધી ભારે વરસાદની આગાહી કરી છે. આજે (૨૭ જૂન) રાજ્યના ૨૮ જિલ્લામાં ઍલર્ટ છે. જેમાં કચ્છ, જામનગર, રાજકોટ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જૂનાગઢ જિલ્લામાં રેડ ઍલર્ટ જાહેર કર્યુ છે. જ્યારે આગામી ૧ જુલાઈ સુધી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના અમુક વિસ્તારોમાં અને ૨-૩ જુલાઈ દરમિયાન રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી છે.




હવામાન વિભાગની આગાહી મુજબ, આવતીકાલે (૨૮ જૂન) કચ્છ, બનાસકાંઠા, જામનગર, દેવભૂમિ દ્વારકામાં ઑરેન્જ ઍલર્ટ અને રાજકોટ, મોરબી, પાટણ, સાબરકાંઠા, નવસારી, વલસાડ, પોરબંદર, જૂનાગઢ, ગીર સોમનાથ જિલ્લામાં ભારે વરસાદને લઈને યલો ઍલર્ટ જાહેર કર્યુ છે. ૨૯-૩૦ જૂનની આગાહી:આગામી ૨૯-૩૦ જૂનના રોજ કચ્છ, અમરેલી, ગીરસોમનાથ, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, છોટા ઉદેપુર, નર્મદા, જૂનાગઢ, પોરબંદર જિલ્લામાં ગાજવીજ સાથે ભારેથી અતિભારે વરસાદનું ઍલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

**૧ જુલાઈની આગાહી:** ૧ જુલાઈના રોજ નવસારી, વલસાડમાં ઑરેન્જ ઍલર્ટ અને અમરેલી, ગીર સોમનાથ, ભાવનગર, નર્મદા, સુરત, તાપી, ડાંગ જિલ્લામાં યલો ઍલર્ટ જાહેર કરાયું છે.

**૨ જુલાઈની આગાહી:** આગામી ૨ જુલાઈથી રાજ્યભરમાં વરસાદનું જોર વધતું જોવા મળશે. ૨ જુલાઈએ ૨૦ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી છે. જેમાં અરવલ્લી, મહીસાગર, દાહોદ, છોટા ઉદેપુર જિલ્લામાં અતિભારે વરસાદનું ઑરેન્જ ઍલર્ટ અને કચ્છ, પાટણ, મહેસાણા, બનાસકાંઠા, સાબરકાંઠા, ગાંધીનગર, ખેડા, પંચમહાલ, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ, વલસાડ, અમરેલી, ભાવનગર જિલ્લામાં ભારે વરસાદનું હવામાન વિભાગે યલો ઍલર્ટ જાહેર કર્યું છે.

**૩ જુલાઈની આગાહી:** ૩ જુલાઈના રોજ ઉત્તર ગુજરાતમાં અતિભારે વરસાદની આગાહી છે. જેમાં બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, મહેસાણા, પાટણ જિલ્લામાં ઑરેન્જ ઍલર્ટ અને કચ્છ, સુરેન્દ્રનગર, અમદાવાદ, ગાંધીનગર, ખેડા, આણંદ, વડોદરા, પંચમહાલ, દાહોદ, છોટા ઉદેપુર, ભરૂચ, નર્મદા, સુરત, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, બોટાદ, ભાવનગર, અમરેલી જિલ્લામાં ભારે વરસાદને પગલે યલો ઍલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

### ખાડી પૂરના કારણે દર વર્ષે લાખો લોકો અસરગ્રસ્ત થાય છે

# પુર અસરગ્રસ્ત પરવત ગામની સોસાયટીમાં બેનર લાગ્યા, રાજકારણીઓએ મત માંગવા પ્રવેશવું નહી

**(સંપૂર્ણ સમાચાર સેવા)**
**સુરત,તા.૨૭**

સુરતમાં ખાડી પૂરના કારણે દર વર્ષે લાખો લોકો અસરગ્રસ્ત થાય છે અને કરોડો રૂપિયાનું નુકસાન થાય છે. આ વર્ષે પણ સુરતમાં ખાડી પૂર આવ્યા બાદ લોકોમાં રાજકારણીઓ સામે ભારે રોષ ફેલાઈ રહ્યો છે. સુરતમાં ખાડી પૂર માં લોકો પ્રભાવિત છે પરંતુ રાજકારણીઓ રાજકારણ રમીને બખેડો કરી રહ્યાં છે તેથી લોકોનો રોષ રાજકારણીઓ સામે વધી રહ્યો છે. અસરગ્રસ્ત લોકોમાં રોષ એટલી હદે વધ્યો છે કે ખાડી પુરની સમસ્યા દુર ન થાય ત્યાં સુધી પ્રવેશ કરવો નહી. આ વર્ષે પણ ખાડી પુર ની સમસ્યા આગામી પાલિકાની ચૂંટણીમાં વિષય બને તેવી શક્યતા નકારી શકાતી નથી.




સુરતની નબળી નેતાગીરી અને પાલિકા- કલેક્ટર અને સિંચાઈ વિભાગની નબળી કામગીરીના કારણે ફરી એક વખત સુરત ખાડી પુર મા ડૂબી ગયું છે. સુરતમાં ખાડી પુરને પાંચમો દિવસ છે તેમ છતાં પણ કેટલાક વિસ્તારમાં પાણીનો ભરાવો થયો છે. ખાડી પુરના કારણે લોકોને ભારે હાલાકી થઈ રહી છે તો બીજી તરફ અસરગ્રસ્તોની મદદ કરવાના બદલે રાજકારણીઓ જાહેરમાં બાખડી તમાશો કરી રહ્યાં છે જેના કારણે લોકોમાં રાજકારણીઓ પ્રત્યે તિરસ્કાર થઈ રહ્યો છે.

સુરતના ખાડી કિનારાના વિસ્તારમાં પાંચમા દિવસે પાણીનો ભરાવો થયો છે લોકો ત્રાહિમામ થઈ રહ્યાં છે અને રાજકારણીઓ મદદના નામે દેખાડો કરી રહ્યાં છે. આવા સમયે લોકો રાજકારણીઓ સામે ગુસ્સો વ્યક્ત કરી રહ્યાં છે. પર્વત ગામની એક સોસાયટીમાં બોર્ડ લાગી ગયાં છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે, જ્યાં સુધી ખાડી પુર નો નિકાલ ન આવે ત્યાં સુધી કોઈ પણ પક્ષ વાળા એ આ લાઈનમાં વોટ માંગવા આવવું નહી. જોકે, આ તો હજી એક સોસાયટીમાં બોર્ડ લાગ્યા છે પરંતુ જે રીતે લોકો વરસાદી પાણીના નિકાલ સાથે ખાડી પુરના પાણી ભરાયા છે અને રાજકારણીઓ મદદ કરવાના બદલે તમાશા કરી રહ્યાં છે તે જોતા આગામી દિવસોમાં અનેક સોસાયટીમાં પણ આવા બોર્ડ લાગી શકે છે. આ ઉપરાંત આગામી પાલિકાની ચૂંટણીમાં પણ ખાડી પુરનો મુદ્દો રાજકીય પક્ષો માટે જોખમી બની રહ્યો છે.

# માંડવીમાં વરસાદી માહોલ જામતા કચ્છીમાડુઓમાં આનંદ સર્જાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)
**કચ્છ,તા.૨૭**

કચ્છમાં નવા વર્ષ અષાઢી બીજના શુભ દિવસે વરસાદનું આગમન થયુંછે. માંડવી તાલુકાના ગ્રામ વિસ્તારમાં વરસાદી માહોલ જામ્યોછે. વરસાદી માહોલ જામતા કચ્છીમાણુઓમાં આનંદ જોવા મળ્યો છે. ધોધમાર વરસાદના કારણે બજારોમાં પાણી ભરાયા હતા. માંડવીમાં ધોધમાર વરસાદના કારણે બજારોમાં પાણી ભરાયાછે. લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો છે. કચ્છના માંડવીમાં ધોધમાર વરસાદ પડ્યો છે. માંડવીમાં ૨ ઈંચ વરસાદથી જળબંબાકાર જેવી સ્થિતી જોવા મળી છે. ભારે વરસાદના પગલે બજારોમાં પાણી ભરાતા લોકોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો છે. માંડવીના કોડાય, આસંબીયા, ગઢશીશા, શિરવા, કાઠડા સહિત ગામમાં ધોધમાર વરસાદ પડ્યો છે. આ ઉપરાંત ૪૦ તાલુકાઓમાં એક ઈંચથી વધુ અને ૧૩૩ તાલુકાઓમાં એક ઈંચ કરતાં ઓછો વરસાદ નોધાયો હોવાના અહેવાલો છે. રાજ્યનો ચાલુ મોસમનો સરેરાશ વરસાદ ૨૯.૧૩ ટકા નોધાયો છે, જેમાં સૌથી વધુ દક્ષિણ ગુજરાત ઝોનમાં ૩૧.૨૦ ટકા અને સૌથી ઓછો ઉત્તર ગુજરાત ઝોનમાં ૨૧.૫૦ ટકા વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત પૂર્વ મધ્ય ગુજરાત ઝોનમાં ૩૦.૯૩ ટકા, સૌરાષ્ટ્ર ઝોનમાં ૩૦.૩૬ ટકા અને કચ્છ ઝોનમાં ૨૩.૭ ટકા સરેરાશ વરસાદ નોધાયો છે

# ટાટા એઆઈએએ સંપત્તિ અને નિવૃત્તિ આયોજન માટે બે નવા ફંડ્સ લૉંચ કર્યાં

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**સુરત, તા.૨૭**

TATA AIA LIFE INSURANCE

ભારતની અગ્રણી જીવન વીમા કંપનીઓ પૈકીની એક ટાટા એઆઈએ લાઈફ ઈન્શ્યોરન્સ-લિંક્ડ ઈન્વેસ્ટમેન્ટ પ્રોડક્ટ્સ દ્વારા તમારી સંપત્તિમાં વધારો અને તમારા ભવિષ્યને સુરક્ષિત બનાવવા માટે એક મજબૂત તક પ્રદાન કરી રહ્યું છે. આ ન્યૂ ફંડ ઓફર (એનએફઓ) રોકાણ માટે ૨૩ જૂન, ૨૦૨૫થી ૩૦ જૂન, ૨૦૨૫ સુધી ખુલ્લો રહેશે, જે પ્રતિ યુનિટ માત્ર રૂા. ૧૦ની કિંમતે ઉપલબ્ધ છે.

ટાટા એઆઈએ લાઈફ ઈનશ્યોરન્સના યુનિટ-લિંક્ડ ઈનશ્યોરન્સ પ્લાન્સ દ્વારા રોકાણ કરવામાં આવશે, જે તમને લાઈફ ઈન્શ્યોરન્સ કવરેજની સાથે-સાથે સંપત્તિમાં વૃદ્ધિની સંભાવનાનો લાભ આપે છે.

ભારતના આર્થિક વિકાસનો મહત્તમ લાભ લેવાના ઉદ્દેશ્યની ડિઝાઈન કરાયેલા બે નવા ફંડ્સ રજૂ કરવામાં આવે છે (૧) જેઓ સંપત્તિ સર્જનની સાથે-સાથે પોતાના પરિવારનું પરિવારનું આર્થિક ભવિષ્ય સુરક્ષિત કરવા માગે છે તેમના માટે છે ટાટા એઆઈએટોપ ૨૦૦ આલ્ફા ૩૦ ઈન્ડેક્સ ફંડ. (૨) જેઓ ઈક્વિટી આધારિત વૃદ્ધિ સાથે મજબૂત નિવૃત્તિ ફંડ બનાવવાનું વિચારી રહ્યા છે તેમનામાટે - ટાટા એઆઈએટોપ ૨૦૦ આલ્ફા ૩૦ઈન્ડેક્સ પેન્શન ફંડ

તમારે શા માટે રોકાણ કરવું જોઈએ? ભારતના ઉજ્જવળ ભવિષ્યનો લાભ લો- શ્રેષ્ઠ વિકલ્પમાં રોકાણ કરો. આ ફંડ્સ નિફ્ટી ૨૦૦ આલ્ફા ૩૦ ઈન્ડેક્સ ઉપર આધારિત છે, જે એવા ૩૦ સ્ટોક પસંદ કરે છે, જેમણે માર્કેટ કરતાં વધુ રિટર્ન (આલ્ફા) આપવાનો ઈતિહાસ બતાવ્યો છે.

**(પહેલાં પાનાનું ચાલુ)**
**સેલવાસની રાસ રિસોર્ટમાં...**

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા ટાઉન હોલ મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં એન.આર.એલ.એમ. યોજના અને મહિલા ઉદ્યમી યોજના ઉપર પ્રકાશ પાડવામાં આવ્યો હતો.

પ્રાપ્ત માહિતી પ્રમાણે આંતરરાષ્ટ્રીય એમ.એસ.એમ.ઈ. દિવસ નિમિત્તે ટાઉન હોલ મીટિંગનું આયોજન સેલવાસ-નરોલી રોડ સ્થિત રાસ રિસોર્ટમાં કરવામાં આવ્યું હતું. આ મીટિંગમાં દાનહ જિલ્લા પંચાયતના જિલ્લા વિકાસ અને આયોજન અધિકારી શ્રી પંકજ એન. પરમાર, એન.આર.એલ.એમ. જિલ્લા મિશન વ્યવસ્થાપક શ્રી મધુસુદન રેડ્ડી, જિલ્લા યુવા સલાહકાર શ્રી સચિન કુમાર યાદવ, જિલ્લા માર્કેટિંગ મેનેજર શ્રીમતી નીલાક્ષી મેકવાન તથા વિવિધ બેંકોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લાની ૩૫ જેટલી સ્વયં સહાયતા સમૂહની બહેનોએ પણ ભાગ લીધો હતો.

જિલ્લા એન.આર.એલ.એમ. દ્વારા 'એન.આર.એલ.એમ. મિશન યોજના' અંતર્ગત મળતા લાભો અને સ્વયં સહાયતા સમૂહોની વિવિધ પ્રવૃત્તિઓ અને ઉત્પાદનોની પણ જાણકારી આપવામાં આવી હતી. આ ટૂંકી પ્રસ્તુતિમાં એન.આર.એલ.એમ.ની ટીમે સ્વયં સહાયતા સમૂહની બહેનો દ્વારા બનાવવામાં આવેલ ઉત્પાદનોને ચિત્ર સહિત રજૂ કરવામાં આવ્યા હતા, જેને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા રાષ્ટ્રીય સ્તરે પ્રોત્સાહિત કરવાનું આશ્વાસન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સમૂહોના ઉત્પાદનો સ્ટોલના માધ્યમથી રાસ રિસોર્ટમાં પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમના મુખ્ય અતિથિ પદે ઉપસ્થિત રહેલા રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના જનરલ મેનેજરશ્રી દ્વારા કાર્યક્રમ બાદ રખોલી ગ્રામ પંચાયતમાં સ્થિત સમૂહના ગ્રામ દુકાનની મુલાકાત કરી હતી અને જિલ્લા એન.આર.એલ.એમ. ટીમને બેંક ઓફ ઈન્ડિયા દ્વારા આવતા દિવસોમાં ખરીદી કરવાનું પણ આશ્વાસન આપવામાં આવ્યું હતું.

અત્રે લઘુ પ્રસ્તુતિની સાથે સાથે રખોલી ગ્રામ પંચાયતની 'શ્રી સાવિત્રી સ્વયં સહાયતા સમૂહ' તરફથી શ્રીમતી અંકિતાબેન વળવી અને નરોલી ગ્રામ પંચાયત તરફથી 'ત્રિવેણી મહિલા મંડળ'ની દુકાન શ્રીમતી અમ્બુબેન ચલાવે છે. જેમણે તેમના જીવનનો સંઘર્ષ અને સમૂહ સાથે જોડાયા બાદ મળેલી સફળતાઓ વિશે જણાવ્યું હતું.

# ECI એ શરૂઆતમાં 345 RUPP એ ડિલિસ્ટ કરવાની કાર્યવાહી શરૂ કરી



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**દમણ, તા.૨૭**

ભારતના ચૂંટણી પંચ (ECI) એ મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી જ્ઞાનેશ કુમારની અધ્યક્ષતામાં ચૂંટણી કમિશનર ડૉ. સુખબીર સિંહ સંધુ અને ડૉ. વિવેક જોશી સાથે મળીને ૩૪૫ નોંધાયેલા અમાન્ય રાજકીય પક્ષો (RUPPs) ને યાદીમાંથી બહાર કાઢવાની કાર્યવાહી શરૂ કરી દીધી છે. જે ૨૦૧૯ થી છેલ્લા છ વર્ષથી એક પણ ચૂંટણી લડવાની આવશ્યક શરત પૂરી કરવામાં નિષ્ફળ ગયા છે અને આ પક્ષોના કાર્યાલયો ક્યાંય પણ સ્થિત નથી. આ ૩૪૫ RUPPs દેશભરના વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાંથી છે.

કમિશનના ધ્યાનમાં આવ્યું છે કે હાલમાં ECI સાથે નોંધાયેલા 2800 થી વધુ RUPPs માંથી ઘણા RUPPs તરીકે ચાલુ રાખવા માટે જરૂરી આવશ્યક શરતો પૂર્ણ કરવામાં નિષ્ફળ ગયા છે. આમ, ECI દ્વારા આવા RUPPs ને ઓળખવા માટે રાષ્ટ્રવ્યાપી કવાયત હાથ ધરવામાં આવી હતી અને અત્યાર સુધીમાં આવા 345 RUPPs ને ઓળખી કાઢવામાં આવ્યા છે. કોઈપણ પક્ષને આરોગ્ય રીતે સૂચિબદ્ધ ન કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા માટે, સંબંધિત રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોના CEO ને આવા RUPPs ને કારણ બતાવો નોટિસ જારી કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે, જેના પછી, આ પક્ષોને સંબંધિત CEO દ્વારા તક આપવામાં આવશે. કોઈપણ RUPP ને સૂચિબદ્ધ કરવા અંગેનો અંતિમ નિર્ણય ભારતના ચૂંટણી પંચ દ્વારા લેવામાં આવશે.

# પારડીના રોહિણા ખાતે વલસાડ જિલ્લા વિકાસ અધિકારી અતિરાગ ચપલોતના હસ્તે શાળા પ્રવેશોત્સવ યોજાયો





(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**વલસાડ, તા.૨૭**

કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ-૨૦૨૫ અંતર્ગત વલસાડ જિલ્લામાં પારડી તાલુકામાં રોહિણા મુખ્ય પ્રાથમિક શાળામાં વલસાડ જિલ્લા વિકાસ અધિકારીશ્રી અતિરાગ ચપલોતની અધ્યક્ષતામાં શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. રોહિણા મુખ્ય પ્રાથમિક શાળામાં આંગણવાડીમાં ૪, બાલવાટિકામાં ૧૫ અને છઠ્ઠા ધોરણમાં ૧૫ મળી કુલ ૨૬ વિદ્યાર્થીઓનો શાળા પ્રવેશોત્સવ ઉજવાયો હતો.

પ્રાથમિક શાળામાં આંગણવાડીમાં ૨ કુમાર અને ૨ કન્યા, બાલવાટિકામાં ૬ કુમાર અને ૯ કન્યા તેમજ ધોરણ ૬માં ૩ કુમાર અને ૪ કન્યા મળી કુલ ૨૬ વિદ્યાર્થીઓને શાળા પ્રવેશ આપવામાં આવ્યો હતો.

આ પ્રસંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ કહ્યું હતું કે, બાળકોના સારા ભવિષ્ય માટે શિક્ષકોની સાથે સાથે વાલીઓએ પણ બાળકોના શિક્ષણ પ્રત્યે સજાગ રહેવું જોઈએ. દરેક એકમ કસોટીમાં મન લગાવીને મહેનત કરી પોતાની આંતરિક ક્ષમતા વધારવી જોઈએ.

જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ શાળા પરિસર, વર્ગખંડ, મધ્યાહન ભોજન વ્યવસ્થા તેમજ શાળાના નવા બની રહેલા વર્ગખંડોની મુલાકાત કરી જાત નિરીક્ષણ કર્યું હતું. મુલાકાત દરમિયાન તેમણે વિદ્યાર્થીઓની શૈક્ષણિક ક્ષમતા ચકાસી હતી. શાળાની શાળા વ્યવસ્થાપન સમિતિ સાથે બેઠક કરી સમિતિ સભ્યોના મંતવ્યો જાણ્યા હતા અને બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે જરૂરી સૂચનાઓ આપી હતી. શાળાના તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં બીઆરસી, સરપંચ, શાળાના આચાર્ય, શાળાના શિક્ષકો, શાળા વ્યવસ્થાપન સમિતિના સભ્યો, ગ્રામ પંચાયતના સભ્યો, વાલીઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુંદલાવ પ્રાથમિક શાળા ખાતે શાળા પ્રવેશોત્સવ યોજાયો



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**વલસાડ, તા.૨૭**

તા. ૨૬/૬/૨૦૨૫ને ગુરૂવારના રોજ ૧૨.૦૦ કલાકે ગુંદલાવ પ્રાથમિક શાળા ખાતે કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૫-૨૬નું આયોજન કરવામા આવ્યું હતું.

વલસાડના ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલ, ગુંદલાવ ગામના સરપંચ શ્રી નીતિનભાઈ પટેલ, શાળાના આચાર્ય શ્રી રાજેશભાઈ પટેલ, ડેપ્યુટી સરપંચ શ્રી વિનોદભાઈ પટેલ, એસએમસી અધ્યક્ષ શ્રી જીતેન્દ્રભાઈ પટેલ, દાતા શ્રી વિકાસભાઈ યાદવ અને ટેકનોગિયરના ઓનર શ્રીમતી આશાબેન કંસારા, એસએમસી સભ્યો, ગામ પંચાયતના સભ્યો તેમજ ગ્રામજનો, વાલીઓ મોટી સંખ્યામાં આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતાં.

સૌપ્રથમ માતાજીના મંદિરમાં દીપ પ્રાગટ્ય દ્વારા પ્રવેશોત્સવની શરૂઆત કરવામાં આવી. શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા સુંદર પ્રાર્થના સ્વાગત રજૂ થયા. આમંત્રિત મહેમાનોનું બુકે અને પુસ્તક દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ આંગણવાડીના બાળકોને આકર્ષક કીટ અને રમકડા આપી પ્રવેશ અપાવવામાં આવ્યો હતો.

ત્યારબાદ ગુંદલાવ પ્રાથમિક શાળાના બાલવાટિકાના ૩૯ જેટલા બાળકોને કીટ અને સ્કૂલબેગ આપીને પ્રવેશ અપાવવામાં આવ્યો હતો. ત્યારબાદ ધોરણ ૧ ના ૧૨ જેટલા બાળકોને કીટ આપી પ્રવેશ અપાવવામાં આવ્યો હતો. ત્યારબાદ ધોરણ ૬માં અન્ય શાળામાંથી આવેલ હોય એવા ૧૬ જેટલા બાળકોને કીટ આપી પ્રવેશ અપાવવામાં આવ્યો હતો. ત્યારબાદ ગત વર્ષે ધોરણ ૩થી ૮માં પ્રથમ નંબરે પાસ થયેલા તમામ બાળકોને પ્રોત્સાહન ઈનામ આપવામાં આવ્યું હતું.

ગુંદલાવ પ્રાથમિક શાળાની એક વિદ્યાર્થીનીએ પર્યાવરણ બચાવો અંતર્ગત પોતાની સુંદર અભિવ્યક્તિ રજૂ કરી હતી. શાળાને દાન આપનાર એવા ટેક્નોગિયરના ઓનર શ્રીમતી આશાબેન કંસારા તથા શ્રી વિકાસભાઈ યાદવ આ બંને દાતાઓનું મુખ્ય મહેમાન ધારાસભ્ય શ્રી ભરતભાઈ પટેલ દ્વારા સન્માન પત્ર આપીને સન્માન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વાલીઓ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. ત્યારબાદ શાળાના મેદાનમાં સરગવાના છોડનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શાળાની નવી રચાયેલી સ્કૂલ મેનેજમેન્ટ કમિટી સાથે મુખ્ય મહેમાન શ્રી ભરતભાઈ પટેલ (ધારાસભ્ય શ્રી વલસાડ) દ્વારા બેઠક કરી વાર્તાલાપ કરવામાં આવ્યો અને શાળાની વિઝીટ બુકમાં શાળા વિશે સુંદર પ્રતિભાવો આપ્યા હતા.

આમ ગુંદલાવ પ્રાથમિક શાળાના નયનરમ્ય વાતાવરણમાં આજનો ૨૦૨૫-૨૬નો કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ રંગેચંગે ઉજવાયો હતો.

# શ્રી સ્વામિનારાયણ હાઈસ્કૂલ સલવાવ (ગ્રાન્ટેડ) શાળામાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરાઈ




(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)
**વાપી, તા.૨૭**

શ્રી સ્વામિનારાયણ શિક્ષણ સેવા કેન્દ્ર, સલવાવ સંચાલિત શ્રી સ્વામિનારાયણ હાઈસ્કૂલ સલવાવ (ગ્રાન્ટેડ) માં તારીખ ૨૭ જૂન ૨૦૨૫ શુક્રવારના રોજ સરકારના દિશા નિર્દેશ અનુસાર સંસ્થાના મેનેજીંગ ટ્રષ્ટિ પૂજ્ય કપિલ સ્વામીજી અને શાળાના આચાર્યા દક્ષાબેન આર. પટેલના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી. જેમાં લેબર સ્કિલ ડેવલપમેન્ટ અને એમ્પ્લોયમેન્ટ ડિપાર્ટમેન્ટ સચિવાલય ગાંધીનગરના અધિકારી તેજસભાઈ તેમજ લાયઝન અધિકારી હેમાક્ષીબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના ધોરણ ૯ ના વિદ્યાર્થીઓ રિમઝીમ અને જસ્મીન દ્વારા કરવામાં આવ્યું હતુ. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. આ પ્રસંગને અનુરૂપ ધોરણ નવની વિદ્યાર્થીની આયુષી સવાણીએ બેટી બચાવો અને મહેક પોપાણીયાએ વૃક્ષારોપણ વિષય પર સુંદર વક્તવ્ય રજૂ કર્યું હતું. આ અવસરે શાળાના તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ ધોરણ: ૯ના વિદ્યાર્થીઓને વિધિવત પ્રવેશ આપી સન્માન કરવામાં આવ્યું હતુ. ઉપસ્થિત સૌને સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી પૂજ્ય કપિલ સ્વામીજીએ આશીર્વાદ પાઠવ્યા હતા.

આ અવસરે મહાનુભાવોએ શિક્ષણને અનુરૂપ પોતાના વિચારો રજૂ કર્યા હતા. કન્યા કેળવણી અને પ્રવેશોત્સવ નિમત્તે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે શાળા પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતુ. અંતમાં શાળાના આચાર્યા શ્રીમતી દક્ષાબેન પટેલે આભાર વ્યક્ત કર્યો હતો. સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી પૂજ્ય કપિલ સ્વામીજી, એકેડમીક ડાયરેટર ડૉ.શૈલેષ લુહાર અને એડમીન ડાયરેક્ટર હિતેન ઉપાધ્યાય તેમજ શાળાના તમામ વિભાગના આચાર્યોએ હાજર રહી નવા પ્રવેશેલા વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી.

# પારડી ખાતે સરકારી આયુર્વેદ દવાખાના દ્વારા વરિષ્ઠ નાગરિકો માટે કેમ્પ યોજાયો




(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**વલસાડ, તા.૨૭**

રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા પ્રેરિત અને નિયામક શ્રી આયુષની કચેરી દ્વારા સંચાલિત તથા વલસાડ જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ ''સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતામુક્ત ગુજરાત'' અભિયાન હેઠળ પારડીના સરકારી આયુર્વેદીક દવાખાનું દ્વારા અને વરિષ્ઠ નાગરિક મંડળ પારડીના સહયોગથી જેરિયાટ્રીક (વયસ્ક લોકો માટે) કેમ્પનું આયોજન પારડીના ધીરુભાઈ મેરેજ હોલ ખાતે કરવામાં આવ્યું હતું.

આ કેમ્પમાં મેડિકલ ઓફિસર ડૉ.હેમિલભાઈ ડી. પટેલ અને ડૉ. સૃજલ પટેલ દ્વારા ૭૪ દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. જેઓને વિવિધ રોગોની પરેજી તેમજ બદલાતી જતી શરદ, ગ્રીષ્મ, હેમંત, વર્ષા, વસંત અને શિશિર ઋતુમાં સ્વસ્થ રહેવા માટે શરીરનું કેવી રીતે ધ્યાન રાખવું, ડાયાબિટીસ, હાઈપરટેન્શન, સાંધાના વા, પાચન તંત્રના રોગો વગેરે સામે રક્ષણ મેળવવા કેવી રીતે પરેજી રાખવી તે બાબતની માહિતી આપતા સાહિત્યનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. આ સિવાય ૫૭ લાભાર્થીને રોગપ્રતિકારક સંશમની વટી ટેબલ્ટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કેમ્પને સફળ બનાવવા માટે વરિષ્ઠ નાગરિક મંડળના શ્રી એન.કે.દેસાઈ તેમજ પારડી સરકારી આયુર્વેદિક દવાખાનાના સેવક શ્રી કમલેશભાઈ પટેલે જહેમત ઉઠાવી હતી.

# ઉમરગામના ઝરોલી ખાતે રાષ્ટ્રીય પ્રાકૃતિક ખેતી મિશન તાલીમ કાર્યક્રમ યોજાયો

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)

**વલસાડ, તા.૨૭:** રાષ્ટ્રીય પ્રાકૃતિક ખેતી મિશન અંતર્ગત વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના ઝરોલી ખાતે તાલીમ કાર્યક્રમનું




આયોજન કરવામાં આવ્યું હતું. ઉમરગામ તાલુકામાં સમૃધ્ધ પ્રાકૃતિક ખેતી કરતા અને જંગલ મોડલ ફાર્મ ધરાવતા પ્રગતિશીલ ખેડૂત હસમુખભાઈ પટેલે કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા ખેડૂતોને પ્રાકૃતિક ખેતી કરવાથી ખર્ચ ઘટવાના ફાયદા તથા માનવ જીવનમાં તંદુરસ્ત રહેવાના ફાયદા સમજાવ્યા હતા. પોતાને ત્યાં તૈયાર કરવામાં આવેલું જીવામૃત તથા ઘનજીવામૃત હાજર સ્ટોકમાં ખેડૂતોને મળી રહેશે એમ જણાવ્યું હતું. આ સિવાય પાક સુરક્ષા વધારવા જીવાતને નિયંત્રણમાં લાવવું જરૂરી છે તે અંગે માર્ગદર્શન આપ્યું હતું. વધુમાં તેમણે પ્રાકૃતિકના પાંચ વ્યાયામોની પણ વિસ્તૃત માહિતી આપી હતી.

# ધરમપુરના ખાંડા ગામની શાળામાં કન્યા કેળવણી- શાળા પ્રવેશોત્સવ ઉજવાયો




(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**વલસાડ, તા.૨૭**

રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ અને નિયામકશ્રી, આયુષ કચેરી ગાંધીનગરની પ્રેરણાથી વલસાડ જિલ્લા આયુર્વેદ અધિકારીશ્રી માર્ગદર્શન હેઠળ ધરમપુર તાલુકાના ખાંડા ગામની પ્રાથમિક શાળામાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ ઉજવવામાં આવ્યો હતો. જેમાં સરકારી આયુર્વેદ દવાખાનું ખાંડા દ્વારા ડૉ.ભાવિન આર. ચૌધરી દ્વારા આયુર્વેદીય ઔષધી રોપાનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ વર્ષાઋતુમાં થતા રોગોથી કેવી રીતે બચી શકાય તેની સમજણ આપી પેમ્ફલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા પંચાયતના સભ્ય નિર્મળા કેશવ જાદવ, આંબાતલાટ કેન્દ્રના સીઆરસી કો-ઓર્ડિનેટર ધર્મિષ્ઠા પટેલ, ખાંડા પ્રાથમિક શાળાના આચાર્યશ્રી હિરલબેન બી લાડ, SMC કમિટીના અધ્યક્ષ દિલીપભાઈ ભૂરકુંડ, સરપંચશ્રી જેસંગભાઈ કે. ચૌધરી, માજી સરપંચ વિષ્ણુભાઈ ગાયકવાડ, હરિભાઈ બી ગાંવિત તેમજ શિક્ષણ ગણ હાજર રહ્યા હતા.

# વલસાડ જિલ્લા પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એડવાઈઝરી કમીટિની મીટિંગ મળી

(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**વલસાડ, તા.૨૭**

વલસાડ મેડિકલ કોલેજના કેમ્પસમાં સ્થિત મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીની કચેરી ખાતે પીસી એન્ડ પીએનડીટી એક્ટ ૧૯૯૪ અન્વયે જિલ્લા એડવાઈઝરી કમિટીની મીટિંગ કમિટીના ચેરપર્સન શ્રીમતી પૂર્વીબેન રાઠોડના અધ્યક્ષસ્થાને મળી હતી.

આ મીટિંગમાં ગત તા.૨૧/૦૫/૨૦૨૫ના રોજ મળેલી મીટિંગની મિનિટ્સને બહાલી આપવામાં આવી હતી. આ સિવાય રીન્યુઅલ રજિસ્ટ્રેશન માટે આવેલી અરજીઓની ચકાસણી કરવામાં આવી હતી. પીસી એન્ડ પીએનડીટી એક્ટ હેઠળ જમા થતી રજિસ્ટ્રેશન ફીની નાણાકીય સમીક્ષા અને વર્ષ ૨૦૨૪-૨૫ના ક્રોસ વેરીફિકેશન રિપોર્ટની સમીક્ષા કરવામાં આવી હતી. ત્યારબાદ અધ્યક્ષસ્થાનેથી રજૂ થતાં કામોની ચર્ચા કરવામાં આવી હતી.

આ મીટિંગમાં ઈન્ચાર્જ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ.એ.કે.સિંઘ, ગાયનેકોલોજિસ્ટ ડૉ. તરૂણ રાઠોડ, પિડિયાટ્રીશીયન, જી.એમ.આર.એસ. મેડિકલ કોલેજના માઈક્રોબાયોલોજીસ્ટ, તેમજ સરકારી વકીલ સહિત કમિટીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. પીસી એન્ડ પીએનડીટીના પ્રોગામ આસિસ્ટન્ટ પાર્થસિંહ રાવરાણા ઉપસ્થિત રહ્યા હતા.

# ઉમરગામના ખતલવાડામાં મહિલાલક્ષી કાયદાકીય માર્ગદર્શન શિબિર યોજાઈ



(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)
**વલસાડ, તા.૨૭**

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના ખતલવાડા ખાતે શ્રી ગાયત્રી શક્તિપીઠ મંદિરના હોલમાં મહિલાઓની ઘરેલું હિંસાથી સ્રીઓને રક્ષણ અધિનિયમ-૨૦૦૫ અંતર્ગત કાયદાકીય માર્ગદર્શન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી શ્વેતાબેન આર દેસાઈ દ્વારા મહિલા અને બાળ વિકાસ વિભાગની મહિલાલક્ષી વિવિધ યોજનાકીય માહિતી આપવામાં આવી હતી. દહેજ પ્રતિબંધક સહરક્ષણ અધિકારીશ્રી કમલેશ ગીરાસેએ ઘરેલું હિંસા અધિનિયમ-૨૦૦૫ અંતર્ગત વિગતવાર માહિતી આપી વિવિધ પ્રકારની હિંસા વિશે સમજણ આપી હતી. ઉમરગામના વકીલ હેતલ નાયકે મહિલાઓના કાયદાઓની વિગતવાર માહિતી આપી હતી. ''સખી'' વન સ્ટોપ સેન્ટર વલસાડના કાઉન્સિલર સુલોચના ગામિત દ્વારા ''સખી'' વન સ્ટોપ સેન્ટરની કામગીરીનો પરીચય આપવામાં આવ્યો હતો. પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર વલસાડના કાઉન્સેલર નેહા પટેલ દ્વારા પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટરની કામગીરી વિશે માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં મેસેન્જર બેગ અને યોજનાકીય પેમ્પલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સરપંચશ્રી, ગામના સભ્યશ્રીઓ, ગામના ભાઈઓ અને મહિલાઓ, ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વીમેનના કર્મચારીઓ, પોલીસ સ્ટેશન બેઈઝડ સપોર્ટ સેન્ટર વાપી સ્ટાફ, સખી વન સ્ટોપ સેન્ટર વલસાડના કર્મચારીઓ વિવિધલક્ષી મહિલા કલ્યાણ કેન્દ્ર-ઉમરગામના કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# જે પોતે સાંસારિક માયાના બંધનોમાં બંધાયેલો છે તે અન્ય વ્યક્તિને મુક્ત કરી શકતો નથી..

## વર્તમાન પ્રવાહ
## તંત્રી લેખ

# ગ્રામ પંચાયત સહિતની કોઈપણ ચૂંટણીમાં જીતેલા ઉમેદવારોએ પરાજીત ઉમેદવારોને પણ સન્માનપૂર્વક સાથે રાખીને લોકોની સેવા કરવાની છે, એ ભૂલાય નહીં

**ગ**ત બુધ તા.૨૫મી જૂનના રોજ ગુજરાતની ગ્રામ પંચાયતોની ચૂંટણીની મતગણતરી થયા પછી પરિણામો આવ્યા છે. ગામેગામ વિજયોત્સવો મનાવાઈ રહ્યા છે, અને વિજેતા પેનલો તથા સરપંચો મતદારોનો આભાર માનીને તેમણે કરેલા વાયદાઓ પૂરા કરવાના વચનો આપી રહ્યા છે.

સરપંચો તથા ગ્રામ પંચાયતોના સભ્યોની ચૂંટણી પક્ષીય ધોરણે લડાતી નથી, પરંતુ રાજકીય પક્ષો પોતાની વિચારધારા ધરાવતા સરપંચો અને સભ્યો વધુ ચૂંટાયા હોવાના દાવાઓ કરતા હોય છે, અને તેવું જ કંઈક આ વખતે થઈ રહ્યું છે. આ પહેલા ઘણી ગ્રામ પંચાયતો સમરસ થઈ છે, અને ઘણાં સરપંચો અને સભ્યો બિનહરીફ પણ થયા છે. હવે જ્યાં ચૂંટણી થઈ હતી, ત્યાં પરિણામો આવી ગયા પછી ચૂંટણીમાં થયેલી સ્પર્ધા પછી આવેલા જનાદેશને સ્વીકારીને બધાએ ગામના વિકાસ અને લોકકલ્યાણના કામે લાગી જવાનું છે, તથા મતદાન પ્રક્રિયા દરમ્યાન કે તેના સંદર્ભે કોઈ નાનીમોટી રકઝક કે ખેંચતાણ થઈ હોય તો ભૂલીને સૌ કોઈએ સાથે મળીને ગ્રામસેવા અને જનસેવામાં લાગી જવાનું છે., કારણ કે ચૂંટણી લડવાનો ઉદેશ્ય પણ ગ્રામસેવા તથા જનસેવાનો જ હોય છે. હવે, જીતેલા ઉમેદવારોએ પરાજીત ઉમેદવારોને પણ સન્માનપૂર્વક સાથે રાખીને લોકોની સેવા કરવાની છે, એ ભૂલાય નહીં.



હાલમાં જ ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની પહેલી ક્રિકેટ ટેસ્ટ મેચ સંપન્ન થઈ ગઈ અને ભારતીય ટીમનો પરાજય થયો છે. મોટાભાગના સિનિયર ખેલાડીઓની ગેરહાજરીમાં કેટલાક સિનિયર અને કેટલાક નવા ચહેરાઓના સંયોજન છતાં ટીમ ઈન્ડિયાના ખેલાડીઓએ એકંદરે ઉત્કૃષ્ટ દેખાવ કર્યો અને સદીઓની જાણે હોડ લાગી હોય, તેમ બંને ટીમોના ખેલાડીઓએ સેન્ચ્યુરી ફટકારી, તેથી ક્રિકેટ રસીયાઓને ભરપૂર મનોરંજન મળ્યું. ભારતે તેમની ફિલ્ડીંગમાં વિશેષ સુધારા કરવાની જરૂર છે, તથા કેપ્ટનશીપમાં શુભમન ગીલને વધુ અનુભવની જરૂરિયાત હોવાના તારણો પણ નીકળી રહ્યા છે. આ ક્રિકેટ મેચ પૂરી થયા પછી જે રીતે જીતેલી ટીમે હારેલી ટીમ સાથે સન્માનભર્યો વ્યવહાર કર્યો અને ટીમ ઈન્ડિયાએ ઈંગ્લેન્ડની ટીમને અભિનંદન આપ્યા, તે દ્દશ્યો ક્રિકેટ રસીયાઓએ જોયા જ હશે.

લગભગ દરેક ક્રિકેટ મેચ પછી આ જ રીતે હારેલી ટીમો તથા જીતેલી ટીમો પરસ્પર આદર બતાવતા હોય છે અને બંને ટીમોના મેદાન પર રહેલા ખેલાડીઓ વ્યક્તિગત રીતે પણ પરસ્પર ભેટી પડતા હોય છે, તેવી જ ખેલદીલી ગ્રામ પંચાયતો કે અન્ય કોઈપણ ચૂંટણીઓના પરિણામો આવ્યા પછી દરેક જીતેલા અને હારેલા ઉમેદવારો પણ બતાવતા હોય જ હોય છે, પરંતુ ઘણી વખત સ્થાનિક ચૂંટણીઓના કારણે વેરઝેર ઊભા થવાની ક્ષુલ્લક ઘટનાઓ પણ બનતી હોય છે, જો કે, એ પ્રકારની ચૂંટણીના વેરઝેરની માનસિકતા હવે ધીમેધીમે ઘણી જ ઘટવા લાગી છે અને ચૂંટણીઓ પછી ગ્રામ વિકાસના કામે તમામ લોકો સાથે મળીને લાગી જતા હોય છે, જે આપણાં દેશની લોકતાંત્રિક સંસ્કૃતિને વધુ ને વધુ સુદ્દઢ બનાવે છે. એ ચૂંટાયેલા ઉમેદવારો ગ્રામસેવા તથા પંચાયતોના વહીવટમાં હારેલા ઉમેદવારો સહિત તમામ લોકોને સહભાગી બનાવશે, તેવું ઈચ્છીએ. આ જ પ્રકારની આશા ગુજરાત વિધાનસભાની બે બેઠકોની પેટા ચૂંટણીના પરિણામો આવ્યા પછી રાજકીય પક્ષો તથા ઉમેદવારો પાસેથી લોકો રાખે છે. મતદારોએ આપેલો જનાદેશ માથે ચડાવીને હવે આગળ વધવાનું છે. કડીની બેઠક ભાજપે જીતી, તે અપેક્ષિત હતુ, પરંતુ વિસાવદરની બેઠક પર આમઆદમી પાર્ટીના ઉમેદવાર જીત્યા, તેથી કોંગ્રેસને ઝટકો લાગ્યો છે. પૂર્વ મુખ્યમંત્રી કેશુબાપા પછી આ બેઠક પર વિપક્ષના ઉમેદવારો જીતતા હતા, પરંતુ ભાજપ પ્રેરિત 'ઓપરેશન લોટસ' અથવા 'ઓપરેશન કમળ' ચલાવીને ચૂંટાયેલા વિપક્ષ ધારાસભ્યોને રાજીનામા અપાવીને ખેલ ખેલ્યો, તે મતદારોને પસંદ નથી આવ્યું, તેવા તારણો વિશ્લેષકો કાઢી રહ્યા છે. જો કે, આ બેઠક પર પેટા ચૂંટણી પ્રચાર સમયે જ આંતરિક ખેંચતાણ તથા ત્રિપાંખીયા જંગને કારણે ભાજપને જનાદેશ મળવાનો નથી, તેવા અંદાજો થવા લાગ્યા હતા, પરંતુ તેનો લાભ 'આપ'ને મળ્યો જે કોંગ્રેસ માટે ખૂબ જ મોટો ઝટકો છે, કારણ કે હવે ગુજરાતમાં સ્થાનિક અને વિધાનસભાની ચૂંટણીઓમાં મુખ્ય મુકાબલો ભાજપ અને આમઆદમી પાર્ટી વચ્ચે જ થવાનો છે, તેવી ભવિષ્યવાણી અરવિંદ કેજરીવાલે કરી દીધી છે..!

**એક** દિવસ એક રાજાએ પોતાની રાજસભાના રાજપંડિત કે જે ઘણા જ વિદ્વાન અને ધર્મશાસ્ત્રોના જ્ઞાતા હતા તેમને બોલાવ્યા અને તેમને કડક શબ્દોમાં આદેશ આપ્યો કે રાજા પરીક્ષિતે શુકદેવજીના મુખથી શ્રીમદ્ ભાગવત કથા સાંભળીને ફક્ત સાત દિવસમાં મોક્ષ પ્રાપ્ત કર્યો હતો. આપ મને પણ તેવી જ રીતે તમામ બંધનોમાંથી મુક્ત કરી એક મહિનામાં મારો મોક્ષ થાય તેવું કરો અને જો આપ તેમ નહીં કરો તો હું તમારી તમામ સંપત્તિ જપ્ત કરીશ અને તમોને મૃત્યુદંડની સજા આપીશ. રાજાનો આવો આદેશ મળતાં રાજપંડિત ઘણા ચિંતામાં મુકાઈ ગયા અને ચિંતામાંને ચિંતામાં ભોજન લઈ શકતા નથી કે ઉંઘી પણ શકતા નથી, દિવસે દિવસે તેમનો તનાવ વધતો જાય છે.

એક દિવસ સંયોગથી રાજપંડિત સમગ્ર પરિવાર સાથે ભોજન કરવા બેઠા હતા ત્યારે તેમનો એક દિકરો કે જે ક્યારેક જ બધા સાથે ભેગો ભોજન લેતો હતો અને રાજપંડિતને પણ ક્યારેક જ મળતો હતો તે પોતાના પિતા તરફ જોઈને વિચારે છે કે મારા પિતા ઘણા ઉદાસ લાગે છે તેથી તેમની ઉદાસીનું કારણ પુછે છે, પરંતુ પિતા કશું બોલતા નથી. કેમકે રાજપંડિતને તેમના પ્રશ્નના જવાબની આ પુત્ર પાસે અપેક્ષા નહોતી, આમ હોવા છતાં તેમની પત્નીએ તેમની ઉદાસીનું કારણ પુત્રને જણાવે છે. પિતાની ઉદાસીનું કારણ જાણીને તે બિલ્કુલ વિચલિત થતો નથી અને શાંતિથી પોતાના પિતાને કહે છે કે પિતાજી! આપ ચિંતા ન કરશો અને કાલે રાજસભામાં જઈને કહેજો કે રાજા મને પોતાનો ગુરૂ બનાવે અને મારા આદેશ-ઉપદેશનું અક્ષરશઃ પાલન કરે.

રાજપુરોહિતે વિચાર્યું કે મારો દિકરો મને બચાવવા કોઈ તરકીબ વિચારતો હશે એટલે તેઓ પોતાના દિકરાને રાજા પાસે લઈ જાય છે અને રાજાને પોતાના પુત્રના પ્રસ્તાવ વિશે જણાવે છે. રાજા માની જાય છે અને બીજા દિવસે રાજપુરોહિત પોતાના પુત્રને રાજ દરબારમાં પોતાની સાથે લઈ જાય છે. તમામ પ્રકારના બંધનોથી મુક્ત થવા માટે રાજાએ રાજપુરોહિતના પુત્રને પોતાના ગુરૂ તરીકે સ્વીકાર કર્યો અને તેમના તરફથી આપવામાં આવનાર આદેશ-ઉપદેશની પ્રતિક્ષા કરવા ગુરૂના શ્રીચરણોમાં બેસી ગયા. રાજ દરબારમાં ઘણી ભીડ ભેગી થઈ હતી, તમામનું ધ્યાન રાજા અને તેમના ગુરૂ ઉપર ટકેલું હતુ. તે સમયે રાજપંડિતનો પુત્ર એક મજબૂત દોરડું મંગાવવા રાજાને આદેશ કરે છે તે સાંભળીને સભાજનોને ઘણી નવાઈ લાગે છે.

રાજપંડિતને પણ પોતાના પૂત્રના આ કાર્યથી નવાઈ લાગે કે આ દિકરો શું મૂર્ખતા કરી રહ્યો છે, તે ડરી જાય છે અને વિચારે છે કે શું મારો દિકરો સભામાં કોઈને દોરડાથી બાંધી દેશે કે કદાચ રાજાને તો નહી બાંધી દે ને! તે સમયે તેમના પુત્રએ આજ્ઞા આપી કે આ દોરડાથી રાજાને આ થાંભલા સાથે બાંધી દો. રાજાએ વચન આપ્યું હતું એટલે તેઓ બંધાઈ જવા માટે સહમત થઈ જાય છે, ત્યારબાદ પુત્રએ પોતાના પિતાને પણ બીજા થાંભલા સાથે બાંધી દેવા આદેશ આપ્યો એટલે રાજપુરોહિતને પણ થાંભલા સાથે બાંધી દેવામાં આવે છે. આ જોઈને રાજાપુરોહિત ઘણા જ ઉત્તેજીત થઈ જાય છે અને મનોમન પોતાના પુત્રને સજા આપવાનું વિચારે છે તે જ સમયે તેમના પુત્રએ પોતાના પિતાને આદેશ આપ્યો કે હવે પિતાજી આપ રાજાને બંધનમાંથી ખોલી દો.

રાજપંડિત ક્રોધિત થઈ જાય છે અને કહે છે કે અરે



**બોધ કથા**

આલેખનઃ
વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી તા. શહેરા, જિ. પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

મૂર્ખ! શું તને દેખાતું નથી કે હું પોતે બંધાયેલો છું. શું એક પોતે બંધાયેલો વ્યક્તિ બીજા મનુષ્યના બંધનને ખોલી શકે ખરો? તને ખબર નથી પડતી કે આ અસંભવ કાર્ય છે? રાજાએ પોતાના યુવાન ગુરૂને સંબોધિત કરતાં શાંત અને સન્માનજનક સ્વરમાં કહ્યું કે ગુરૂજી હું આપની વાતને સમજી ગયો છું. જે પોતે સાંસારિક બંધનોમાં બંધાયેલો છે, માયામાં બંધાયેલો છે તે અન્ય વ્યક્તિને મુક્ત કરી શકતો નથી. જે મનથી સંસારનો ત્યાગ કરીને માયાના સંસારથી પર થઈ ગયો છે, જેને સ્વતંત્રતા પ્રાપ્ત કરી લીધી છે તે જ બીજા મનુષ્યને મુક્ત કરી શકે છે, તે જ બીજાના બંધનોને તોડી શકે છે.

**બ્રહ્મજ્ઞાનના ત્રણ સોપાન છેઃ** બ્રહ્મને જાણવો, તેને જીવનમાં ઉતારવું અને બ્રહ્મમય બની જવું, આ ત્રીજી અવસ્થા જ જીવન મુક્તિની અવસ્થા છે. જ્યાં સુધી સર્વવ્યાપી પ્રભુ પરમાત્માનાં સાક્ષાત્ દર્શન અપરોક્ષાનુભૂતિ નહીં થાય ત્યાં સુધી રામનું નિર્મલ જ્ઞાન, વિમલ વિવેક થતો નથી. રામનું જ્ઞાન અને વિશ્વાસ ત્રણ રીતે થાય છેઃ શાસ્ત્ર દ્વારા, ગુરૂ દ્વારા અને પોતે પોતાના દ્વારા. જ્યાં સુધી શાસ્ત્ર કૃપા, ગુરૂકૃપા અને આત્મકૃપાના દ્વારા પ્રભુનો સાક્ષાત્કાર થતો નથી ત્યાં સુધી લક્ષચૌરાશીનું ચક્કર સમાપ્ત થઈ મુક્તિ મળતી નથી અને વ્યક્તિ માયામાં અહીં તહીં ભટકતો રહે છે. હરિ મિલન રૂપી મુક્તિ તો અહંકારનો ત્યાગ કરવાથી જ મળે છે.

જીવનમાં સુખ, શાંતિ, આનંદ અને પ્રેમ ઈચ્છતા હો તો આ પ્રભુ પરમાત્મા સાથે સંબંધ જોડવો પડશે. જે આત્મા પરમાત્માનું જ્ઞાન મેળવી તેની સાથે જોડાઈ ગયા તેમને જન્મ મરણના બંધનમાંથી મુક્તિ મળી જાય છે.

***મન એવમ્ મનુષ્યાણાં કારણં બન્ધમોક્ષયોઃ*** મનુષ્યનું મન જ જગતમાં બંધન અને મોક્ષનું મુખ્ય કારણ છે. વિષયાસક્ત મનથી બંધન થાય છે અને વિષયવૃત્તિ રહિત મનથી મુક્તિ થાય છે એટલે મુક્તિની ઈચ્છા રાખનારાઓએ હંમેશાં મનને વિષયરહિત બનાવવું જાઈએ. મન અને ઈન્દ્રિયોનો સંયમ જ શાસ્ત્રનું મૂળ છે. આ જીવના બંધન અને મોક્ષનું કારણ મનને જ માનવામાં આવ્યું છે. મન નિર્વિષય બને તો મુક્તિ અને મન વિષયી બને તો બંધન. મન જો વિષયોમાં આસક્ત થાય તો બંધનનું કારણ બને છે પણ એ જ મન જો પરમાત્મામાં અનુરાગી બને તો મોક્ષનું કારણ બને છે. આ મન જ્યારે હુંપણા મારાપણાનું કારણ એવા કામ ક્રોધ વગેરે વિકારોથી મુક્ત અને શુદ્ધ થઈ જાય છે ત્યારે તે સુખ અને દુઃખમાંથી છૂટીને સમઅવસ્થામાં આવી જાય છે. જગત બગડ્યું નથી, મન બગડ્યું છે. મન વિષયોનું ચિંતન કરે તો શત્રુ છે અને પરમેશ્વરનું ચિંતન કરે તો મિત્ર છે. જે મન બંધન કરે છે તે જ મન મુક્તિ આપે છે.

જેના મનમાં આસક્તિ છે તેની ક્યારેય મુક્તિ થતી નથી. સંસાર બંધનથી મુક્તિ ઈચ્છનારાઓએ તમામ વાસનાઓ ત્યજી દેવી જોઈએ, કારણ કે વાસનાથી જે મુક્ત છે તે જ સાચા અર્થમાં મુક્ત છે. જ્યાં સુધી સંસારની વાસના છે ત્યાં સુધી મુક્તિ મળતી નથી. આ સંસાર જ તમામ વાસનાઓનું મૂળ છે. વાસના વિષયોની વૃદ્ધિ કરે છે. આ સંસારમાં રહેવાથી ક્રિયામાં પડાય છે, ક્રિયાથી ચિંતન થાય છે અને ચિન્તનથી વાસના પ્રબળ થાય છે. વિષયોમાં વૈરાગ્ય એ જ મુક્તિ છે. મુક્તિ પ્રદાન કરવાની શક્તિ ફક્ત સદ્ગુરૂ પાસે હોય છે. ગુરૂ વિના જ્ઞાન અને સત્યનો સાક્ષાત્કાર થતો નથી, મુક્તિ મળતી નથી. જો જ્ઞાનની સાથે તે અનુસાર કર્મ થાય તો મુક્તિ અવશ્ય પ્રાપ્ત થાય છે અને આ જીવનકાળમાં જ જીવનમુક્તિનો આનંદ પ્રાપ્ત થાય છે.

કથા મનુષ્યને પોતાના દોષનું ભાન કરાવે છે અને ભાન કરાવી તે દોષો છોડાવે છે. જો માણસ સમજે અને પ્રયત્ન કરે તો પૂર્વ જન્મનું પ્રારબ્ધ ભોગવીને પૂરૂં કરવાનું છે પણ નવું પ્રારબ્ધ ઉભું કરવાનું નથી. એવું સાદું જીવન જીવવાનું કે જન્મ મરણનો ત્રાસ છૂટી જાય. આત્મ સ્વરૂપનું ભાન અને દેહનું વિસ્મરણ થાય તો મનુષ્યને જીવતા જ મુક્તિ મળે છે. મનુષ્યને જગત નથી એવો અનુભવ થાય છે પણ હું નથી એવો અનુભવ થતો નથી. અહમ્‌નું વિસ્મરણ જલ્દી થતું નથી. ધ્યાનમાં ધ્યાન કરનારો (ધ્યાતા) 'હું ધ્યાન કરૂં છું' એ પણ ભૂલી જાય છે ત્યારે પ્રભુના સ્વરૂપમાં (ધ્યેય) લીન થાય છે. ધ્યાતાધ્યાન અને ધ્યેય આ ત્રિપુટીનો પરમાત્મામાં લય થાય એ જ મુક્તિ એ જ અદ્વૈત, બીજું નામ કૈવલ્ય મુક્તિ પણ છે.

ધ્યાન કરનારો ધ્યેયમાં મળી જાય તેને જ મુક્તિ કહે છે. આ સિદ્ધાંત સમજાવવા ઉપનિષદમાં એક દ્રષ્ટાંત આપ્યું છે. 'ખાંડની પૂતળી સાગરનું ઊંડાણ માપવા ગઈ તે સાગરમાં વિલીન થઈ ગઈ પાછી જ ન આવી.'

ઈશ્વરમાં મળેલા મનને કોઈ જુદું કરી શકતું નથી. જીવમાં જીવપણું રહેતું નથી. આ જીવ ખાંડની પૂતળી જેવો છે અને પરમેશ્વરમાં સમુદ્ર જેવા વ્યાપક છે વિશાળ છે. આ બ્રહ્મતત્વને જાણનારો બ્રહ્મ સાથે એકરૂપ થાય છે. જેવી રીતે ઈયળ ભમરીનું ચિંતન કરતાં કરતાં ભમરીરૂપ બની જાય છે આને કૈવલ્ય મુક્તિ કહે છે. (અદ્વૈત) પણ ભક્તો આવી કૈવલ્ય મુક્તિ ઈચ્છતા નથી તેઓ ઈશ્વરની સેવાપૂજા કરવા માટે અને તેનો રસાસ્વાદ માનવા માટે થોડું દ્વૈત રાખે છે. આવા પરમાત્માની સેવામાં જેને આનંદ છે તેવા ભક્તો ભાવાત્મક શરીર ધારણ કરી પ્રભુના ધામમાં જાય છે.

## તા.૨૭.૦૬.૨૦૨૫ ના રોજ... નિફ્ટી ફ્યુચર ૨૫૮૦૮ પોઈન્ટ ઉપર તેજી તરફી ધ્યાન..!!!

# ક્રૂડ ઓઈલના ભાવ અને એફઆઈઆઈ વેચવાલીમાં વધારો ભારતીય શેરબજાર માટે પડકારરૂપ બનવાની શક્યતા

**બીએસઈ સેન્સેક્સઃ** ઈન્ટ્રા ડે ટ્રેડિંગની શરૂઆતે બીએસઈ સેન્સેક્સ આગલા બંધ ૮૩૭૫૫ સામે ૮૩૭૭૪ પોઈન્ટના મથાળેથી ખુલીને ૮૩૬૪૫ પોઈન્ટના નીચા મથાળેથી નવીલેવાલી દ્વારા સેન્સેક્સ આધારિત શેરોમાં તબક્કાવાર ખરીદીનો માહોલ જોવા મળ્યો... સરેરાશ ૪૪૩ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી ભારતીય શેરબજારનો સેન્સેક્સ ૩૦૩ પોઈન્ટના ઉછાળા સાથે ૮૪૦૫૮ પોઈન્ટ મજબૂતી સાથે બંધ થયેલ..!!!

**નિફ્ટી ફ્યુચરઃ** ઈન્ટ્રા ડે ટ્રેડિંગની શરૂઆતે નિફ્ટી ફ્યુચર આગલા બંધ ૨૫૬૧૫ સામે ૨૫૬૯૫ પોઈન્ટના મથાળેથી ખુલીને ૨૫૬૩૫ પોઈન્ટના નીચા મથાળેથી નવી લેવાલી દ્વારા નિફ્ટી ફ્યુચર આધારિત શેરોમાં તબક્કાવાર ખરીદીનો માહોલ જોવા મળ્યો... સરેરાશ ૧૩૭ પોઈન્ટની મુવમેન્ટ નોંધાવી નિફ્ટી ફ્યુચર ૧૩૫ પોઈન્ટના ઉછાળા સાથે ૨૫૭૫૦ પોઈન્ટ આસપાસ મજબૂતી સાથે બંધ થયેલ..!!!

સ્થાનિક/વૈશ્વિક પરિબળોની વાત કરીએ તો... ઈરાન-ઈઝરાયેલ યુદ્ધનો અંત આવતાં અને હવે યુક્રેન-રશિયા વચ્ચે પણ સમાધાન થવાના અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના આશ્વાસને જીઓપોલિટીકલ ટેન્શન દૂર થઈ વિશ્વ ફરી ઔદ્યોગિક આર્થિક વૃદ્ધિના પથ પર સવાર થવાની અપેક્ષાએ આજે સપ્તાહના અંતિમ દિવસે ભારતીય શેરબજાર ઉછાળા સાથે બંધ રહ્યું હતું. વૈશ્વિક પોઝિટીવ પરિબળો સાથે સ્થાનિક સ્થળે ચોમાસાની દેશભરમાં સારી પ્રગતિ તેમજ ઘણા ભાગોમાં શ્રીકાર વર્ષાએ કૃષિગ્રામીણ ક્ષેત્રે વૃદ્ધિને વેગ મળવાની અપેક્ષાએ અને ક્રુડ ઓઈલના ભાવ ઘટવાના પોઝિટીવ પરિબળે ફંડો આક્રમક તેજીમાં આવ્યા હતા.

એશિયન શેરબજારમાં ઉછાળાની પણ સ્થાનિક બજારમાં અસર જોવા મળી હતી. ભારતીય શેરબજાર માટે ક્રૂડ ઓઈલના ભાવ અને એફઆઈઆઈ વેચવાલીમાં વધારો પડકારરૂપ બની શકે છે, જો કે ભારતનો ઔદ્યોગિક અને સર્વિસ સેક્ટરનો ગ્રોથ મજબૂત રહેવાના સંકેતો સાથે વૈશ્વિક પડકારો અને જિઓપોલિટિકલ ટેન્સનની અનિશ્ચિતતાઓ વચ્ચે દેશની આર્થિક ગતિવિધિઓ મજબૂત રહેવાના અંદાજોએ ભારતીય શેરબજારમાં તેજી તરફી માહોલ યથાવત્ રહ્યો હતો. કરન્સી માર્કેટની વાત કરીએ તો, મધ્ય પૂર્વમાં જીઓપોલિટીકલ ટેન્શન દૂર થતા તેમજ સપ્ટેમ્બર માસ પહેલાં ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં ઘટાડાની અપેક્ષાએ શુક્રવારે અમેરિકન ડોલર સામે ભારતીય રૂપિયો મજબૂત બન્યો, જોકે વૈશ્વિક ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો અને અમેરિકન ચલણમાં થોડી મજબૂતીથી રૂપિયામાં વધુ વધારો મર્યાદિત રહ્યો છે.

**સેક્ટર મુવમેન્ટ...** બીએસઈ પર મીડકેપ ઈન્ડેક્સ ૦.૩૮% અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૫૪% વધીને બંધ રહ્યા હતા. વિવિધ સેક્ટરલ ઈન્ડાયસીસની વાત કરીએ તો બીએસઈ પર માત્ર રિયલ્ટી, ફોકસ્ડ આઈટી, આઈટી, ટેક અને કંઝ્યુમર ડિસ્ક્રેશનરી શેરોમાં વેચવાલી જોવા મળી હતી, જ્યારે અન્ય બીજા તમામ સેક્ટરલ ઈન્ડાયસીસ ઉછાળા સાથે બંધ રહ્યા હતા.

બીએસઈમાં કુલ ટ્રેડિંગ થયેલી ૪૧૬૫ સ્ક્રિપોમાંથી ઘટનારની સંખ્યા ૧૭૬૦ અને વધનારની સંખ્યા ૨૨૫૧ રહી હતી, ૧૫૪ શેરના ભાવમાં કોઈ ફેરબદલ જોવાયો ન હતો. જ્યારે ૯ શેરોમાં ઓનલી સેલરની મંદીની નીચલી સર્કિટ સામે ૮ શેરોમાં ઓનલી બાયરની તેજીની ઉપલી સર્કિટ રહી હતી.

બીએસઈ સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે એશિયન પેઈન્ટ ૩.૦૬%, અલ્ટ્રાટેક સિમેન્ટ ૨.૪૩%, પાવર ગ્રીડ કોર્પોરેશન ૨.૧૧%, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૫૬%, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ૧.૩૯%, ભારત ઈલેક્ટ્રોનિક્સ ૧.૧૯%, હિન્દુસ્તાન યુનીલીવર ૧.૧૪%, સન ફાર્મા ૧.૧૨% અને સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા ૧.૦૫% વધ્યા હતા, જ્યારે ટ્રેન્ટ લિ. ૧.૪૨%, ઝોમેટો લિ. ૧.૧૩%, ટેક મહિન્દ્રા ૦.૯૩%, એકસિસ બેન્ક ૦.૭૪%, ટાઈટન કંપની લિ. ૦.૬૬%, બજાજ ફાઈનાન્સ ૦.૫૨%, બજાજ ફિનસર્વ ૦.૪૬%, એચડીએફસી બેન્ક ૦.૪૩% અને મારુતિ સુઝુકી ૦.૪૩% ઘટ્યા હતા.

ઈન્ડેક્સ બેઝ્ડ સેન્સેક્સ, નિફ્ટીમાં ઉછાળા સાથે મીડકેપ, સ્મોલકેપ શેરોમાં લેવાલીએ રોકાણકારોની સંપતિ બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું એકત્રિત માર્કેટ કેપિટલાઈઝેશન ૨.૬૦ લાખ કરોડ વધીને ૪૬૦.૧૨ લાખ કરોડ રહ્યું હતું. એસએન્ડપી બીએસઈ સેન્સેક્સની ૩૦કંપનીઓમાંથી ૧૮ કંપનીઓ વધી અને ૧૨ કંપનીઓ ઘટી હતી.

**બજારની ભાવિ દિશા....** મિત્રો, વર્તમાન જૂન મહિનામાં રિટેલ રોકાણકારો સતત ત્રણ મહિના સુધી શેરબજારમાં ખરીદીથી લગભગ દૂર રહ્યા બાદ ફરી સક્રીય બન્યાનું જોવા મળી રહ્યું છે. પ્રાપ્ત ડેટા પ્રમાણે વર્તમાન મહિનામાં રિટેલ રોકાણકારોએ ભારતીય ઈક્વિટીસ કેશમાં અત્યાર સુધી અંદાજીત રૂા.૫૬૦૦ કરોડથી વધુનું રોકાણ કર્યું છે. વૈશ્વિક અનિશ્ચિતતા તથા ટ્રમ્પના ટેરિફ વોરને કારણે ભારત સહિત વિશ્વભરના શેરબજારોમાં મંદી ફેલાઈ ગઈ હતી. જો કે ટેરિફ મુદ્દે ટ્રમ્પના કુણા વલણ તથા વૈશ્વિક તંગદિલીમાં થઈ રહેલા ઘટાડાને કારણે જૂનમાં ભારત સહિતના શેરબજારો ફરી ઊંચકાતા રોકાણકારો ખાસ કરીને રિટેલ રોકાણકારો દ્વારા ફરી ખરીદી શરૂ થયાનું જોવા મળી રહ્યું છે.

રિટેલ રોકાણકારો ઉપરાંત વિદેશી સંસ્થાકીય રોકાણકારો દ્વારા પણ ભારતીય ઈક્વિટીસમાં ખરીદી હોવાનું પણ જોવા મળી રહ્યું છે. ટેરિફ વોરની બજાર પર અસરને કારણે વર્તમાન વર્ષના માર્ચમાં રિટેલ રોકાણકારોએ ઈક્વિટીસમાંથી રૂા.૧૪૩૨૫ કરોડની વેચવાલી કરી હતી, જે વર્ષ ૨૦૧૬ બાદ કોઈ એક મહિનામાં તેમનો સૌથી મોટો આઉટફલોસ રહ્યો હતો. ત્યારબાદ ટેરિફ વોરને કારણે એપ્રિલ તથા મે માસમાં પણ ગભરાટભરી વેચવાલી જોવા મળી હતી, જો કે વર્તમાન મહિનામાં ઈક્વિટીસના વેપાર વોલ્યુમમાં વધારો થયો છે ત્યારે આગામી દિવસોમાં રિટેલ રોકાણકારો સાથે વિદેશી સંસ્થાકીય રોકાણકારો કેવો રોકાણ વ્યુહ અપનાવે છે તેના પર ભારતીય શેરબજારની નજર રહેશે.


**તા.૩૦.૦૬.૨૦૨૫ ના રોજ સ્ટોક માર્કેટ ટ્રેડીંગ સંદર્ભે...**

●તા.૨૭.૦૬.૨૦૨૫ના રોજ નિફ્ટી ફ્યુચર બંધ ભાવ @ ૨૫૭૫૦ પોઈન્ટ : આગામી સંભવિત નિફ્ટી ફ્યુચર ૨૫૬૭૬ પોઈન્ટના પ્રથમ અને ૨૫૬૦૬ પોઈન્ટના અતિ મહત્ત્વના સ્ટ્રોંગ સપોર્ટથી ટ્રેડિંગ સંદર્ભે ૨૫૮૦૮ પોઈન્ટથી ૨૫૮૮૦ પોઈન્ટ આસપાસ અતિ મહત્ત્વની સપાટીને સ્પર્શી શકે તેવી સંભાવના ધરાવે છે. નિફ્ટી ફ્યુચર ૨૫૮૦૮ પોઈન્ટ નજીક સાવધાનીપૂર્વક પોઝિશન બનાવવી જોઈએ....!!!




**હવે જોઈએ સ્ટોક સ્પેસિફિક રેન્જ મૂવમેન્ટ**

● ઈન્ફોસીસ લિ. (૧૬૨૨): કમ્પ્યુટર્સ સોફટવેર અને કન્સલ્ટિંગ




| | PRV. Close | OPEN | HIGH | LOW | CLOSE | NET |
|---|---|---|---|---|---|---|
| 02.06.2025 TO 06.06.2025 | 24871.20 | 24799.00 | 25139.00 | 24610.00 | 25096.30 | 225.10 |
| 09.06.2025 TO 13.06.2025 | 25096.30 | 25205.00 | 25307.00 | 24575.30 | 24727.40 | -368.90 |
| 16.06.2025 TO 20.06.2025 | 24727.40 | 24755.50 | 25137.00 | 24735.00 | 25111.70 | 384.30 |
| 23.06.2025 TO 27.06.2025 | 25111.70 | 24975.00 | 25772.30 | 24825.00 | 25750.20 | 638.50 |

સેક્ટરની આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂા.૧૫૮૮ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂા.૧૫૭૩ના સ્ટ્રોંગ સપોર્ટથી આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂા.૧૬૩૭ થી રૂા.૧૬૪૪ આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી શક્યતા છે...!! રૂા.૧૬૫૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!

● રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ (૧૫૨૦): રિલાયન્સ ગ્રુપના આ સ્ટોક રૂા.૧૪૮૪ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ!! રૂા.૧૪૭૦ના સપોર્ટથી આ સ્ટોક રૂા.૧૫૩૭ થી રૂા.૧૫૫૦ આસપાસ ભાવ સપાટી નોંધાવે તેવી સંભાવના છે...!!

● સિપ્લા લિ. (૧૫૧૪): રૂા.૧૪૯૦નો પ્રથમ તેમજ રૂા.૧૪૭૪ બીજા સપોર્ટથી ફાર્મા સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂા.૧૫૩૭ થી રૂા.૧૫૫૦ આસપાસ તેજી તરફી રુખ નોંધાવે તેવી શક્યતા છે...!!

● એક્સીસ બેન્ક (૧૨૨૯): પ્રાઈવેટ બેન્ક સેક્ટરનો આ સ્ટોક ટ્રેડિંગલક્ષી રૂા.૧૨૪૭ થી રૂા.૧૨૬૦ના ભાવ સપાટીની રેન્જ મુવમેન્ટ ધરાવે છે।!! અંદાજીત રૂા.૧૧૮૦નો સ્ટ્રોંગ સપોર્ટ ધ્યાને લેવો...!!!

● ઝાયડસ લાઈફસાયન્સિસ (૯૮૧) : રૂા. ૦૧ની ફેસવેલ્યુ ધરાવતા ફાર્મા સેક્ટરનો ફન્ડામેન્ટલ આ સ્ટોક રૂા.૯૪૦નાં સ્ટ્રોંગ સપોર્ટને ધ્યાને લઈ તેજી તરફી રૂા.૯૯૭ થી ૧૦૦૮ આસપાસ ભાવ સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!!

● અદાણી પોર્ટ્સ (૧૪૫૦): ટેક્નિકલ ચાર્ટ મુજબ પોર્ટ એન્ડ પોર્ટ સર્વિસ સેક્ટરનો આ સ્ટોક રૂા.૧૪૭૭ આસપાસ વેચવાલી થકી રૂા.૧૪૩૩ થી રૂા.૧૪૦૮ના નીચા મથાળે ભાવ સપાટીની શક્યતા ધરાવે છે. ટ્રેડિંગલક્ષી રૂા.૧૪૯૦નો સપોર્ટ ખાસ ધ્યાને લેવો..!!

● ભારત ફોર્જ (૧૩૧૪): રૂા.૧૩૩૭ આસપાસ ઓવરબોટ પોઝિશનની શક્યતાએ આ સ્ટોક રૂા.૧૩૪૪ના સપોર્ટ તબક્કાવાર રૂા.૧૨૯૭ થી રૂા.૧૨૮૦ ભાવ સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!! રૂા.૧૩૫૦ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!

●ઓરબિન્દો ફાર્મા (૧૧૩૦): ફાર્મા સેકટરનો આ સ્ટોક છેતરામણા ઉછાળે રૂા.૧૧૫૭ આસપાસનાં સપોર્ટથી પ્રત્યાઘાતી ઘટાડે રૂા.૧૧૦૭ થી રૂા.૧૦૯૩ ભાવની આસપાસ સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!!!

● જેએસડબ્લ્યૂ સ્ટીલ (૧૦૨૯): આયર્ન એન્ડ સ્ટીલ સેક્ટરનો આ સ્ટોક રૂા.૧૦૫૭ આસપાસ નફારૂપી વેચવાલી થકી રૂા.૧૦૦૩ થી રૂા.૯૮૫ના ભાવ સપાટી આસપાસ ટ્રેડિંગ રેન્જ ધરાવે છે. ટ્રેડિંગલક્ષી રૂા.૧૦૭૪નો સપોર્ટ ધ્યાને લેવો...!!!

● અદાણી ગ્રીન (૧૦૨૫) : રૂા.૧૦૬૩ આસપાસ ઓવરબોટ પોઝીશન સ્થિતિ નોંધાવતા આ સ્ટોક રૂા.૧૦૭૦ના સપોર્ટથી આ સ્ટોક રૂા.૧૦૦૩ થી રૂા. ૯૮૯નો ભાવ આસપાસ સપાટી દર્શાવે તેવી સંભાવના છે...!! રૂા.૧૦૮૮ ઉપર તેજી તરફી ધ્યાને લેશો...!!!

**ડિસ્ક્લેમર/પોલીસી/શરતો www.nikhilbhatt.inને આધીન...!!!**

સિક્યોરિટીઝ માર્કેટમાં રોકાણ બજારના જોખમોને આધીન છે. રોકાણ/વેપાર કરતા પહેલાં www.nikhilbhatt.in પર ઉલ્લેખિત ડિસ્ક્લેમર અને તમામ સંબંધિત દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો અને સંમત થાઓ.

# સ્પોર્ટ્સ ન્યુઝ

### વેસ્ટ ઈન્ડિઝના ભૂતપૂર્વ ફાસ્ટ બોલરે આ નિર્ણય પર નારાજગી વ્યક્ત કરી

## અમ્પાયર્સના ૫-૫ ખોટા નિર્ણયને લીધે WI vs AUS મેચમાં હોબાળો

**બીજા દિવસની પહેલી જ ઓવરમાં વેસ્ટ ઈન્ડિઝના કેપ્ટન રોસ્ટન ચેઝે જોશ હેઝલવુડના ઈન-સ્વિંગ બોલને ફાઈન લેગ પર સિંગલ માટે રમ્યો**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૭ :** વેસ્ટ ઈન્ડિઝ અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ત્રણ મેચની શ્રેણીની પહેલી ટેસ્ટ મેચ હાલમાં બાર્બાડોસના કેન્સિંગ્ટન ઓવલ ખાતે રમાઈ રહી છે. મેચના પહેલા બે દિવસમાં ૨૪ વિકેટ પડી ગઈ હતી અને મેચ રોમાંચક વળાંકે પહોંચી. બંને ટીમો WTC ૨૦૨૫-૨૭ ની શરૂઆત જીત સાથે કરવાનો શ્રેષ્ઠ પ્રયાસ કરી રહી છે. ત્યારે થર્ડ અમ્પાયર્સના ૫-૫ નિર્ણય વિવાદમાં રહ્યા છે. આ દરમિયાન મેચ દરમિયાન થર્ડ અમ્પાયર એડ્રિયન હોલ્ડસ્ટોકના કેટલાક વિવાદાસ્પદ નિર્ણયો ચર્ચાનો વિષય બન્યાં છે. ૧-૨ નહીં પરંતુ થર્ડ અમ્પાયરના ૫-૫ નિર્ણયો પર સવાલ ઉઠાવવામાં આવી રહ્યા છે. આ દરમિયાન, યજમાન વેસ્ટ ઈન્ડિઝ ટીમને સૌથી વધુ ફરિયાદો હશે કારણ કે આ ૫ માંથી ૪ નિર્ણયો તેમની ટીમ વિરુદ્ધ છે. બીજા દિવસની પહેલી જ ઓવરમાં વેસ્ટ ઈન્ડિઝના કેપ્ટન રોસ્ટન ચેઝે જોશ હેઝલવુડના ઇન-સ્વિંગ બોલને ફાઇન લેગ પર સિંગલ માટે રમ્યો.

ઓસ્ટ્રેલિયાના કેપ્ટન પેટ કમિન્સે વિચાર્યું કે, બોલ પહેલા પેડ પર વાગ્યો છે, તેથી તેણે તરત જ DRSનો ઉપયોગ કર્યો. ચેઝના બેટ પર બોલ વાગ્યો તે પહેલાં એક ફ્રેમમાં અલ્ટ્રા એજ પર સ્પાઈક દેખાયો. જોકે, જ્યારે થર્ડ અમ્પાયરે નોટ આઉટનો નિર્ણય આપ્યો ત્યારે દર્શકો આશ્ચર્યચકિત થઈ ગયા કારણ કે તેમને લાગ્યું કે બોલ પહેલા બેટ પર વાગ્યો હતો. પેટ કમિન્સ અને હેઝલવુડ તરત જ સ્પષ્ટતા માટે ફિલ્ડ અધિકારીઓ પાસે ગયા, પરંતુ કંઈ થયું નહીં.

આગામી થોડી ઓવરમાં, વિન્ડીઝના કેપ્ટન રોસ્ટન ચેઝ સાથે બીજી ઘટના બની અને આ વખતે તે પોતે ખોટા નિર્ણયનો ભોગ બન્યો. પેટ કમિન્સે તેને LBW આઉટ કર્યો અને અમ્પાયરે પણ તેને આઉટ આપ્યો. ચેઝે DRSનો ઉપયોગ કર્યો કારણ કે તેને લાગ્યું કે બોલ તેના બેટ પર વાગ્યો છે. અલ્ટ્રા એજમાં પણ કેટલાક સ્પાઈક્સ જોવા મળ્યા, તેમ છતાં અમ્પાયરે તેને આઉટ જાહેર કર્યો.

વેસ્ટ ઈન્ડિઝના ભૂતપૂર્વ ફાસ્ટ બોલર ઈયાન બિશપે આ નિર્ણય પર નારાજગી વ્યક્ત કરતા કહ્યું, “હું આ નિર્ણય સાથે અસંમત છું. હું ત્યાંની ટેક્નોલોજી સાથે અસંમત છું. મને લાગ્યું કે તેના કારણે જ આવું થયું. મને અમારી ટીમ માટે દુઃખ છે, પરંતુ મારા મતે તે આઉટ નહોતો.” નાટક અહીં અટક્યું નહીં. બપોરના સેશનમાં, વેસ્ટ ઈન્ડિઝના બેટ્સમેન શાઈ હોપને વિકેટકીપર એલેક્સ કેરીએ શાનદાર કેચ પકડ્યા બાદ પેવેલિયન પરત મોકલી દીધો. જોકે, અમ્પાયર કેચથી સંતુષ્ટ ન હતા અને તેમણે નિર્ણય થર્ડ અમ્પાયરને મોકલ્યો. રિપ્લેમાં જોવા મળ્યું કે જ્યારે કેરીએ બોલ પકડ્યો ત્યારે બોલનો કેટલોક ભાગ જમીનને સ્પર્શી ગયો, તેમ છતાં થર્ડ અમ્પાયરે હોપને આઉટ જાહેર કર્યો. બીજા દિવસના અંતે, થર્ડ અમ્પાયર હોલ્ડસ્ટોકે ફરી એકવાર વિવાદાસ્પદ નિર્ણય આપ્યો, અને આ પણ વેસ્ટ ઈન્ડિઝ વિરુદ્ધ ગયો કારણ કે કેમેરોન ગ્રીન LBW ની નજીકની અપીલથી બચી ગયો. રિપ્લેમાં દર્શાવવામાં આવ્યું કે, બોલ બેટ પહેલાં પેડને સ્પર્શી ગયો હતો. જોકે, હોલ્ડસ્ટોકે ફરી એકવાર વિપરીત વિચાર્યું અને આઉટ ન આપ્યો. પહેલા દિવસે, ટ્રેવિસ હેડે શમર જોસેફનો બોલ શાઈ હોપને આઉટ કર્યો. એવું લાગતું હતું કે વિન્ડીઝના ફિલ્ડરે કેચ એકદમ સારી રીતે લીધો હતો. જોકે, હોલ્ડસ્ટોકે સ્વીકાર્યું કે બોલ શોર્ટ હતો અને હેડને તેને આગળ રમવાની તક મળી.

### બે ઓવર વચ્ચે એક મિનિટનો સમય અપાશે

## સ્લો ઓવર રેટ સામે આઇસીસી સ્ટોપ ક્લોકનો નિયમ લાદશે

**સ્ટેડિયમમાં ઇલેક્ટ્રોનિક બોર્ડ પર ઓવર પૂરી થયા બાદ આ ક્લોક શરૂ થઈ જશે અને તે ૦૦થી ૬૦ની ગણતરી શરૂ કરી દેશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**દુબઈ, તા.૨૭ :** ક્રિકેટમાં સમય વેડફવાના વધતા જતા કિસ્સાને ધ્યાનમાં રાખીને ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી)એ નવી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ સાઈકલ સાથે સ્લો ઓવર રેટને નાથવા માટે સ્ટોપ ક્લોકનો નિયમ અમલી બનાવ્યો છે. શ્રીલંકા અને બાંગ્લાદેશ વચ્ચે રમાતી ટેસ્ટ સિરીઝ સાથે આ નિયમ અમલી બન્યો છે. અગાઉ લિમિટેડ ઓવરના ક્રિકેટમાં આ નિયમ અમલી હતો. આ ઉપરાંત બેટિંગ કરતી વખતે જાણી જોઈને કોઈ બેટર શોર્ટ રન લે તો આગામી બોલે કયો બેટર સ્ટ્રાઈક પર રહેશે તે અંગે પણ નિયમમાં સુધારા કરવામાં આવ્યા છે.



આઈસીસીની ટેસ્ટ મેચ માટેની પ્લેઈંગ કન્ડિશન મુજબ સ્લો ઓવર રેટની સમસ્યાના ઉકેલ સ્વરૂપે સ્ટોપ ક્લોક નિયમ લાવવામાં આવ્યો છે. આ માટે બોલિંગ કરતી ટીમ એક ઓવર પૂરી થયાની ૬૦ સેકન્ડમાં નવી ઓવર શરૂ કરી દેવાની રહેશે. સ્ટેડિયમમાં ઈલેક્ટ્રોનિક બોર્ડ પર ઓવર પૂરી થયા બાદ આ ક્લોક શરૂ થઈ જશે અને તે ૦૦થી ૬૦ની ગણતરી શરૂ કરી દેશે. આ નિયમ હેઠળ બોલિંગ કરી રહેલી ટીમને બે ચેતવણી આપવામાં આવશે. આમ તે બે વાર વિલંબ કરે ત્યાં સુધી કોઈ પેનલ્ટી નહીં પરંતુ ત્રીજી વાર આમ બનશે તો બેટિંગ કરતી ટીમને પાંચ રન પેનલ્ટીના આપવામાં આવશે. આમ બેટિંગ કરતી ટીમના સ્કોરમાં પાંચ રન આપોઆપ ઉમેરાઈ જશે. આ પ્રકારે ૮૦ ઓવર સુધીની ગણતરી થશે.

૮૦ ઓવર બાદ ફરીથી નવેસરથી તેની ગણતરી શરૂ કરી દેવાશે. ત્યાર બાદ ફરીથી બે થી વધારે વિલંબ પર નવેસરથી પાંચ રનની પેનલ્ટી લાદવામાં આવશે.

## વેસ્ટ ઈન્ડીઝના સ્ટાર ક્રિકેટર પર લાગ્યો ૧૧ મહિલાઓ પર બળાત્કારનો આરોપ

**વેસ્ટ ઈન્ડિઝ ક્રિકેટ બોર્ડે પણ આ અંગે પ્રતિક્રિયા આપી છે, જોકે તે ક્રિકેટરનું નામ હજુ સુધી જાહેર કરવામાં આવ્યું નથી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**સિડની, તા.૨૭ :** વેસ્ટ ઈન્ડિઝ ક્રિકેટ ટીમ હાલમાં ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ મેચ રમી રહી છે. આ દરમિયાન, એક સમાચારે હંગામો મચાવી દીધો છે. વેસ્ટ ઈન્ડિઝના એક ક્રિકેટર પર ૧૧ મહિલાઓ પર બળાત્કારનો આરોપ મૂકવામાં આવ્યો છે. વેસ્ટ ઈન્ડિઝ ક્રિકેટ બોર્ડે પણ આ અંગે પ્રતિક્રિયા આપી છે. જોકે તે ક્રિકેટરનું નામ હજુ સુધી જાહેર કરવામાં આવ્યું નથી, પરંતુ એવું કહેવામાં આવી રહ્યું છે કે તે વર્તમાન ટીમનો ભાગ છે, એટલે કે તેણે હજુ સુધી નિવૃત્તિ લીધી નથી.

સ્પોર્ટ્સ મેક્સ ચેનલે તેના અહેવાલમાં જણાવ્યું હતું કે તેઓએ ક્રિકેટ વેસ્ટ ઈન્ડિઝને ગયાનાના સ્થાનિક ખેલાડી, જે વેસ્ટ ઈન્ડિઝ રાષ્ટ્રીય ક્રિકેટ ટીમનો પણ ભાગ છે, સામેના આરોપો અંગે પ્રશ્નો પૂછ્યા હતા. પૂછવામાં આવ્યું હતું કે શું બોર્ડ આ આરોપોથી વાકેફ છે. જો તે જાણતું હોય, તો બોર્ડ દ્વારા શું કાર્યવાહી કરવામાં આવી છે. અને તમને કેટલો વિશ્વાસ છે કે ખેલાડીને બચાવવા માટે બોર્ડનું નામ આમાં નહીં આવે?

CWI ના પ્રમુખ કિશોર શેલોએ અહેવાલમાં જણાવ્યું હતું કે, ક્રિકેટ વેસ્ટ ઈન્ડિઝ પરિસ્થિતિથી અજાણ છે અને તેથી, હાલમાં કોઈ ટિપ્પણી કરવાની સ્થિતિમાં નથી. બે વર્ષ પહેલાં કથિત પીડિતોમાંથી એક દ્વારા સંપર્ક કરવામાં આવેલા વકીલ નિગેલ હ્યુજીસના જણાવ્યા અનુસાર, ખેલાડી જાન્યુઆરી ૨૦૨૪ માં બ્રિસ્બેનના ગાબા ખાતે ઓસ્ટ્રેલિયાને ખરાબ રીતે હરાવનાર વેસ્ટ ઈન્ડિઝ ટીમનો ભાગ હતો.

હ્યુજીસે જણાવ્યું હતું કે, પીડિતો દ્વારા ક્રિકેટર સામે કોઈ આરોપો દાખલ કરવામાં આવ્યા નથી. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે ઓસ્ટ્રેલિયાના પ્રવાસથી ગયાના પરત ફર્યા પછી ખેલાડીના કાર્યો અંગેની ચર્ચા શાંત થઈ ગઈ હતી. જોકે, એક કે બે દિવસ પહેલા આ બાબત અંગે પૂછપરછ કરવામાં આવી છે.

હાલમાં વેસ્ટ ઈન્ડિઝ ક્રિકેટ ટીમ ઓસ્ટ્રેલિયા સામે ૩ મેચની શ્રેણીની પ્રથમ ટેસ્ટ રમી રહી છે. પ્રથમ ટેસ્ટ બાર્બાડોસમાં રમાઈ રહી છે. બીજા દિવસની રમતના અંત સુધીમાં, ઓસ્ટ્રેલિયાએ બીજા દાવમાં ૪ વિકેટ ગુમાવ્યા બાદ ૯૨ રન બનાવી લીધા છે. અગાઉ, વેસ્ટ ઈન્ડિઝની ટીમ ૧૯૦ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી, તેણે પ્રથમ દાવના આધારે ૧૦ રનની લીડ મેળવી હતી કારણ કે ઓસ્ટ્રેલિયાનો પ્રથમ દાવ ૧૮૦ રનમાં સમેટાઈ ગયો હતો.

# પાકિસ્તાન બાદ બાંગ્લાદેશનું નાક દબાવવાની તૈયારીઓ

**ગંગા જળ સમજૂતિમાં ફેરફાર ઈચ્છે છે ભારત : પૂર્વ વડા પ્રધાન શેખ હસીનાના કાર્યકાળ દરમિયાન વર્ષ ૧૯૯૬માં થયેલી ગંગા જળ સંધિ ૨૦૨૬માં સમાપ્ત થઈ રહી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૭**

પાકિસ્તાન સાથે સિંધુ જળ સંધિ સ્થગિત કર્યા પછી ભારત હવે બાંગ્લાદેશ સાથે થયેલા ઐતિહાસિક ગંગા સંધિની શરતોમાં ફેરફાર કરવાનું વિચારી રહ્યું છે. અહેવાલો અનુસાર, ભારત બાંગ્લાદેશ સાથેના સંધિમાં ફેરફાર કરવા માટે વિવિધ વિકલ્પો પર વિચાર કરી રહ્યું છે. નોંધનીય છે કે, પૂર્વ વડા પ્રધાન શેખ હસીનાના કાર્યકાળ દરમિયાન વર્ષ ૧૯૯૬માં થયેલી ગંગા જળ સંધિ ૨૦૨૬માં સમાપ્ત થઈ રહી છે. આ સંધિ પરસ્પર સંમતિથી ફરીથી લાગુ કરવી પડશે.

અહેવાલો અનુસાર, ભારત અને બાંગ્લાદેશ વચ્ચે ૧૯૯૬માં પૂર્વ વડાપ્રધાન એચડી દેવગૌડાના કાર્યકાળ દરમિયાન ગંગા જળ સંધિ પર હસ્તાક્ષર થયા હતા. આ સંધિ ગંગા નદીના પાણીને વહેંચવા માટે કરવામાં આવી હતી. હવે ભારત આ સંધિમાં ફેરફાર કરવા માંગે છે. ભારતનું કહેવું છે કે તેને સિંચાઈ, બંદર જાળવણી અને વીજળી ઉત્પાદન માટે વધુ પાણીની જરૂર છે. તેથી હાલની સંધિમાં સુધારો કરવા માંગે છે.

ભારતને દર વર્ષે પહેલી જાન્યુઆરીથી ૩૧મી મે દરમિયાન વધુ પાણીની જરૂર પડે છે. ચોમાસાના અભાવને કારણે, આ સમયે ગંગા નદીમાં પાણીની અછત રહે છે. જેમ જેમ આપણે વારાણસીથી પટના તરફ આગળ વધીએ છીએ તેમ તેમ તેની અસર દેખાવા લાગે છે. જેમ જેમ આગળ વધીએ છીએ તેમ તેમ પરિસ્થિતિ વધુ ખરાબ થતી જાય છે. ભારત ઈચ્છે છે કે ગંગા જળ સંધિમાં ફેરફાર કરીને આ સમયગાળામાં વધુ પાણી મળી શકે, જેથી ગંગામાં પાણીનો પ્રવાહ સારી સ્થિતિમાં રહે. ઓછા પાણીને કારણે, ગંગામાં રેતીના સંચયની સમસ્યા પણ વધી રહી છે. ગંગા જળ સંધિ અનુસાર, ૧૧મી માર્ચથી ૧૧મી મે સુધી ભારત અને બાંગ્લાદેશ બંનેને ૧૦-૧૦ દિવસ માટે ૩૫,૦૦૦ ક્યુસેક પાણી મળે છે. પરંતુ, હવે ભારત ઈચ્છે છે કે તેને આ સમયગાળા દરમિયાન ૩૦,૦૦૦ થી ૩૫,૦૦૦ ક્યુસેક વધારાનું પાણી મળવું જોઈએ.

## ઝારખંડના ૧૫ લોકો યુએઇમાં ફસાયા, ખાવાના પણ ફાંફા : છેલ્લા 3 મહિનાથી પગાર નથી મળ્યો

**તેમણે કેન્દ્ર અને રાજ્ય સરકારને અપીલ કરી છે કે અમને અમારા પરિવાર પાસે પરત લાવવામાં મદદ કરો**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**અબુ ધાબી, તા.૨૭**

ઝારખંડના ૧૫ કામદારો યુએઈના અબુ ધાબીમાં ફસાયા હોવાની ઘટના સામે આવી છે. આ લોકો ત્યાં કામ કરવા ગયા હતા, પરંતુ છેલ્લા કેટલાક મહિનાથી તેમના માટે પરિસ્થિતિ ખૂબ જ કફોડી બની ગઈ છે. જે કંપનીમાં તેઓ કામ કરે છે તે કંપનીએ તેમને ૩ મહિનાથી સેલેરી નથી આપી. આ તમામ લોકોને ટ્રાન્સમિશન લાઈન નાખવા માટે લઈ જવામાં આવ્યા હતા.

આ કામદારોની સ્થિતિ એટલી ખરાબ થઈ ગઈ છે કે, તેમની પાસે મકાનનું ભાડું અને વીજળીનું બિલ ચૂકવવા તથા ખાવા માટે પણ પૈસા નથી. તેમને ખાવાના પણ ફાંફા પડી રહ્યા છે. આ તમામ લોકો ઝારખંડના હજારીબાગ અને ગિરિડીહ જિલ્લાના નિવાસી છે. તેમણે કેન્દ્ર અને રાજ્ય સરકારને અપીલ કરી છે કે અમને અમારા પરિવાર પાસે પરત લાવવામાં મદદ કરો.

આ તમામ કામદારો જાન્યુઆરી ૨૦૨૪માં અબુ ધાબી ગયા હતા. આ લોકોમાંથી એક ચારુમા એક ન્યૂઝ ચેનલને જણાવ્યું કે, કામ પર રાખતી વખતે કોન્ટ્રાક્ટરે કહ્યું હતું કે, અમારી કંપની ૧૦ વર્ષથી વધુ સમયથી અહીં કામ કરી રહી છે અને વિશ્વસનીય છે. હવે છેલ્લા ૩ મહિનાથી અમને પગાર નથી મળ્યો. મકાનમાલિકે અમારું પાણીનું કનેક્શન કાપી નાખ્યું છે અને અમને ઘરમાંથી કાઢી મૂકવાની ધમકી આપી છે.

બિષ્ણુગઢના ૨૮ વર્ષીય અર્જુન મહતોએ કહ્યું કે, આ જ એક કામ છે જે અમે જાણીએ છીએ અને અમને આવડે છે. પરંતુ છેલ્લા ત્રણ મહિના અમારા માટે ખૂબ જ મુશ્કેલ રહ્યા છે. ક્યારેક-ક્યારેક કોન્ટ્રાક્ટર અમને ૬૦૦ રૂપિયા આપતો અને આઠ લોકોમાં વહેંચવાનું કહેતો હતો. અન્ય એક કામદારે જણાવ્યું કે, મારો પરિવાર ખૂબ જ ચિંતિત છે અને મારા પાછા ફરવાની રાહ જોઈ રહ્યો છે. ખૂબ જ ખરાબ પરિસ્થિતિમાંથી પસાર થઈ રહેલા આ કામદારોએ પ્રવાસી અધિકારો માટે કામ કરતા સિકંદર અલીનો સંપર્ક કર્યો.

અલીનું કહેવું છે કે, હું સતત અધિકારીઓના સંપર્કમાં છું.

ઝારખંડ રાજ્ય સ્થળાંતર નિયંત્રણ ખંડના પ્રમુખ શિખા લાકડાએ જણાવ્યું કે, વિદેશ મંત્રાલય અને દુબઈ સ્થિત ભારતીય દૂતાવાસ સાથે સંકલન કરીને કામદારોને સુરક્ષિત રીતે પરત લાવવાનું કામ ચાલી રહ્યું છે.

આ તમામ મુશ્કેલીઓમાંથી પસાર થવા છતાં આ પ્રવાસી કામદારો કહે છે કે અમે વિદેશમાં કામ શોધવાનું ચાલુ રાખીશું કારણ કે વિદેશી કંપનીઓ અમને સારા પૈસા આપે છે, તેમાંથી અમે થોડા પૈસા બચાવી શકીએ અને ઘરે મોકલી શકીએ છીએ.

## ફેસબુક ઉપર ખાલી 3 શબ્દો લખવા બેન્ક કર્મીને મોંઘા પડ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)

**બેંગલુરુ, તા.૨૭**

કર્ણાટકની કોડાગુ પોલીસે બેંક કર્મચારી પાસેથી ૭ લાખ રૂપિયાની સાયબર છેતરપિંડી કરવાના આરોપમાં પાંચ લોકોની ધરપકડ કરી છે. પાંચેય લોકોએ નકલી પોલીસ અધિકારીઓ તરીકે ઓળખ કરીને આ છેતરપિંડી કરી હતી. આરોપીઓની ઓળખ ઈબ્રાહિમ બાદશાહ, રાઘવેન્દ્ર, સંગીતા, ચરણ તરીકે થઈ છે. આરોપીઓમાંથી એક સગીર છે. સંગીતા મુખ્ય આરોપી ઈબ્રાહિમની પત્ની છે. ફરિયાદ મુજબ, પીડિત પાર્શીવ મૂર્તિ મડાપટન ગામનો રહેવાસી છે. તેનું ગામ કુશલનગર શહેરમાં આવેલું છે. તેણે જણાવ્યું કે, તેણે ૧૧ ઓક્ટોબર ૨૦૨૪ ના રોજ ફેસબુક પર એક વ્યક્તિને ભૂલથી મેસેજ મોકલ્યો હતો. ૨ નવેમ્બરના રોજ તેને એક ફોન આવ્યો. ફોન કરનારે દાવો કર્યો હતો કે તે પેરિયાપટન સાયબર પોલીસ વિભાગમાંથી બોલી રહ્યો છે. ફોન કરનારે પીડિતને કહ્યું કે, તેણે સોશિયલ મીડિયા પર એક છોકરીને હેરાન કરી છે. ફોન કરનારે ૭ લાખ રૂપિયાની માંગણી કરી હતી. તેણે ધમકી પણ આપી હતી કે જો તે પૈસા નહીં ચૂકવે તો તે તેના ઘરે આવીને તેની ધરપકડ કરશે. તેના પરિવાર સામે તેનું અપમાન કરવામાં આવશે. તેને જેલમાં પણ મોકલી દેવામાં આવશે. પાર્શીવ મૂર્તિ એક સહકારી બેંકમાં કામ કરે છે.

શરૂઆતમાં, તે ફરિયાદ નોંધાવવામાં અચકાયો. સતત ધમકીભર્યા ફોન અને માનસિક દબાણને કારણે, તે પૈસા ચૂકવતો રહ્યો. તેણે છેતરપિંડી કરનારાઓને લગભગ ૭ લાખ રૂપિયા આપ્યા. છતાં, જ્યારે ફોન કરનારે તેને હેરાન કરવાનું બંધ ન કર્યું, ત્યારે તેણે ૧૧ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી. ડીએસપી પી. ચંદ્રશેખરના નેતૃત્વમાં એક તપાસ ટીમ બનાવવામાં આવી. ટીમે તમામ આરોપીઓની ધરપકડ કરી. આરોપીઓના કબજામાંથી ચાર મોબાઈલ ફોન પણ જપ્ત કરવામાં આવ્યા.

## સંજુ સેમસન નવી ટીમ સાથે જોડાશે..! ૫ જુલાઈએ નિર્ણય થશે


**કેરળ ક્રિકેટ લીગ ની આગામી આવૃત્તિ માટે ખેલાડીઓની હરાજી ૫ જુલાઈએ તિરુવનંતપુરમમાં યોજાવાની છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા.૨૭**

સંજુ સેમસન ટૂંક સમયમાં એક નવી T20 ટીમ મેળવવા જઈ રહ્યો છે. તે ફ્રેન્ચાઈઝી લીગમાં એક નવી ટીમ સાથે રમતા જોવા મળશે. વિકેટકીપર બેટ્સમેન સંજુ સેમસન પહેલી વાર કેરળ ક્રિકેટ લીગ (KCL)ના ખેલાડીઓની હરાજીમાં પ્રવેશવા માટે તૈયાર છે.

KCL T20 લીગની બીજી આવૃત્તિ ઓગસ્ટમાં શરૂ થશે. કેરળ ક્રિકેટ એસોસિએશન દ્વારા આયોજિત KCL T20 હરાજી ૫ જુલાઈએ તિરુવનંતપુરમમાં યોજાશે. આ હરાજીમાં સંજુ સૌથી મોટું નામ હશે. જો આ ખેલાડી નવી ટીમમાં જોડાશે તો આગામી સીઝન ક્રિકેટ પ્રેમીઓ અને સંજૂના ફેન્સ માટે રસપ્રદ બની રહેશે.




આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વ્યસ્ત હોવાને કારણે સંજુ સેમસન ૨૦૨૪માં યોજાયેલી KCLની પહેલી આવૃત્તિમાં રમી શક્યો ન હતો. ત્યારબાદ તેને લીગનો એમ્બેસેડર બનાવવામાં આવ્યો હતો. પરંતુ આ વર્ષે તેણે પોતાનું નામ હરાજી માટે મોકલ્યું છે. આ વર્ષે એશિયા કપ યોજાવાનો છે. આ વાતને ધ્યાનમાં રાખીને, સંજુએ પોતાનું નામ હરાજી પૂલમાં આપ્યું છે. KCLની નવી સીઝન ૨૨ ઓગસ્ટથી ૦૭ સપ્ટેમ્બર સુધી ચાલશે. આનો અર્થ એ થયો કે જો બાંગ્લાદેશ વિરુદ્ધ ભારત (૧૭ ઓગસ્ટ - ૩૧ ઓગસ્ટ) સીરિઝ આગળ જાય છે, તો સેમસન પ્લેઓફ મેચો માટે ઉપલબ્ધ થઈ શકે છે.

સંજુ સેમસન જેવા મોટા ખેલાડીઓ આ લીગમાં જોડાતા અન્ય ખેલાડીઓને મોટો ફાયદો થશે. ખાસ કરીને તિરુવનંતપુરમના લોકો માટે તે મહત્વનું હશે. જો તેને ત્રિવેન્દ્રમ રોયલ્સ ટીમ દ્વારા પસંદ કરવામાં આવે છે, તો તેને સ્થાનિક લોકોનો ટેકો મળશે. અને સ્ટેડિયમમાં તેને જોવા માટે મોટી ભીડ ઉમટી પડશે. IPLમાં રાજસ્થાન રોયલ્સનું નેતૃત્વ કરનાર સંજુ આ લીગ દ્વારા પ્રેક્ટિસ કરવા અને ભારતીય T20 ટીમમાં પોતાનું સ્થાન સુરક્ષિત કરવા માંગશે. સંજુ હાલમાં ટીમની બહાર છે. ખાસ કરીને જ્યારે સંજુને આ વર્ષની શરૂઆતમાં ઈંગ્લેન્ડ સામેની ૫ મેચની T20 સીરિઝમાં તક મળી હતી પરંતુ તે તેનો લાભ ઉઠાવી શક્યો ન હતો.

KCL ની બીજી સીઝનમાં ૬ ટીમો ભાગ લેશે. તેમાં કોલ્લમ સેઈલર્સ, કાલિકટ ગ્લોબસ્ટાર્સ, એલેપ્પી રિપલ્સ, કોચી બ્લુ ટાઈગર્સ, થ્રિસુર ટાઈટન્સ અને ત્રિવેન્દ્રમ રોયલ્સનો સમાવેશ થાય છે. લીગની પ્રથમ આવૃત્તિમાં, ૧૬૮ ખેલાડીઓએ તેમના નામ નોંધાવ્યા હતા, જેમાંથી ૧૧૪ ખેલાડીઓની પસંદગી કરવામાં આવી હતી. બધી ફ્રેન્ચાઈઝીઓએ લગભગ ૫૦ લાખ ખર્ચ કર્યા હતા. ગયા વખતે, સચિન બેબીના નેતૃત્વ હેઠળની ટીમ કોલ્લમ સેઈલર્સે ફાઈનલમાં કાલિકટ ગ્લોબસ્ટાર્સને હરાવીને ટાઈટલ જીત્યું હતું.

## અદાણી જૂથ ભારતની સૌથી ઝડપથી વિકસતી બ્રાન્ડ વેલ્યુ USD 3.55 બિલિયનથી વધીને USD 6.46 બિલિયન

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**અમદાવાદ, તા.૨૭**

અદાણી ગ્રુપ સૌથી ઝડપથી વિકસતી ભારતીય બ્રાન્ડ બની છે. બ્રાન્ડ ફાઈનાન્સ દ્વારા ૨૦૨૫માં મોસ્ટ વેલ્યુએબલ ઈન્ડિયન બ્રાન્ડ્સના તાજેતરના રેન્કિંગ અનુસાર અદાણી ગ્રુપ સૌથી ઝડપથી વિકસતી ભારતીય બ્રાન્ડ તરીકે ઉભરી આવ્યું છે.

અદાણી બ્રાન્ડ વેલ્યુ ૨૦૨૪ માં USD 3.55 બિલિયનથી વધીને USD 6.46 બિલિયન થયું છે. ગત વર્ષ કરતાં તે USD 2.91 બિલિયનનો નોંધપાત્ર વધારો દર્શાવે છે. ગ્રુપની વ્યૂહાત્મકતા, સ્થિતિ સ્થાપકતા અને ટકાઉ વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાનો તે જીવંત પુરાવો છે. આ વર્ષે મૂલ્યમાં વધારો ૨૦૨૩માં નોંધાયેલા સમગ્ર બ્રાન્ડ મૂલ્યાંકન કરતા વધારે છે. આ વૃદ્ધિ અદાણીએ ગત વર્ષના ભારતની ટોચની બ્રાન્ડ્સમાં ૧૬ મા ક્રમેથી ૧૩ મા ક્રમે પહોંચવામાં મદદ કરી છે.

આ વર્ષે અદાણી ગ્રુપ સૌથી ઝડપથી વિકસતી ભારતીય બ્રાન્ડ તરીકે ઉભરી આવ્યું છે. તેની બ્રાન્ડ મૂલ્યમાં ૮૨ ટકાનો વધારો થયો છે. જૂથની વૃદ્ધિ સંકલિત માળખાગત ધ્યાન, ગ્રીન એનર્જી મહત્વાકાંક્ષાઓમાં વધારો અને મુખ્ય હિસ્સેદારોમાં વધેલી બ્રાન્ડ ઈક્વિટીને આભારી છે.

લંડન સ્થિત બ્રાન્ડ ફાઈનાન્સ વિશ્વની અગ્રણી બ્રાન્ડ વેલ્યુએશન કન્સલ્ટન્સી છે. તેનું વાર્ષિક રેન્કિંગ એક વ્યાપક પદ્ધતિ પર આધારિત છે જેમાં બ્રાન્ડ સ્ટ્રેન્થ ઈન્ડેક્સ (ગ્રાહક ધારણાઓ અને વર્તણૂકીય આંતરદૃષ્ટિનું માપન), બ્રાન્ડ ઈમ્પેક્ટ (લાગુ રોયલ્ટી દરમાં પ્રતિબિંબિત) અને આગાહી આવક (બ્રાન્ડના ભાવિ નાણાકીય યોગદાનનો અંદાજ) શામેલ છે. બ્રાન્ડ ફાઈનાન્સ દ્વારા તાજેતરના ઈન્ડિયા ૧૦૦ ૨૦૨૫ રિપોર્ટ અનુસાર, ઈન્ડિયા ૧૦૦ રેન્કિંગનું કુલ બ્રાન્ડ મૂલ્ય હવે USD 236.5 બિલિયન છે.

બ્રાન્ડ ફાઈનાન્સ રિપોર્ટમાં જણાવાયું છે કે “ટાટા ગ્રુપનું બ્રાન્ડ મૂલ્ય ૧૦ ટકા વધીને USD 31.6 બિલિયન થયું છે. તે ભારતની સૌથી મૂલ્યવાન બ્રાન્ડની યાદીમાં ફરીથી ટોચ પર છે.” આ ઐતિહાસિક સીમાચિહ્ન ભારતના વિસ્તરતા આર્થિક પ્રભાવ અને ટાટા ગ્રુપના બહુ-ક્ષેત્રીય વર્ચસ્વને રેખાંકિત કરે છે. જેમાં ઈલેક્ટ્રોનિક્સ, ઈવી, સેમિકન્ડક્ટર, એઆઈ અને રિન્યુએબલ્સમાં વ્યૂહાત્મક રોકાણો છે.




બીજા ક્રમની સૌથી મૂલ્યવાન ભારતીય બ્રાન્ડ તરીકે ઈન્ફોસિસ (બ્રાન્ડ વેલ્યુ ૧૫ ટકા વધીને USD 16.3 બિલિયન) IT સર્વિસિસ ક્ષેત્રમાં આગળ છે. જ્યારે HDFC ગ્રુપ (બ્રાન્ડ વેલ્યુ ૩૭ ટકા વધીને USD 14.2 બિલિયન) રેન્કિંગમાં ત્રીજા ક્રમે છે. HDFC લિમિટેડ સાથે મર્જર પછી નાણાકીય સેવાઓના ટાઈટન તરીકે તેની ભૂમિકા મજબૂત બનાવી છે.

ચોથા સ્થાને, LIC (બ્રાન્ડ વેલ્યુ ૩૫ ટકા વધીને USD 13.6 બિલિયન) એ પણ પ્રશંસનીય વૃદ્ધિ દર્શાવી છે. ત્યારબાદ HCLTech (બ્રાન્ડ વેલ્યુ ૧૭ ટકા વધીને USD 8.9 બિલિયન) આઠમા સ્થાને છે. લાર્સન એન્ડ ટુબ્રો ગ્રુપ (બ્રાન્ડ વેલ્યુ ૩ ટકા વધીને USD 7.4 બિલિયન) એ હાઈ-ટેક મેન્યુફેક્ચરિંગ પર વધુ ભાર મૂક્યો છે, સાથે સાથે રિન્યુએબલ અને સેમિકન્ડક્ટર્સમાં વૈવિધ્યકરણ સાથે, નવમા સૌથી મૂલ્યવાન ભારતીય બ્રાન્ડ તરીકે સ્થાન મેળવ્યું છે.

૧૦મા સ્થાને, મહિન્દ્રા ગ્રુપની બ્રાન્ડ વેલ્યુ ૯ ટકા વધીને USD 7.2 બિલિયન થઈ છે. ટેક અને એન્જિનિયરિંગ નવીનતા સાથે તેણે મજબૂત ગતિ જાળવી રાખી છે.

# ઈરાનના વિદેશ મંત્રીની ચેતવણી : હુમલાનો ઈરાદો નથી, પરંતુ ઈઝરાયલ અટકશે નહીં તો અમે છોડીશું નહીં

## સીઝફાયરનું પાલન કરવા બંને પક્ષોની સહમતિ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**તહેરાન, તા.૨૭**

ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ અમેરિકાના હુમલામાં ઈરાનના ત્રણ પરમાણુ મથકો પર ગંભીર અને મોટુ નુકસાન થયું હોવાનો અંતે સ્વીકાર કર્યો છે. વધુમાં ઈરાને આગામી સપ્તાહે ટ્રમ્પ સાથે પરમાણુ કરાર પર વાતચીતના દાવાને પણ ફગાવ્યો છે. અરાઘચીએ સ્થાનિક મીડિયા હાઉસ સમક્ષ સ્વીકાર્યું હતું કે, અમેરિકાના હુમલાના કારણે દેશના ન્યુક્લિયર ઈન્ફ્રાસ્ટ્રક્ચરને અત્યંત ગંભીર નુકસાન થયું છે. અમેરિકાએ બંકર બસ્ટિંગ બોમ્બ સાથે યુએસ-બી-૨ બોમ્બર્સ દ્વારા ફોર્ડો, નાતાંજ, અને ઈસ્ફહાન પરમાણુ મથકો પર હુમલો કર્યો હતો.

ઈરાનના વિદેશ મંત્રીએ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નિવેદનને ખોટું ઠેરવ્યું છે. ટ્રમ્પે નિવેદન આપ્યું હતું કે, આગામી સપ્તાહે વોશિંગ્ટનમાં ઈરાન સાથે બેઠક કરવાની યોજના છે. જેમાં તેઓ પરમાણુ કરાર, પ્રતિબંધો દૂર કરવા સહિતના મુદ્દાઓ પર ચર્ચા કરશે. જો કે, અરાઘચીએ આ દાવાને ખોટો ઠેરવતાં કહ્યું હતું કે, અમે આગામી સપ્તાહે અમેરિકા સાથે કોઈ બેઠક કરવાના નથી. આવી કોઈ યોજના નક્કી થઈ નથી.

અરાઘચીએ આગળ કહ્યું કે, સીઝફાયરનું પાલન કરવા માટે બંને પક્ષોની સહમતિ હોવી જરૂરી છે. અમારી હુમલો કરવાની કોઈ યોજના કે ઈચ્છા નથી. પરંતુ જો ઈઝરાયલે હુમલો કર્યો તો અમે વળતો જવાબ અવશ્ય આપીશું.

ઈરાન-ઈઝરાયલ વચ્ચે યુદ્ધ વિરામ બાદ અમેરિકાની ટ્રમ્પ સરકારે ઈરાન સાથે એક નવો કરાર કરવાની યોજના બનાવી છે. જેમાં ઈરાનને ૩૦ અબજ ડૉલર (રૂ.૨.૫૭ લાખ કરોડ) સુધીની સહાયતા, પ્રતિબંધોમાં રાહત અને ફ્રીઝ કરેલા અબજો ડૉલરની રકમ મુક્ત કરવાની રજૂઆત સામેલ છે. અમેરિકાએ ઈરાનના પરમાણુ કાર્યક્રમનો વિરોધ કરતાં તેના ત્રણ પરમાણુ મથક પર હુમલો કર્યો હતો. હવે યુદ્ધવિરામ બાદ તેણે ઈરાન સાથે પરમાણુ સમાધાન પર ચર્ચાઓ શરુ કરી છે. જેમાં ઈરાનને એક નોન એનરિચમેન્ટ ન્યુક્લિયર પ્રોગ્રામ માટે ૩૦ અબજ ડૉલર (રૂ.૨.૫૭ લાખ કરોડ)ની સહાયતા આપવાનો પ્રસ્તાવ રજૂ કરાયો છે. આ ફંડનો ઉપયોગ વીજ મશીનરી જેવા નાગરિક ઉર્જા ઉત્પાદન માટે થશે. ટ્રમ્પ સરકારે સ્પષ્ટતા કરી છે કે, આ રકમ અમેરિકા દ્વારા આપવામાં નહીં આવે. પરંતુ તેના અરબ પાર્ટનર્સ (કતાર, યુએઈ, અને સાઉદી અરેબિયા) દ્વારા આપવામાં આવશે. એક અમેરિકી અધિકારીએ જણાવ્યું કે, અમે આ બેઠકનું નેતૃત્વ કરવા તૈયાર છીએ. પરંતુ આ પ્રોજેક્ટમાં અમે ફંડિંગ નહીં આપીએ.

# કમલ હાસન અને આયુષ્માન ખુરાનાને આમંત્રણ

# ૫૩૪ ગ્લોબલ સેલેબ્સને મળ્યું ઓસ્કરનું આમંત્રણ

(સંપૂર્ણ સમાચાર સેવા)
**વોશિંગ્ટન, તા.૨૭**

ભારતીય સિનેમા માટે આ અઠવાડિયુ ગૌરવપૂર્ણ રહ્યું છે. પ્રખ્યાત અભિનેતા કમલ હાસન અને પોતાના શાનદાર અભિનયથી દરેકનું દિલ જીતનાર આયુષ્માન ખુરાનાને હોલિવૂડની સૌથી પ્રતિષ્ઠિત સંસ્થા 'એકેડેમી ઓફ મોશન પિક્ચર આર્ટ્સ એન્ડ સાયન્સિસ' દ્વારા ઓસ્કરના સભ્ય બનવાનું આમંત્રણ મોકલાયું છે.

આ તક માત્ર બંને કલાકારો માટે સન્માનની વાત નથી પણ ભારતીય ફિલ્મ ઉદ્યોગ માટે પણ એક મોટી સિદ્ધિ માનવામાં આવી રહી છે.

આ વર્ષે ઓસ્કર એકેડેમીએ કુલ ૫૩૪ નવા સભ્યોને આમંત્રણ મોકલ્યું છે, જેમાં ભારતમાં અભિનેતા કમલ હાસન અને આયુષ્માન ખુરાના સાથે કાસ્ટિંગ ડિરેક્ટર કરણ માલી, સિનેમેટોગ્રાફર રણવીર દાસ, કોસ્ચ્યુમ ડિઝાઈનર મેક્સિમા બાસુ, ડોક્યુમેન્ટરી ફિલ્મમેકર સ્મૃતિ મુન્દ્રા અને ફિલ્મમેકર પાયલ કપાડિયાને પણ ઓસ્કરનું આમંત્રણ મળ્યું છે.

ઓસ્કર અવૉર્ડ ઈવેન્ટની તારીખ પણ નક્કી થઈ ચૂકી છે. આ ભવ્ય આયોજન ૧૫ માર્ચ ૨૦૨૬ના રોજ યોજાશે, જેમાં જાણીતા હોસ્ટ કોનન ઓ બ્રાયન મેજબાનીની જવાબદારી નિભાવશે.

નોમિનેશન માટેની વોટિંગ ૧૨થી ૧૬ જાન્યુઆરી ૨૦૨૬ સુધી રહેશે અને નોમિનેશનની ઔપચારિક જાહેરાત ૨૨ જાન્યુઆરીએ કરવામાં આવશે. જેથી સ્પષ્ટ છે કે ભારતીય સિનેમાની પહોંચ હવે ફક્ત રાષ્ટ્રીય સીમાઓ સુધી મર્યાદિત નથી રહી. વૈશ્વિક સ્તર પર કલાકારોની માન્યતા ભારતની સાંસ્કૃતિક શક્તિનો પુરાવો બની રહી છે.

# ઈરાનને ટ્રમ્પની મોટી ઓફર : 30 અબજ ડોલરની સહાય આપીશું અને પ્રતિબંધો પણ હળવા કરીશું

## ઈરાન-ઈઝરાયલ વચ્ચે યુદ્ધ વિરામ બાદ અમેરિકાની ટ્રમ્પ સરકારે ઈરાન સાથે એક નવો કરાર કરવાની યોજના બનાવી છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**વોશિંગ્ટન, તા.૨૭**

ઈરાન-ઈઝરાયલ વચ્ચે યુદ્ધ વિરામ બાદ અમેરિકાની ટ્રમ્પ સરકારે ઈરાન સાથે એક નવો કરાર કરવાની યોજના બનાવી છે. જેમાં ઈરાનને ૩૦ અબજ ડોલર (રૂ.૨.૫૭ લાખ કરોડ) સુધીની સહાયતા, પ્રતિબંધોમાં રાહત અને ફ્રીઝ કરેલા અબજો ડોલરની રકમ મુક્ત કરવાની રજૂઆત સામેલ છે.

હાલમાં જ અમેરિકાએ ઈરાનના પરમાણુ કાર્યક્રમનો વિરોધ કરતાં તેના ત્રણ પરમાણુ મથક પર હુમલો કર્યો હતો. હવે યુદ્ધવિરામ બાદ તેણે ઈરાન સાથે પરમાણુ સમાધાન પર ચર્ચાઓ શરૂ કરી છે. જેમાં ઈરાનને એક નોન એનરિચમેન્ટ ન્યૂક્લિયર પ્રોગ્રામ માટે ૩૦ અબજ ડોલર (રૂ.૨.૫૭ લાખ કરોડ)ની સહાયતા આપવાનો પ્રસ્તાવ રજૂ કરાયો છે. આ ફંડનો ઉપયોગ વીજ મશીનરી જેવા નાગરિક ઉર્જા ઉત્પાદન માટે થશે. ટ્રમ્પ સરકારે સ્પષ્ટતા કરી છે કે, આ રકમ અમેરિકા દ્વારા આપવામાં નહીં આવે. પરંતુ તેના અરબ પાર્ટનર્સ (કતાર, યુએઈ, અને સાઉદી અરેબિયા) દ્વારા આપવામાં આવશે.

એક અમેરિકી અધિકારીએ જણાવ્યું કે, અમે આ બેઠકનું નેતૃત્વ કરવા તૈયાર છીએ. પરંતુ આ પ્રોજેક્ટમાં અમે ફંડિંગ નહીં આપીએ. પ્રસ્તાવમાં ઈરાન પર મૂકવામાં આવેલા પ્રતિબંધો દૂર કરવા અને વિદેશી બેક્રોમાં ફ્રીઝ કરવામાં આવેલી ૬ અબજ ડોલરની રકમ મુક્ત કરવાની વાત સામેલ છે. આ રકમ ૨૦૨૩માં અમેરિકા-ઈરાન કેદી અદલા-બદલી કરાર હેઠળ કતારમાં જમા હતી. પરંતુ ઈરાન તેનો સ્વતંત્ર રૂપે ઉપયોગ કરી શકતું ન હતું. ઈરાને માગ કરી છે કે, તમામ પ્રતિબંધ તાત્કાલિક ધોરણે દૂર કરવામાં આવશે. જેથી ક્રૂડ આધારિત અર્થવ્યવસ્થા પ્રભાવિત ન થાય. અન્ય એક પ્રસ્તાવમાં અમેરિકાએ ભલામણ કરી છે કે, હાલમાં જ હુમલામાં ક્ષતિગ્રસ્ત બનેલી ફોર્ડો પરમાણુ સુવિધાને નોન-એનરિચમેન્ટ ન્યૂક્લિયર પ્લાન્ટ તરીકે પુનઃસ્થાપિત કરવા ચૂકવણી કરશે. આ સુવિધા ઈરાનમાં હશે કે નહીં તેનો નિર્ણય હજુ સુધી લેવામાં આવ્યો નથી.

અમેરિકાએ શરત મૂકી છે કે, ઈરાને યુરેપિયન એનરિચમેન્ટ સંપૂર્ણપણે બંધ કરવુ પડશે. ટ્રમ્પ સરકારના ખાસ દૂત સ્ટીવ વિટકૉફે જણાવ્યું હતું કે, એનરિચમેન્ટ વિના ઈરાન એક નાગરિક પરમાણુ કાર્યક્રમ કેવી રીતે બનાવી શકે છે. હવે અમે ચર્ચા કરી રહ્યા છીએ? જ્યારે ઈરાન સતત દલીલ કરતું રહ્યું છે કે, તેની પાસે ન્યૂક્લિયર એનરિચમેન્ટનો અધિકાર હોવો જોઈએ. કારણકે, તે ન્યૂક્લિયર નોન-પ્રોલિફરેશન ટ્રિટી ધરાવે છે.

# ફ્રાન્સમાં વાવાઝોડું ત્રાટક્યું, ૧૨૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાયો, બેનાં મોત

## વડાપ્રધાન ફ્રેન્કોઈસ બેયરોઉ સંબોધન કરી રહ્યા હતા ત્યારે જ સંસદભવનની છતમાંથી પાણી ટપકવા લાગ્યું હતું : સંસદનું સત્ર તાત્કાલિક રદ્ કરી દેવાયું હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)
**નવી દિલ્હી, તા.૨૭**

ફ્રાન્સમાં વાવાઝોડાએ ભારે નુકસાન કર્યું છે. વાવાઝોડાં અને અતિ ભારે વરસાદના કારણે અનેક વૃક્ષો ધરાશાયી થયા છે. પેરિસ અને મ્યેનમાં જુદા જુદા કિસ્સામાં બે લોકોનાં મોત થયા છે. ઠેર-ઠેર પાણી ભરાઈ જતાં પેરિસમાં હાલાકી સર્જાઈ છે. સ્કૂલ-કોલેજો બંધ રાખવાની ફરજ પડી હતી. પેરિસના પ્રવાસન સ્થળોને તુરંત બંધ કરાવીને પ્રવાસીઓને સલામત સ્થળોએ પહોંચાડવામાં આવ્યા હતા.

ફ્રાન્સમાં પેરિસ સહિતના ઘણાં સ્થળોએ વાવાઝોડાં સાથે ધોધમાર વરસાદ વરસ્યો છે. ભારે વરસાદના કારણે પેરિસમાં ઠેર-ઠેર પાણી ભરાયા હતા. પેરિસમાં તમામ આઉટડોર એક્ટિવિટી તાત્કાલિક અસરથી બંધ કરી દેવાઈ હતી. વરસાદી ઘટનાઓમાં ફ્રાન્સમાં ત્રણ લોકોનાં મોત થયા છે. લગભગ બે ડઝનથી વધુને ઈજા પહોંચી છે. અનેક વૃક્ષો ધરાશાયી થયા છે. ફ્રાન્સમાં પેરિસ સહિતના ઘણાં શહેરોમાં વીજળી ગૂલ થઈ ગઈ હતી. ૧.૧૦ લાખ ઘરોમાંથી વીજળી ગૂલ થયાની ફરિયાદ નોંધાઈ હતી. લાખો લોકો અંધારપટ્ટમાં રાત વીતાવશે. ૧૨૦ કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાતા જનજીવનને અસર થઈ હતી. વડાપ્રધાન ફ્રેન્કોઈસ બેયરોઉ સંબોધન કરી રહ્યા હતા ત્યારે જ સંસદભવનની છતમાંથી પાણી ટપકવા લાગ્યું હતું. લાઈવ ભાષણ વખતે વડાપ્રધાને એ બતાવીને કહ્યું હતું કે આ જુઓ! કેવો ભયાનક વરસાદ વરસી રહ્યો છે. આ ઘટના પછી સંસદનું સત્ર તાત્કાલિક અસરથી રદ્ કરી દેવાયું હતું. ફ્રાન્સની સંસદમાં મધ્યપૂર્વની કટોકટી બાબતે ચર્ચા ચાલી રહી હતી.




### સિરીઝનું પોસ્ટર રિલીઝ થતાં જ ફૅન્સ ઉત્સાહમાં

# શ્રીકાંત તિવારી 'ફેમિલી મેન-3'માં નવા મિશન પર જશે




(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૭**

મનોજ બાજપાઈની લોકપ્રિય સિરીઝ 'ધ ફેમિલી મેન ૩'નું પોસ્ટર રિલીઝ થઈ ગયું છે. રાજ એન્ડ ડીકેની આ સિરીઝની આગળની બે સિઝન ઘણી લોકપ્રિય થઈ છે. તેમાં મનોજ બાજપાઈનો શ્રીકાંત તિવારી તરીકેનો રોલ ઘણો લોકપ્રિ થયો છે. ત્યારે હવે એમેઝોન પ્રાઈમ વીડિયો દ્વારા આ સિરીઝનાં ફર્સ્ટ લૂકનું પોસ્ટર શેર કરવામાં આવ્યું છે. જેના કારણે આ સિરીઝના દર્શકો ઉત્સાહમાં આવી ગયાં છે. તેઓ છેલ્લાં ઘણા સમયથી સિરીઝની રાહ જુએ છે.



પ્રાઈમ વિડિયો દ્વારા શેર કરાયેલા પહેલા લૂકની કૅપ્શનમાં લખાયું, "બધાની નજર અમારા ફેમિલીમેન પર છે. ધ ફેમિની મેનની નવી સિઝન બહુ જલ્દી આવી રહી છે." આ પોસ્ટરમાં મનોજ બાજપાઈ બુકાનીધારી અને બંદૂકધારી લોકો વચ્ચે ઘેરાયેલો છે. તે દર્શાવે છે કે આ વથતની સિઝન પણ પહેલાંની બંને સિઝન જેટલી જ થ્રિલિંગ હશે.

માત્ર દર્શકો નહીં પણ આ પોસ્ટ પર સમંથા, સિરીઝમાં મનોજ બાજપાઈ સાથે જોવા મળતો શારી હાશ્મી અને શ્રેયા ધનવંતરી સહીતના કલાકારોએ પણ આ અંગે ઉત્સાહ દર્શાવ્યો હતો. આ સિરીઝની બીજી સિઝનમાં સમંથા મુખ્ય વિલન બની હતી. તેણે પણ પોતાના ઈન્સ્ટાગ્રામ પર આ પોસ્ટર શેર કર્યું હતું. જોકે, હજુ આ સિઝનની રિલીઝ ડેટ જાહેર થઈ નથી, પરંતુ છેલ્લાં કેટલાક સમયથી દિવાળી ૨૦૨૫ આસપાસ આ સિઝન આવશે એવી ચર્ચા છે. આ સિરીઝના ચાહકો માટે વધુ એક આનંદની વાત એ છે કે આ સિઝનમાં મજબુત કલાકારો સાથે જયદીપ આહલાવત પણ જોડાયો છે, તેના કારણે પણ આ સિઝન માટે વધારે ઉત્સુકતા છે. જોકે, તેના આ સિઝનમાં કોઈ રોલ વિશે પણ ઓફિશિયલી હજુ કોઈ જાહેરાત થઈ નથી. એ સિવાયની કાસ્ટની વાત કરવામાં આવે તો આ સિઝનમાં પણ પ્રિયા મણી, શારિબ હાશ્મી, શ્રેયા ધનવંતરી, આશ્લેષા ઠાકુર, વિપિન શર્મા, દલિપ તાહિલ, સીમા બિસ્વાસ અને ગુલ પનાગ જેવા કલાકારો હશે. એવી પણ શક્યતા છે કે આ સિઝનમાં રાજ અને ડીકેની અન્ય એક લોકપ્રિય સિરીઝ 'ફર્ઝી'નું ક્રોસ ઓવર જોવા મળશે, કારણ કે બંને સિરીઝ એક જ યુનિવર્સની માનવામાં આવે છે. આ ઉપરાંત 'ફર્ઝી'માં પણ શ્રીકાંત તિવારી એટલે કે મનોજ બાજપાઈનો એક કેમિયો હતો. આ સિરીઝમાં શાહિદ કપૂર અને વિજય સેતુપતિ લીડ રોલમાં હતા. 'ફેમિલી મેન ૩'નું કામ પૂરું થશે એવું તરત રાજ અને ડીકે 'ફર્ઝી'ની બીજી સિઝનનું કામ શરૂ કરવાના હોવાની પણ ચર્ચા છે.

## કાજોલની માઈથો હોરર 'મા'ના પ્રીમિયરમાં ઉમટ્યું બોલિવૂડ

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૭**

કાજોલ પહેલી વખત એક માઈથોલોજિકલ અને હોરર ફિલ્મમાં કામ કરી રહી છે. ત્યારે આ ફિલ્મ શુક્રવારે રિલીઝ થાય તે પહેલાં બુધવારે મુંબઈમાં તેનું પ્રીમિયર યોજાયું હતું. પહેલી વખત આ ઈવેન્ટમાં કાજોલે તેના દિકરા યુગ સાથે એન્ટ્રી કરી હતી.





જિયો સ્ટુડિયોઝ અને દેવગન ફિલ્મ દ્વારા આ ફિલ્મ પ્રોડ્યુસ કરવામાં આવી છે. આ ઈવેન્ટમાં અજય દેવગન સાથે ધનુષ, નુશરત ભરુચા, આનંદ એલ.રાય, સોનુ નિગમ, જેકી ભગનાની અને રકુલપ્રીત સિંહ, રોહિત શેટ્ટી, જાણીતા કલાકાર સંજય મિશ્રા અને તેમનો પરિવાર, રોનિત રોય અને તેનો પરિવાર, અજય દેવગનનો ભત્રીજો અને આઝાદ ફિલ્મનો હિરો અમન દેવગન, કાજોલની માતા તનુજા, તેની બહેન તનીષા મુખર્જી પણ આ ઈવેન્ટમાં હાડર રહ્યા હતા.

કાજોલની આ ફિલ્મમાં રોનિત રોય, ઈન્દ્રનિલ સેનગુપ્તા, જિતિન ગુલાટી, ગોપાલ સિંઘ, સુર્યશિખા દાસ, યાની ભારદ્વાજ, રુપકથા ચક્રબોર્તી અને ખેરીન શર્મા સહિતના કલાકારો છે. આ ફિલ્મ વિશાલ ફુરિયા દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે, જેમણે પહેલાં લપાછપિ અને છોરી ૧-૨ જેવી ફિલ્મ ડિરેક્ટ કરી છે. આ પહેલાં અજય દેવગન અને આર.માધવને સુપર નેચરલ હોર ફિલ્મ શૈતાન બનાવી હતી અને તેઓ આ ફિલ્મની સિક્વલ પણ બનાવવાના છે. તેનું કામ ૨૦૨૬માં શરૂ થશે, આ પહેલાં આ ફિલ્મનું કાજોલની મા માં પણ ક્રોસઓવર થવાની શક્યતા છે.

# વિદ્યા બાલન પણ રિતેશ દેશમુખની સાથે 'રાજા શિવાજી'માં કામ કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા) **મુંબઈ, તા.૨૭**

રિતેશ દેશમુખે આ વર્ષની શરૂઆતમાં જિઓ સ્ટુડિયો સાથે ભાગીદારીમાં પોતાનો ડ્રીમ પ્રોજેક્ટ 'રાજા શિવાજી' બનાવશે. આ ફિલ્મમાં રિતેશ દેશમુખ રાજાનો લીડ કરવા ઉપરાંત ફિલ્મ ડિરેક્ટ પણ કરશે. તેણે આ મરાઠી ફિલ્મ માટે સમગ્ર દેશમાંથી ઉત્તમ કલાકારો લીધા છે. આ ફિલ્મમાં સંજય દત્ત, અભિષેક બચ્ચન, મહેશ માંજરેકર, સચિન ખેડેકર, ભાગ્યશ્રી, ફરદીન ખાન, જિતેન્દ્ર જોશી, અમોલ ગુપ્તે અને જેનિલિયા જેવી મોટી કાસ્ટ તો હતી જ. હવે એવા અહેવાલ છે કે આ ફિલ્મની કાસ્ટ વધુ મોટી થઈ છે, તેમાં રિતેશ સાથે વિદ્યા બાલન પણ જોડાઈ છે. તે આ ફિલ્માં મહત્વનો રોલ કરશે.




આ અંગે સુત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, "આ ફિલ્મમાં ભારતીય ઈતિહાસના સૌથી વધુ બહાદુરીભર્યા પ્રકરણમાં કામ કરવા માટે વિદ્યા બાલન ઘણી ઉત્સુક છે. આ ફિલ્મમાં કામ કરવા માટે વિદ્યાએ તરત જ હા પાડી દીધી હતી, વિદ્યા જેવી કલાકારને ડિરેક્ટ કરવા માટે રિતેશ પણ ઉત્સાહીત છે." સુત્રએ આગળ એવું પણ જણાવ્યું કે વિદ્યાએ આ ફિલ્મ માટે લૂક ટેસ્ટ પણ કરી લીધો છે અને જલ્દી જ સેટ પર શૂટ માટે પહોંચશે. સુત્રએ જણાવ્યું, "આ રોલ ઘણો મહત્વનો છે તેમાં કોઈ મજબુત કલાકાર જ જોઈએ. આ રોલ માટે વિદ્યાને મળવાનું રિતેશના મનમાં પણ નહોતું. આ ફિલ્મનું શૂટિંગ શરૂ થઈ ચૂક્યું છે અને પુર જોશમાં ટીમ કામ કરી રહી છે, જેથી મહારાષ્ટ્ર સ્થાપના દિવસ નિમિત્તે ૧ મે, ૨૦૨૬માં ફિલ્મ રિલીઝ થઈ શકે." મહત્વની વાત એ છે કે રાજા શિવાજી એવી બહુ ઓછી મરાઠી ફિલ્મમાંની એક છે, જે પૅન ઈન્ડિયા રિલીઝ થશે. સુત્રએ જણાવ્યું, "છત્રપતિ શિવાજી મહારાજની વાત મહારાષ્ટ્રમાંથી જ કહેવાવી જોઈએ. આ માત્ર ફિલ્મ નથી, પરંતુ સમગ્ર ટીમ માટે આ એક લાગણી છે. તેથી તેઓ સૌથી ઈમાનદારી અને ગંભીરતાથી ફિલ્મ બનાવી રહ્યા છે."

# અજય દેવગને ફિલ્મ 'સન ઓફ સરદાર ૨'નું પોસ્ટર રિલીઝ કર્યું

## આ ફિલ્મમાં મૃણાલ ઠાકુર લીડ રોલમાં હશે, વિજય કુમાર અરોરાએ આ ફિલ્મ ડિરેક્ટ કરી છે, જેમાં એક્શન, કોમેડી અને ડ્રામાનું મિશ્રણ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)
**મુંબઈ, તા.૨૭**

અજય દેવગનની ક્રેઝી કોમેડી ફિલ્મની સિક્વલ આવી રહી છે, અજયની પાઘડી ગેંગ ફરી એક વખત મોટા પડદે જોવા મળશે. 'સન ઓફ સરદાર ૨'નું પોસ્ટર જાહેર કરી દેવાયું છે, જેને 'રીટર્ન ઓફ ધ સરદાર' નામ આપવામાં આવ્યું છે. અજય દેવગને પોતાના સોશિયલ મીડિયામાં આ ફિલ્મનું એક નવું પોસ્ટર જાહેર કરવામાં આવ્યું છે, આ ફિલ્મ ૨૫ જુલાઈએ રિલીઝ થશે. આ પોસ્ટર શેર કરતાં કૅપ્શનમાં અજય દેવગને લખ્યું હતું, "આ ફેમિલી ફોટો નથી, આ થનારા ધડાકાની વોર્નિંગ છે સન ઓફ સરદાર ૨




સિનેમામાં ૨૫ જુલાઈએ, સરદાર આવી ગયા છે." આ પહેલાં અજયે ટીઝર પોસ્ટર શેર કર્યું હતું, તેમાં તે પાઘડી પહેરીને દેખાતો હતો. આ ફિલ્મમાં મૃણાલ ઠાકુર લીડ રોલમાં હશે. વિજય કુમાર અરોરાએ આ ફિલ્મ ડિરેક્ટ કરી છે, જેમાં એક્શન, કોમેડી અને ડ્રામાનું મિશ્રણ છે. આ ફિલ્મ ૨૦૧૨ની બ્લોક બસ્ટર સન ઓફ સરદારની સિક્વલ છે. જેમાં અજય દેવગન જસ્સીનો અને સંજય દત્ત બિલ્લુનો રોલ કરે છે. આ ફિલ્મમાં સંજય દત્ત વિલનના રોલમાં જોવા મળશે. મહત્વની વાત એ છે કે આ ફિલ્મમાં વિજય રાઝની વિવાદાસ્પદ એક્ઝિટ પછી હવે તેના બદલે સંજય મિશ્રાને લેવાયા છે, આ પાત્ર પહેલી ફિલ્મમાં રવિ કિશને કર્યું હતું. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર જહાન્વી કપૂર અને સિદ્ધાર્થ મલ્હોત્રાની પરમ સુંદરી સાથે ટક્કર લેશે. જે મેડોક ફિલ્મ્સના દિનેશ વિજાન દ્વારા પ્રોડ્યુસ અને તુશાર જલોટા દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે. એ ફિલ્મ પણ ૨૫ જુલાઈએ રિલીઝ થશે.

# સોનાની સાવરણીથી રથની સફાઈ સેવાની પરંપરા નિભાવી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ભગવાન જગન્નાથજીનો રથ ખેંચ્યો

**અમદાવાદ ખાતેની ભગવાન જગન્નાથજીની રથયાત્રા કોમી એખલાસનું પ્રતીક બની છેઃ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ**







(સંપૂર્ણ સમાચાર સેવા)

**અમદાવાદ, તા.૨૭**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અષાઢી બીજના પાવન અવસરે અમદાવાદ ખાતે ભગવાન જગન્નાથજીની ૧૪૮મી રથયાત્રાને પ્રસ્થાન કરાવતા પૂર્વે વહેલી સવારે મંદિર પરિસરમાં ભગવાન જગન્નાથજીના રથનું અને ભગવાનનું પૂજન-અર્ચન કર્યું હતું. ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં પ્રતિવર્ષ મુખ્યમંત્રી ભગવાનના રથની પહિંદ વિધિ સંપન્ન કરીને રથયાત્રાને પ્રસ્થાન કરાવતા હોય છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે એ પરંપરા આગળ વધારતા સતત ચોથી વખત ભગવાન જગન્નાથજીના રથની સોનાની સાવરણીથી સફાઈ કરી પહિંદ વિધિ સંપન્ન કરી હતી. ત્યાર બાદ મુખ્યમંત્રીશ્રી ભગવાન જગન્નાથજીનું પૂજન-અર્ચન કરીને ભગવાનના મુખ્ય રથને નિજ મંદિરથી નગરયાત્રા માટે પ્રસ્થાન કરાવવા મંદિર પરિસરમાંથી ભક્તિભાવપૂર્વક બહાર લાવવામાં સહભાગી થયા હતા. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, સહકાર રાજ્યમંત્રી જગદીશભાઈ વિશ્વકર્મા, અમદાવાદ મ્યુનિ. કોર્પો.નાં મેયર પ્રતિભાબેન જૈન પણ આ વિધિમાં ભક્તિભાવપૂર્વક સહભાગી થયા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રથયાત્રાના પર્વની સૌ નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે અષાઢી બીજના પાવન અવસરે ભગવાનનાં દર્શન, આરતી અને રથયાત્રાને પ્રસ્થાન કરાવવાનો અવસર મળવાને પોતાનું સદભાગ્ય ગણાવ્યું હતું. મુખ્યમંત્રીએ ભગવાન જગન્નાથની ૧૪૮મી રથયાત્રા પ્રસંગે રાજ્યના સૌ નાગરિકોને શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું કે ભગવાન જગન્નાથજી દરિદ્રનારાયણ છે અને શ્રમિકોના આરાધ્ય દેવ પણ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિકસિત ભારતનો સંકલ્પ લીધો છે, ત્યારે વિકસિત ગુજરાતથી વિકસિત ભારત માટે ભગવાન જગન્નાથજી સૌને ખૂબ શક્તિ આપે, તેવી પ્રાર્થના પણ ભગવાન સમક્ષ કરી છે તેમ તેમણે જણાવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે અમદાવાદ ખાતેની ભગવાન જગન્નાથજીની રથયાત્રા કોમી એખલાસનું પ્રતીક બની રહી છે. મુખ્યમંત્રીશ્રીએ અષાઢી બીજ નિમિત્તે દેશવિદેશમાં વસતાં સર્વે કચ્છી માડુઓને કચ્છી નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જગન્નાથ મંદિર ખાતે મંગળા આરતી કરી



**મંગળા આરતીમાં ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવી, સહકાર રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્મા પણ થયા સહભાગી**

(સંપૂર્ણ સમાચાર સેવા)

**અમદાવાદ, તા.૨૭**

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે ૧૪૮મી રથયાત્રાના પાવન અવસરે અમદાવાદના સુપ્રસિદ્ધ શ્રી જગન્નાથ મંદિરમાં મંગળા આરતીમાં સહભાગી થઈ, ભક્તિભાવપૂર્વક દર્શન કર્યાં હતા. દેશભરના લાખો ભક્તોમાં ભગવાન જગન્નાથ પ્રત્યે દૃઢ આસ્થા છે. પ્રતિ વર્ષ અષાઢી બીજના પાવન દિવસે ભગવાન જગન્નાથજી પ્રતિવર્ષ પોતાના ભક્તોને દર્શન આપવા સામે ચાલીને નગરયાત્રાએ નીકળે છે. ત્યારે રથયાત્રા પૂર્વે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સપરિવાર ભગવાન જગન્નાથજીની મંગળા આરતી કરી પૂજા-અર્ચના કરી હતી. અમદાવાદ શહેર જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાત માટે આસ્થાના પ્રતીકસમાન આજની રથયાત્રાના આ પાવન અવસરે અમદાવાદ મંદિરના મહંત દિલીપદાસજી, અખિલ ભારતીય સંત સમિતિના અધ્યક્ષ અવિચલદાસજી, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી તથા સહકાર રાજ્યમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા, સ્થાનિક ધારાસભ્યો, સંતો- મહંતો તેમજ ભાવિક ભક્તો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## મુખ્યમંત્રીએ CM ડેશબોર્ડ પરથી રથયાત્રાનું રિયલ મોનિટરિંગ નિહાળ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા) **અમદાવાદ,તા. ૨૭**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદની ૧૪૮મી જગન્નાથ રથયાત્રાના અમદાવાદ શહેરમાં ભ્રમણ તેમજ રથયાત્રાના સંચાલનનું રિયલ ટાઈમ મોનિટરીંગ મુખ્યમંત્રી નિવાસસ્થાનના સી.એમ.ડેશ બોર્ડની વિડિયો વોલ પર જીવંત પ્રસારણ નિહાળીને કર્યું હતું. તેમણે સવારે જગન્નાથ મંદિરથી રથયાત્રાને પહિંદ વિધિ કરીને પ્રસ્થાન કરાવ્યું હતું અને ત્યારબાદ મુખ્યમંત્રી નિવાસ સ્થાને પહોંચીને બપોરે વીડિયો વોલ પરથી આ રથયાત્રા રૂટનું નિરીક્ષણ, રથના લોકેશન, પોલીસ દ્વારા એ.આઈ. અને ડ્રોન ટેકનોલોજીના ઉપયોગથી કરવામાં આવી રહેલી રથયાત્રાની નિગરાની અને સલામતી વ્યવસ્થાની તલસ્પર્શી જાણકારી મેળવી હતી. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે મુખ્ય સચિવ પંકજ જોષી, મુખ્યમંત્રીના અને ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ એમ.કે.દાસ, પોલીસ મહાનિદેશક વિકાસ સહાય તેમજ પોલીસ, મહાનગરપાલિકા તથા આઈ.સી.ટી. ટીમના અધિકારીઓ પણ જોડાયા હતા.

**ભારત-ચીન બોર્ડર વિવાદનો કાયમી ઉકેલ!**

## રક્ષા મંત્રી રાજનાથ સિંહે ચીની મંત્રી સાથે કરી મહત્ત્વપૂર્ણ બેઠક



(સંપૂર્ણ સમાચાર સેવા)

**નવી દિલ્હી, તા. ૨૭**

રક્ષા મંત્રી રાજનાથ સિંહ હાલ ચીનમાં SCO સમિટમાં હાજરી આપવા માટે ગયા છે. આ દરમિયાન તેમની મુલાકાત ચીનના રક્ષા મંત્રી એડમિરલ ડોન્ગ જૂન સાથે પણ થઈ છે. આ મુલાકાત દરમિયાન LAC વિવાદ પર વિસ્તારથી ચર્ચા થઈ. બંને દેશો વચ્ચે કેવી રીતે સહયોગ વધે તેને લઈને પણ મંથન થયું છે. મહત્ત્વની વાત એ છે કે પહેલીવાર એક જાહેર કરાયેલા નિવેદન ‘Permanent De-escalation’ શબ્દનો ઉપયોગ થયો છે. અત્યાર સુધી માત્ર વાતચીત દ્વારા એકબીજાના વિશ્વાસથી શાંતિ સ્થાપવાની વાત થતી હતી, પરંતુ આ પહેલીવાર છે, જ્યારે ‘Permanent De-escalation’ શબ્દનો ઉપયોગ થયો છે. અંદાજ લગાવવામાં આવી રહ્યો છે કે હવે કોઈ મોટો નિર્ણય લેવાશે. મુલાકાત દરમિયાન રક્ષા મંત્રી રાજનાથ સિંહે સ્ટ્રક્ચર્ડ રોડમેપ દ્વારા તણાવ ઓછો કરવાની વાત કરી છે. રાજનાથ સિંહે સ્વીકાર કર્યો છે કે છેલ્લા કેટલાક સમયથી સંબંધો સામાન્ય કરવાના પ્રયાસ થયા છે. ૨૦૨૦ના સ્ટેન્ડઓફ બાદ જે અવિશ્વાસ ઉત્પન્ન થયો હતો, જેને દૂર કરવો જરૂરી છે.

## ગુજરાત હાઈકોર્ટની સુનાવણીઃ યુવકે ટોયલેટમાં બેઠાં બેઠાં હાજરી આપી

(સંપૂર્ણ સમાચાર સેવા)

**અમદાવાદ,તા.૨૭:** ગુજરાત હાઈકોર્ટમાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા એક કેસની સુનાવણી ચાલી રહી હતી. આ કાર્યવાહી દરમિયાન, એક વ્યક્તિ ટોયલેટમાં શૌચ કરતો જોવા મળ્યો હતો. બાર એન્ડ બેન્ચના અહેવાલ મુજબ, આ ઘટના ૨૦ જૂનની છે. જસ્ટિસ નિરઝર એસ દેસાઈની બેન્ચ કેસની સુનાવણી કરી રહી હતી, જે દરમિયાન આ ઘટના બની હતી. વાયરલ વીડિયોમાં શરૂઆતમાં ‘સમદ બેટરી’ તરીકે લોગ ઈન થયેલા માણસનો ક્લોઝઅપ બતાવવામાં આવ્યો છે, જેણે તેના ગળામાં બ્લૂટૂથ ઈયરફોન પહેર્યા છે. બાદમાં તે પોતાનો ફોન દૂર રાખે છે, જેમાં ચોખ્ખું દેખાય છે કે, તે ટોયલેટ સીટ પર બેઠો છે. વીડિયોમાં તે પોતાને સાફ કરતો અને પછી વોશરૂમમાંથી બહાર નીકળતો જોવા મળે છે. પછી તે થોડા સમય માટે સ્ક્રીનથી દૂર જાય છે અને પછી એક રૂમમાં ફરી દેખાય છે. કોર્ટના રેકોર્ડ મુજબ, તે માણસ FIR રદ કરવાની માંગણી કરતા કેસમાં પ્રતિવાદી તરીકે હાજર થયો હતો. તે ફોજદારી કેસમાં ફરિયાદી હતો. પક્ષકારો વચ્ચે સુમેળભર્યા સમાધાન બાદ કોર્ટે FIR રદ કરી હતી. ઓનલાઈન કોર્ટ કાર્યવાહી દરમિયાન અયોગ્ય વર્તનનો આ પહેલો કેસ નથી. એપ્રિલની શરૂઆતમાં, એક વ્યક્તિ વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા હાજરી દરમિયાન સિગારેટ પીતો જોવા મળ્યો હતો. ગુજરાત હાઈકોર્ટે એપ્રિલમાં તે માણસ પર ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. તેવી જ રીતે, માર્ચમાં, દિલ્હીની એક કોર્ટે એક અરજદારને સમન્સ પાઠવ્યું હતું, જે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા તેના કેસ માટે હાજર રહેતી વખતે સિગારેટ પીતો જોવા મળ્યો હતો.

**(છેલ્લા પાનાનું ચાલુ)**

**પારડીના પરિયા ગામની...**

અંતે મંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રીના વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવા સૌ સાથે મળી વિકાસની રાહમાં પોતાનું યોગદાન આપીએ એવું આહ્વાન કર્યું હતું.

મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ આંગણવાડીના ભૂલકાઓનું સૌપ્રથમ નામાંકન કરાવ્યું હતું. આ વેળા તેમણે વ્હાલથી ભૂલકાંઓને ઉંચકી લઈ મધુર સંવાદ કર્યો હતો. ત્યારબાદ ધો.૧ના બાળકોનો શાળા પ્રવેશોત્સવ કરાવ્યો હતો. ત્રણેય શાળાના વિદ્યાર્થીઓએ વૃક્ષારોપણ, બેટી બચાઓ, બેટી પઢાવો, કન્યા કેળવણી અને યોગના મહત્વ અંગેના વિષય પર વક્તવ્ય આપ્યું હતું. જેની મંત્રીશ્રીએ પ્રસંશા કરી બાળકો શિક્ષણ મેળવી પ્રગતિ કરે એવી શુભેચ્છા પાઠવી હતી. તેજસ્વી વિદ્યાર્થીઓ તેમજ ૧૦૦ ટકા હાજરી ધરાવનાર વિદ્યાર્થીઓના વાલી અને સરકારની વિવિધ યોજના હેઠળ પરીક્ષાના મેરીટમાં આવી સ્કોલરશિપ મેળવનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કન્યાઓને વિદ્યા લક્ષ્મી બોન્ડનું પણ વિતરણ કરાયું હતું. બાળકોએ સુરમય સંગીત સાથે મધુરકંઠે સ્તુતિ રજૂ કરી હતી. મહાનુભાવોનું સ્વાગત પુસ્તકોની ભેટ સાથે કરવામાં આવ્યું હતું. મંત્રીશ્રીએ શાળા પરિસર અને કમ્પ્યુટર લેબની મુલાકાત લઈ એસએમસીના સભ્યો સાથે બેઠક કરી વિદ્યાર્થીઓ અને શાળાના વિકાસ માટે ચર્ચા કરી માર્ગદર્શન આપ્યું હતું.

પરિયા મુખ્ય શાળા ખાતે આંગણવાડીમાં ૬ કુમાર અને ૮ કન્યા મળી ૧૪ બાળકો, બાળવાટીકામાં ૫ કુમાર અને ૫ કન્યા મળી કુલ ૧૦ બાળકો, ધો. ૧માં ૧૪ કુમાર અને ૧૦ કન્યા મળી ૨૪ બાળકો, ધો. ૬માં ૧૭ અને ધો.૯માં ૩૬ બાળકો, પરિયા બરવાડી પ્રાથમિક શાળા આંગણવાડીમાં એક કુમાર, બાલવાટિકામાં બે કુમાર અને એક કન્યા મળી કુલ ૩ બાળક, ધો. ૧માં એક કુમાર, અને ડી.આર.જી.ડી એન્ડ પી.એમ.જે માધ્યમિક શાળામાં ધો. ૯માં ૮૦ કુમાર અને ૭૦ કન્યા મળી કુલ ૧૫૦ વિદ્યાર્થીઓનો મંત્રીશ્રીના હસ્તે ભેટ શૈક્ષણિક કિટ આપી વાજતે ગાજતે શાળામાં પ્રવેશ કરાવવામાં આવ્યો હતો.

આ પ્રસંગે પરિયા ગામના સરપંચ ડિમ્પલબેન પટેલ, ડુંગરી ગામના સરપંચ રવિન્દ્ર પટેલ, ખાણ અને ખનીજ ઉદ્યોગ વિભાગના ઉપસચિવશ્રી નિલેશભાઈ મોદી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ડૉ.રાજેશ્રી ટંડેલ, પારડી તાલુકા વિકાસ અધિકારીશ્રી વિશાલ પટેલ, ગ્રામ પંચાયતોના સભ્યો, એસએમસીના અધ્યક્ષ-સભ્યો, શિક્ષણવિદો, વાલીઓ, પરિયા વિભાગ કેળવણી મંડળના સભ્યો અને ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન બાળકોએ કર્યું હતું. સ્વાગત પ્રવચન અને આભારવિધિ ત્રણેય શાળાના આચાર્યો અને શિક્ષકે કરી હતી.

**(છેલ્લા પાનાનું ચાલુ)**

**ઝરોલી- નગવાસ રોડ...**

આ હુકમ મુજબ તા.૨૭/૦૬/૨૦૨૫ થી તા.૩૦/૦૬/૨૦૨૫ સુધી નગવાસ પટેલપાડા ખાતે આવેલા ક્રોસીંગ બ્રીજના કામ માટે ઝરોલી એમએસએન નગવાસ રોડ પરથી તમામ પ્રકારના વાહનોના આવન-જાવન માટે પ્રતિબંધીત માર્ગ તરીકે જાહેર કરવામાં આવે છે. ડાયવર્ઝન અંગેની વિગત જોઈએ તો, ઝરોલી થી નગવાસ જવા તથા આવવા માટે ઝરોલી-ભિલાડ રોડ ઉપર થઈને આવન-જાવન કરી શકાશે.

આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ગુજરાત પોલીસ અધિનિયમ - ૧૯૫૧ની કલમ - ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે અને આ હુકમનો ભંગ થયેથી વલસાડ જિલ્લામાં ફરજ બજાવતાં પોલીસ સબ ઈન્સ્પેક્ટરથી નાયબ પોલીસ અધિક્ષક સુધીનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે.

# વાપી છરવાડા અનાવિલ ઉત્કર્ષ મંડળનું સ્નેહમિલન અને સામાન્ય સભા સંપન્ન







**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**

**વાપી, તા.૨૭**

વલસાડ તાલુકાનાં મૂળ છરવાડા ગામનાં અને હાલમાં વિવિધ શહેરોમાં વસતા છરવાડા ગામના અનાવિલોનું એક મંડળ છરવાડા અનાવિલ ઉત્કર્ષ મંડળના નામે ચાલે છે. જેનો સ્નેહમિલન કાર્યક્રમ અને સામાન્ય સભા ઈચ્છા બા અનાવિલ વાડીમાં શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ હતી.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી. ત્યારબાદ ગામના વડીલોનું પુષ્પગુચ્છથી ગામની બહેનોએ સ્વાગત કર્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં ગામનાં દરેક પરિવારે પોતપોતાનો ઘરનાં સભ્યોનો પરિચય આપ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં ગામનાં વડીલ અને મંડળનાં ઉપપ્રમુખ નીલકંઠ દેસાઈએ કાર્યક્રમની રૂપરેખા આપી હતી.

ગામનાં યુવા કાર્યકર અને મંડળના સભ્ય ભાવિનભાઈ દેસાઈએ ગામ વિશે માહિતી આપી કાર્યક્રમનું સફળ સંચાલન કરી આજની યુવા પેઢી માટે પ્રેરણાત્મક ઉદ્બોધન કર્યું હતું. મંડળનાં અન્ય સભ્ય પિયુષભાઈ દેસાઈએ ગામની છેલ્લા બત્રીસ વર્ષની જુદી યાદી વાગોળી રસપ્રદ માહિતી આપી હતી. જેમાં હાલની પેઢીને ભારે રસ પડ્યો હતો.

આ સ્નેહમિલન કાર્યક્રમમાં મુંબઈ, પાલઘર, વલસાડથી પધારેલ ગ્રામજનોએ પોતપોતાનું મંતવ્ય રજૂ કરી આર્થિક સહાયની જાહેરાત કરી હતી જેને સૌ ગ્રામજનોએ ઉત્સાહપૂર્વક વધાવી હતી. આજના આ કાર્યક્રમમાં છરવાડા ઉત્કર્ષ મંડળના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે રમણલાલ ધીરૂભાઈ નાયક, ઉપપ્રમુખ તરીકે નીલકંઠભાઈ મણીભાઈ દેસાઈ અને મંત્રી તરીકે ઉદય અશોકભાઈ નાયકની વરણી કરવામાં આવી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પિનલ દેસાઈ, ભાવિન દેસાઈ, પિયુષ દેસાઈએ ભારે જહેમત ઉઠાવી હતી. આભારવિધિ ભાવિન દેસાઈએ કરી હતી.

## વાણિયામીલ હાઈસ્કૂલ આતલીયામાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવની ઉજવણી કરાઈ



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**

**ચીખલી(વંકાલ), તા.૨૭**

તારીખ ૨૬/૬/૨૦૨૫ને વાર ગુરૂવારના રોજ વાણિયામીલ હાઈસ્કૂલ આતલીયામાં પ્રવેશ ઉત્ત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં રાજ્યકક્ષાના પદાધિકારી તરીકે કુમારી શ્રીમતી દીપાલી એમ. પટેલ ઉપસચિવ એડમિનિસ્ટ્રેશન ગાંધીનગર ગુજરાત, કુમારી શ્રીમતી પ્રાચી દોશી ચીફ ઓફિસર શ્રી ગણદેવી, સી.આર.સી શ્રી સંદીપભાઈ તેમજ શ્રી જીગ્નેશભાઈ પૂર્વ તાલુકા પ્રમુખ શ્રીમતી રેખાબેન, શાળા મંડળના સભ્યો શ્રી રમણકાકા અને શ્રી મોહનભાઈ તેમજ આરોગ્યની સંપૂર્ણ ટીમ તેમજ આમંત્રિત મહેમાનો તથા વાલી મિત્રો સર્વે મહાનુભવો ઉપસ્થિત રહ્યા હતા અને બાળકોને પ્રેરણા પૂરી પાડી બાળકોમાં નવો જોશ ભર્યો હતો. પ્રારંભિક ઉદ્બોધનમાં શાળાના આચાર્ય શ્રી વિજયભાઈ ચૌહાણે સરકાર સમાજ અને શિક્ષણના સમન્વયને પ્રવેશોત્સવ ગણાવ્યો હતો.

મહેમાનો દ્વારા દીપ પ્રાગટ્યથી શરૂઆત કરી અને શાળાના બાળકો દ્વારા પ્રાર્થના કરવામાં આવી હતી. ત્યારબાદ મહેમાનોનું સન્માન શાળાના બાળકો દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની અંદર જ્ઞાન સાધના એનએમએમએસ તથા સરકારની અન્ય સ્કીમોની સમજૂતી આપવામાં આવી હતી. બાળકોનું સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૦૦ ટકા હાજરી અને પ્રથમ, દ્વિતીય, તૃતીય એકમ મેળવનાર વિદ્યાર્થીઓ તેમજ રાજ્ય કક્ષાએ રાષ્ટ્ર કક્ષાએ વિશિષ્ટ સિદ્ધિ મેળવેલા બાળકોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. બાળકોને શિક્ષણ કીટ વિતરણ કરવામાં આવી હતી તેમજ પૂરક પોષણરૂપે હળવો નાસ્તો આપવામાં આવ્યો હતો, વૃક્ષારોપણ, મહેમાનોનું પ્રેરક ઉદ્બોધન બાદ બાળકોને માર્ગ સલામતી તેમજ ડ્રગ અવેરનેસ માટે શપથ લેવડાવવામાં આવ્યા હતા.

શાળા મંડળના એસએમડીસીના સભ્યો સાથે શૈક્ષણિક બાબતોની ચર્ચા વિચારણા બાદ કાર્યક્રમના અંતે પ્રવેશોત્સવને સફળ બનાવવામાં ભાગીદાર ગ્રામજનો વાલી મિત્રો તથા વિશેષ આરોગ્યની ટીમનો શાળા પરિવાર વતી આભાર માનવામાં આવ્યો હતો

**ગ્રામ વિકાસ યુવા મંડળ દ્વારા**

## વલસાડ મોગરાવાડી સુકી તલાવડી પ્રાથમિક શાળામાં ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓને વિનામૂલ્યે નોટબુકનું વિતરણ કરાયું

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**

**વાપી, તા.૨૭**

કાંઠા વિભાગના યુવાઓ માટે કાર્યરત અને શૈક્ષણિકક્ષેત્રે વિદ્યાર્થીઓ માટે ઉપયોગી થતું ગ્રામ વિકાસ યુવા મંડળ દ્વારા ચાલુ વર્ષે વલસાડ મોગરાવાડી ખાતે સુકી તલાવડી પ્રાથમિક શાળામાં ૧૫૦ જેટલા વિદ્યાર્થીઓને વિનામૂલ્યે નોટબુકનું વિતરણ શાળાનાં આચાર્ય, શિક્ષકોની ઉપસ્થિતિમાં ગ્રામ વિકાસ મંડળનાં પ્રમુખ નીલકંઠભાઈ મણીભાઈ દેસાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.

મંડળ દ્વારા છેલ્લા ૧૨ વર્ષથી સુકી તલાવડી પ્રાથમિક શાળાને વિનામુલ્યે નોટબુક આપતું આવ્યું છે. શાળામાં મધ્યમ વર્ગના વાલીઓનાં બાળકો અભ્યાસ અર્થે આવે છે તેમનાં માટે નોટબુક એક રાહત સમાન છે. આજે શિક્ષણ મોઘું થતું જાય છે, નોટબુકની કિંમત આસમાને છે તેવા સંજોગોમાં આવી સહાય બાળકો અને વાલીઓ માટે આશીર્વાદ સમાન છે.

ગ્રામ વિકાસ મંડળનું પોતાનું ખાસ ભંડોળ નથી પરંતુ છેલ્લા કેટલાક સમયથી દાન-દાતાઓ તરફથી શૈક્ષણિક સહાય માટે દાન મળતું રહે છે. આ વર્ષે સુરત પરબનાં હીરલ હીતેશ દેસાઈ તરફથી પાંચ હજાર રૂપિયા, એકતા નિલકંઠ દેસાઈ વલસાડ તરફથી પાંચ હજાર રૂપિયા, પૂજા નિલકંઠ દેસાઈ તરફથી પાંચ હજાર રૂપિયા નોટબુક સહાય માટે દાન મળેલ છે. ભવિષ્યમાં પણ આવા ગરીબ વિદ્યાર્થીઓ કે જેઓ શિક્ષણથી વંચિત ન રહે અને આગળ વધું અભ્યાસ કરે તે માટે દાનદાતાઓ આગળ આવી રહ્યા છે. ગ્રામ વિકાસ મંડળે સૌ દાન દાતાઓનો અંતઃકરણ પૂર્વક આભાર માન્યો છે.

**Government Engineering College, Varkund, Nani Daman – 396 210.**

Admission Notice of **Diploma to Degree Engineering** at Government Engineering College, under U.T. Administration of Dadra & Nagar Haveli and Daman & Diu for the academic year 2025-26.

ID No7.1-TRG-GEC/ADMISSION/DIPLOMATO DEGREE/ 2025-26/335 Dated: 26/06/2025

Starting date: 27/06/2025

--sd--
Dr. Avinash R. Chaudhari
Principal,
GEC, Daman.

www.ddd.gov.in
www.dhtednhdd.in
www.govtenggcollegedaman.org.in

No. IP/DMN/2/5/2025-26/585, Dated: 26/06/2025

**U. T. ADMINISTRATION OF DADRA & NAGAR HAVELI AND DAMAN & DIU**

**DIU MUNICIPAL COUNCIL - DIU**
**LIMITED TENDER NOTICE**

**HIRING OF INNOVA WITH A.C. FACILITY ALONG WITH DRIVER (WITHOUT DIESEL CHARGES) AS PER TERMS AND CONDITIONS**

| | |
|---|---|
| Limited Tender Notice No. | : 71-9-2024-2025/MMV/Car Hire/284 |
| Date of Tender Notice Issuance | : 26/06/2025, 10.30 AM |
| Last Date of Physical Bid Submission | : 04/07/2025, 05:00 PM |
| Date of Bid Opening | : 04/07/2025, 06:00 PM |

www.diu.gov.in
dmc-diu-dd@nic.in
02875-252126

**Chief Officer, Diu Municipal Council, Diu**

No. IP/DMN/2/5/2025-26/586, Dated: 26/06/2025

વર્તમાન પ્રવાહ વાંચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. વર્તમાન પ્રવાહ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રિન્ટર, પબ્લિશર, તંત્રી, વર્તમાન પ્રવાહ જૂથ પબ્લિકેશનના માલિક તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.- વ્યવસ્થાપક

Owner, Publisher, Printer & Editor: Mukesh H. Gosavi, Printed at Vartman Pravah Offset Division :- 17-Sapphair Industrial Park, Dabhel, Nani Daman (U.T.), Publication Place : 92 Damanwada, Bhamti, Moti Daman, Daman (U.T.)

સવારની ચા સાથે તો માત્ર

તમારી લાગણીનું પ્રતિબિંબ પાડતું સંઘપ્રદેશનું સર્વપ્રથમ દૈનિક

# વર્તમાન પ્રવાહ






# જગ સર્જનહાર જગન્નાથ શહેરની શેરીઓમાં ભ્રમણે નિકળ્યા: વરસતા વરસાદમાં વાપી-વલસાડમાં રથયાત્રા નિકળી

## શણગારેલા રથોમાં બિરાજેલા જગન્નાથ, ભાઈ બલદેવ અને બેન સુભદ્રાના દર્શન માટે વરસતા વરસાદમાં ભક્તોની હેલી ચઢી









**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૭**

ભગવાન વિષ્ણુના એક અવતાર શ્રી કૃષ્ણ સ્વરૂપ એટલે ભગવાન જગન્નાથ અષાઢ સુદ-બીજના પાવન પર્વે ભારતભરમાં જગન્નાથ મંદિરોથી ભગવાન જગન્નાથની રથયાત્રા નિકળે છે. તે અંતર્ગત આજે વાપી વલસાડમાં ભગવાન જગન્નાથની ભવ્ય રથયાત્રા નિકળી હતી. સદૈવ અષાઢી સુદ-બીજના દિવસથી મેઘરાજાનો વૈભવ પ્રકૃતિ સૌંદર્ય સ્વરૂપે પ્રગટે છે. ભગવાન જગન્નાથ પોતે સર્જેલ અષાઢી સૌંદર્યને માણવા જનતા જનાર્ધન ઉપર કૃપાદૃષ્ટિ વરસાવવા ભાઈ બલદેવ, બહેન સુભદ્રા સાથે નગરયાત્રાએ નિકળે છે. એ આસ્થા, પરંપરા શતાબ્દિથી જીવંત રહી છે. રથમાં બિરાજેલા ભગવાનના દર્શન માટે વાપી-વલસાડમાં વરસતા વરસાદમાં ભક્તોની હેલી ઉમટી પડી હતી.

વાપીમાં ત્રણ રથયાત્રા નિકળી હતી. ડુંગરા ભગવાન જગન્નાથ મંદિરેથી છરવાડા ખોડિયાળ માતા મંદિરેથી અને ત્રીજી પાટીદાર વાડીથી ઈસ્કોનની રથયાત્રા નિકળી હતી. રથમાં બિરાજમાન ભગવાન જગન્નાથજી, બહેન સુભદ્રાજી અને ભાઈ બલદેવજીના દર્શન કરવા ભક્ત મહેરામણ વરસતા વરસાદમાં છત્રીઓના સથવારે ભગવાનના દર્શનનો લાભ લીધો હતો. વલસાડમાં જગન્નાથ મંદિરેથી પરંપરાગત રથયાત્રા નિકળી હતી. ભગવાનના શણગારેલા રથ શહેરની શેરીઓમાં નિયત પરિક્રમા કરી હતી. વાપીમાં નાણામંત્રી કનુભાઈ દેસાઈ, ધારાસભ્ય રમણલાલ પાટકર અને મહાનુભાવોએ રથયાત્રાનું ભક્તિભાવ પૂર્વક પ્રસ્થાન કરાવ્યું હતું. ચુસ્ત પોલીસ બંદોબસ્ત, ડી.જે.ના તાલની રમઝટ સાથે ભક્તો ઢોલ-નગારા સાથે ઝુમી રહ્યા હતા. તમામ રથયાત્રા પરિક્રમા પૂર્ણ થયા બાદ આરતી, મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, ભારતની મુખ્ય રથયાત્રા જગન્નાથપુરી ઓરિસ્સામાં નિકળે છે. જગન્નાથપુરી ચારધામ પૈકીનું એક ધામ છે. દિવસો સુધી રથયાત્રા પરિભ્રમણ કરે છે. ભારતભરના શ્રધ્ધાળુઓ ભગવાન જગન્નાથની દિવ્ય યાત્રાના દર્શન કરવા પ્રતિ વર્ષે લાખોની સંખ્યામાં ઉમટી પડે છે.

## રાજ્યના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને

# પારડીના પરિયા ગામની ત્રણ શાળામાં વિદ્યાર્થીઓનો વાજતે ગાજતે હર્ષોલ્લાસભેર પ્રવેશ કરાવાયો

## સરકારી શાળામાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓની સંખ્યા સાથે ઉત્સાહ પણ વધી રહ્યો છે, જે માટે વાલીઓ અભિનંદનને પાત્ર છે: મંત્રી કનુભાઈ દેસાઈ







**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૨૭**

રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને વલસાડ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત પારડી તાલુકાના પરિયા ગામની પરિયા મુખ્ય શાળા, પરિયા બરવાડી પ્રાથમિક શાળા અને ડી.આર.જી.ડી એન્ડ પી.એમ.જે માધ્યમિક શાળામાં કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવની ૨૩મી કડીની હર્ષોલ્લાસભેર ઉજવણી થઈ હતી.

રાજ્ય સરકારના ફ્લેગશીપ કાર્યક્રમ એવા શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણીના બીજા દિવસે શાળામાં પ્રવેશ મેળવનાર બાળકોના વાલીઓને અભિનંદન આપતા મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, સરકારી શાળામાં પ્રવેશ માટે વિદ્યાર્થીઓની સંખ્યા સાથે ઉત્સાહ પણ વધી રહ્યો છે, તે માટે વાલીઓ અભિનંદનને પાત્ર છે કે, જેમણે સરકારી શાળા પર વિશ્વાસ મુક્યો છે. જે બાળકમાં પ્રતિભા છે તેને તક આપવામાં આવે તો તે ચોક્કસ આગળ વધી શકે છે. ક્લાઈમેટ ચેન્જ અંગે મંત્રીશ્રીએ કહ્યું કે, વૃક્ષો રોપી પર્યાવરણને બચાવી શકીએ છે અને આપણા વિસ્તારની શોભા પણ વધારી શકીએ છે. આપણાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ''એક પેડ, માઁ કે નામ'' અભિયાન શરૂ કરાવી દેશવાસીઓને વૃક્ષનું મહત્વ સમજાવ્યું હતું. મંત્રીશ્રીએ બાળકોને રોડ સુરક્ષા બાબતે સમજણ આપી હતી.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીએ સર્વાંગી વિકાસ માટે વાઈબ્રન્ટ ગુજરાત, વનબંધુ યોજના, સાગરખેડુ યોજના સહિતની અનેક મહત્વકાંક્ષી યોજનાઓ સાથે કન્યા કેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવની શરૂઆત કરાવી હતી. જેના ફળસ્વરૂપે રાજ્યભરમાં ગામે ગામ પ્રવેશોત્સવ ઉજવાય રહ્યો છે, ગામડાની સ્કૂલમાં ભણીને બાળકો ધગશ સાથે આગળ વધી શકે છે. દરેક ગામમાં ઘર ઘર સુધી શિક્ષણ પહોંચે અને ડ્રોપ આઉટ રેશિયો ઘટે તે માટે સરકારશ્રીની નમો લક્ષ્મી અને નમો સરસ્વતી યોજનાનો લાભ લઈ દીકરી આગળ વધે અને સમાજ તેમજ રાષ્ટ્રનું નામ રોશન કરે એ આ યોજનાનો હેતુ છે.

-વધુ પેજ નં.૭ પર

### પરિયા મુખ્ય શાળા પરિસરમાં શાળાના નવા મકાનનું કનુભાઈ દેસાઈએ લોકાર્પણ કર્યું



**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**પારડી, તા.૨૭**

પરિયા મુખ્ય શાળા પરિસરમાં રૂ.૧ કરોડ ૬૬ લાખના ખર્ચે નિર્માણ થયેલી શાળાના નવા મકાનનું મંત્રીશ્રીએ રીબીન કાપી લોકાર્પણ કર્યું હતું. શાળાના આ નવા બિલ્ડિંગમાં કુલ ૯ ઓરડામાં હવેથી બાળકો અભ્યાસ કરશે.

## શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ પ્રિ-સ્કૂલ સલવાવમાં

# અષાઢી બીજ શ્રી જગન્નાથ ભગવાનની રથયાત્રાની કરાયેલી ભવ્ય ઉજવણી







**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૭**

શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સલવાવ પ્રિ-સ્કૂલમાં શ્રી જગન્નાથજી ભગવાન રથયાત્રાના કાર્યક્રમનું આયોજન આચાર્યા નીતુ સિંગનાં અધ્યક્ષપણા હેઠળ કરવામાં આવ્યુ હતું. આજે ૨૭/૬/૨૫ ના રોજ, શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ સલવાવ ખાતે અષાઢી બીજ ભગવાન શ્રી જગન્નાથજી રથયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. નર્સરીથી લઈને સિનિયર કેજી સુધીના બાળકોએ આ યાત્રામાં ભાગ લીધો હતો. બાળકોએ ખૂબ જ ઉત્સાહ અને ઉત્સાહ સાથે રથયાત્રાનો આનંદ માણ્યો હતો. જગન્નાથ ભગવાનની મૂર્તિને ટોપલીમાં શણગારવામાં આવી હતી તથા કળશ યાત્રાનું આયોજન કર્યું હતું. આ કળશ યાત્રામાં ''જય જગન્નાથ, જય જગન્નાથ'' ના નારાઓથી શાળા પરિસર ગુંજી ઉઠ્યું હતું. આ પર્વે ભગવાન જગન્નાથની આરતી કરવામાં આવી હતી, ભજન ગવાયા હતા, અને રથયાત્રા નૃત્ય અને ગાયન સાથે બાળકોએ ગરબે પણ ઘૂમ્યા હતા.'' આ રથયાત્રાનું સ્વામિનારાયણ ગુરુકુળ સલવાવની બધી જ શાખા પર રથયાત્રા કાર્યક્રમનું આયોજન કરવામા આવ્યુ હતું.

આ કાર્યક્રમના આયોજન બદલ સંસ્થાના આદ્યસ્થાપક પૂરાણી સ્વામી કેશવચરણદાસજી, મેનેજીંગ ટ્રસ્ટી પૂ.સ્વામી કપિલજીવનદાસજી, સ્વામી રામ કૃષ્ણદાસજી, સ્વામી હરિ કૃષ્ણદાસજી, માધવ કૃષ્ણદાસજી, ટ્રસ્ટીગણ, એકેડેમિક ડાયરેક્ટરશ્રી ડૉ.શૈલેષ લુહાર, એડમીન ડાયરેક્ટર હિતેનભાઈ ઉપાધ્યાય તથા આચાર્યગણ વગેરેએ પ્રિ-સ્કૂલનાં શિક્ષકો અને આચાર્યની કામગીરીને બિરદાવી હતી.

# લાયન્સ ક્લબ વાપી ઉદ્યોગનગરનો શપથવિધી ગ્રહણ સમારોહ યોજાયો



### અધ્યક્ષ તરીકે કિરણ સોખલાની વરણી: કાર્યક્રમમાં વિમેન્સ ક્લબ સહિત અન્ય મહિલા સંગઠન ઉપસ્થિત રહ્યા

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૭**

લાયન્સ કલબ વાપી ઉદ્યોગનગરની નવિન કારોબારીનો શપથ ગ્રહણ સમારોહ યોજાયો. ઉપાસના સ્કૂલ હોલમાં યોજાયેલ સમારોહમાં આગામી ટર્મ માટે વિવિધ હોદ્દેદારોની વરણી કરાઈ હતી.

સ્વાગત પ્રવચન કરતા શ્રીમતી પ્રવિણાબેન શાહે જણાવ્યું હતું કે, પોતાના કાર્યકાળમાં કરવામાં આવેલ સેવાકાર્યોના લેખાજોખા રજૂ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે શ્રીમતી કિરણ સાંખલાના અનુભવી નેતૃત્વમાં પૂરી ટીમ લાયનવાદના સિદ્ધાંત ઉપર ચાલી કલબને ગૌરવ અપાવશે.

આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે એમ.જે.એફ, લાયન શ્રીમતી પ્રિયંકા જૈન રાવલે પૂરી કારોબારીની શપથ ગ્રહણ કરાવ્યા હતા તેમજ કલબમાં પોતાની જવાબદારી અંગે અવગત કર્યા હતા. નવનિયુક્ત અધ્યક્ષ શ્રીમતી કિરણ સોખલાએ પદ ગ્રહણ બાદ જણાવ્યું હતું કે પૂરી ટીમ ઉદ્યોગનગર લાયન્સ કલબની પરંપરાને આગળ વધારશે. સેવાના નવિન કિર્તીમાન સ્થાપિત કરશે. વાપી વિમેન્સ કલબ સહિત અન્ય મહિલા સંગઠન કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. સચિવ શ્રીમતી શીલા સોનગઢવાળાએ આભાર વિધી કરી હતી.

# ઝરોલી - નગવાસ રોડ પર ટ્રાફીક નિયમન અંગે પ્રતિબંધ/ડાયવર્ઝન અંગે જાહેરનામું બહાર પડાયું

**(વર્તમાન પ્રવાહ ન્યુઝ નેટવર્ક)**
**વલસાડ, તા.૨૭**

ઝરોલી એમએસએન નગવાસ રોડ ખાતે આવેલા ક્રોસીંગ બ્રીજને હંગામી ધોરણે બંધ કરી ડાયવર્ઝન આપવા અંગે પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી લાર્સન અને ટુબ્રો લિમિટેડ કન્સ્ટ્રકશન, હેવી સિવિલ ઈન્ફાસ્ટ્રક્ચર દ્વારા ક્રોસિંગ બ્રીજના સુપરસ્ટ્રક્ચરના કામ માટે તા.૧૬/૦૬/૨૦૨૫ થી તા.૨૬/૦૬/૨૦૨૫ સુધી દરખાસ્ત કરવામાં આવી હતી. જે દરખાસ્ત અન્વયે પારડીના સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટશ્રી પાસે પોલીસ વિભાગ, માર્ગ અને મકાન વિભાગ, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી તથા વિભાગીય નિયામકશ્રી એસ.ટી વિભાગના તમામ અધિકારીશ્રીઓ સાથે સંયુક્ત સ્થળ તપાસ કરી ડાયવર્ઝન આપવા અંગે જાહેરનામું બહાર પાડવા અભિપ્રાય મંગાવવામાં આવ્યો હતો. તેઓ તરફથી ઝરોલી એમએસએન નગવાસ રોડ પાસેના ક્રોસીંગ બ્રીજને હંગામી ધોરણે બંધ કરી ''ઝરોલી એમએસએન નગવાસ રોડને વર્તમાન રોડથી અંદાજિત ૩ કિ.મી સુધી'' ડાયવર્ઝન આપવા જાહેરનામું બહાર પાડવા હકારાત્મક અભિપ્રાય આપવામાં આવ્યો હતો.

પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી લાર્સન અને ટુબ્રોએ ચોમાસું હોવાથી જાહેરનામાની મુદત લંબાવવા વિનંતી કરી હતી. જે ધ્યાને લેતા ઝરોલી એમએસએન નગવાસ રોડ પાસેના ક્રોસીંગ બ્રીજને હંગામી બંધ કરી ડાયવર્ઝન આપવું હિતાવહ જણાતા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી એમ.ડી.ચુડાસમાએ ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ (૨૨માં)ની કલમ-૩૩ની પેટા કલમ-૧ (બી) અન્વયે મળેલી સત્તાની રૂએ જાહેરનામુ બહાર પાડ્યું છે.

-વધુ પેજ નં.૭ પર

# વલસાડ ડીજીવીસીએલના અધિકારીએ વ્હોટ્સએપ ગ્રૂપમાં બિભત્સ વીડિયો વાયરલ કરતા ખળભળાટ મચ્યો

**(વર્તમાન પ્રવાહ વાપી બ્યુરો)**
**વાપી, તા.૨૭**

વલસાડ ડીજીવીસીએલના વ્હોટ્સએપ ગૃપમાં એક ઉચ્ચ અધિકારી દ્વારા કથિત બિભિત્સ વીડિયો વાયરલ કર્યાના આક્ષેપો થતાં વિજકંપનીની મહિલા સહિતના અધિકારી-કર્મચારીના ઘૃણા સાથે ખળભળાટ મચી જવા પામ્યો છે.

વલસાડ ડીજીવીસીએલ ડુંગરા પેટા વિભાગમાં નાયબ અધિક્ષક તરીકે ફરજ બજાવતા કમલેશ લંગારીયા દ્વારા કથિત બિભિત્સ વીડિયો ઓફિસના કામકાજ માટેના વ્હોટ્સએપ ગૃપમાં વાયરલ કરાતા ભારે હંગામો મચી ગયો છે.

### ગૃપની મહિલા અધિકારી, કર્મચારી સભ્યોની ક્ષોભજનક બનેલી સ્થિતિ

ભૂતકાળમાં ગંભીર ગેરરીતિઓ, નાણાંકીય ભ્રષ્ટાચારો માટેની સંડોવણી થયેલ આ અધિકારી સામે ખાતાકીય તપાસ પણ ચાલું છે. ગૃપમાં મહિલા અધિકારી, કર્મચારી હોવાથી બિભત્સ વીડિયો મોબાઈલ ગૃપમાં જોતા ક્ષોભજનક સ્થિતિમાં મુકાઈ ગઈ છે. પરિવારમાં કોઈની પાસે પણ મોબાઈલ આવી જાય તો નાલેશી ઉભી થતી હોવાનું મહિલા કર્મચારીઓ અનુભવી રહી છે. અશ્લીલ વીડિયો ઉચ્ચ અધિકારી દ્વારા વાયરલ કરવામાં આવતા સમગ્ર વિજકંપનીના કર્મચારી અધિકારીઓમાં હંગામો મચી ગયો છે. જોવું એ રહ્યું કે અધિકારી કમલેશ લંગારીયા સામે કેવી કાર્યવાહી થાય છે?